◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફટથી સ્વીકારવામાં આવે છે.

◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

# કોડિયું

વર્ષ : ૭૩ સપ્ટેમ્બરઃ ૨૦૧૯ અંક : ૦૨

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | વેદકાલીન શિક્ષણ | - ભાણદેવજી | ૪૯ |
| ૦૨ | વિભૂતિઓની નજરે ગાંધીજી... | - દિનુ ચુડાસમા | ૫૫ |
| ૦૩ | ગાંધીજીઃ અન ટુ ધીસ લાસ્ટના માર્ગે | - હિરજી નાકરાણી | ૫૭ |
| ૦૪ | સરવાણી સેવાતણી : | | |
| | મુક્તાબહેન સંઘવી | - રમેશ સંઘવી | ૬૫ |
| ૦૫ | અરવિંદ પી. ત્રીવેદી | - રવીન્દ્ર અંધારિયા | ૬૮ |
| ૦૬ | આયુર્વેદને અજમાવનાર વૈદ્ય | | |
| | પ્રદીપભાઈ આસ્તિક | - ભાવના પાઠક | ૭૦ |
| ૦૭ | મહિલા શિક્ષણક્ષેત્રની ઊગતી | | |
| | પ્રતિભા- રવીન્દ્રસિંહજી સરવૈયા | - હસમુખ સુથાર | ૭૩ |
| ૦૮ | વ્યાવસાયિક કૃષિકાર : | | |
| | યોગરાજસિંહ ગોહિલ | - જયવંતસિંહ ગોહિલ | ૭૬ |
| ૦૯ | ગુરુપૂર્ણિમા | - પ્રવીણચંદ્ર ઠક્કર | ૭૯ |
| ૧૦ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૮૨ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

આજે દિવસે ને દિવસે સમગ્ર વિશ્વમાં મંદી વ્યાપક સ્વરૂપ પકડી રહી છે અને સારી સારી કંપનીઓ પોતાના વર્ષો જૂના કારીગરોને છૂટા કરી રહી છે ! ટૅકનોલૉજી અને ભૌતિક સુખો પાછળની આંધળી દોટ આ મંદીને હજુ વધારે ને વધારે વકરાવશે તેમાં કોઈ શંકા નથી. યંત્રો જ્યારે માણસ પર સવાર થવા લાગશે ત્યારે આવી સ્થિતિ જ સર્જાશે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ જે ગતિએ પ્રગતિ કરી રહી છે, તે જોતાં તો આ દિવસો બહુ નજીકના જણાઈ રહ્યા છે. જૂની રોજગારી તો પોતાનું અસ્તિત્વ જ ગુમાવી દેશે અને નવી ઊભી થતી રોજગારીઓ જે ઝડપથી આવશે તેનાથી બમણી ગતિએ ગુમ જઈ જશે !

હકીકતે મંદીની તો આજના શિક્ષણ-ક્ષેત્રને જરૂર છે ! આ એક જ ક્ષેત્ર અત્યારે સૌ રોકાણકારો માટે ફાયદાનું ને નફાનું ક્ષેત્ર બની રહ્યું છે. ને એટલ જ તો શિક્ષણ આપનાર અને લેનાર એમ બંને પક્ષ એવું માને છે કે શિક્ષણ તો આજીવિકા માટેનું સાધન છે ! પણ હકીકતે, આજીવિકા માટે તો આ શિક્ષણ સાવ નકામું જ સાબિત થયું છે !!

અબજોના અબજો જીવો અત્યારે પૃથ્વી પર જીવી રહ્યા છે. આ જીવો પૈકી માણસ સિવાયનો એક પણ જીવ ખાવા, પીવા, જીવવા કે વંશ વધારવા માટે ભણવા જતો નથી. હજારો વર્ષથી માણસ પણ આ વૈધિક શિક્ષણ વગર સુખ-શાંતિથી જીવતો જ આવ્યો છે. શિક્ષણ તો માહિતી, જ્ઞાન અને પ્રજ્ઞાનની પ્રાપ્તિ માટે છે એ ભુલાઈ ગયું છે.

સાચી કેળવણી તો ગુરુકુળ-પ્રણાલી જ છે. અંતે જીવનલક્ષી કેળવણી જ મનુષ્યત્વને ઉજાગર કરી શકવા સક્ષમ છે. કેળવણી દ્વારા જીવનના પ્રશ્નો સમજવાના છે; પછી તેને ‘શિક્ષણ’ નામના સાધન દ્વારા ઉકેલવાના છે અને અંતે જીવનની પ્રસન્નતા મેળવવાની છે. આ કેળવણી-પ્રક્રિયા જીવનની સમગ્રતા-અખંડિતતાને ધ્યાને રાખીને તન, મન અને આત્માને સંતૃપ્ત કરે છે. આ તાકાત આપણી ગુરુકુળ સંસ્કૃતિમાં સહજ અને સરળ રીતે સમાએલી છે. તેથી બધું જ આધુનિક કરવાના મોહમાંથી નીકળી જઈ ભૂલ્યા ત્યાંથી ફરી ગણવાનું છે. મા-બાપ પોતાના સંતાનને ‘કાનુડો’ કહીને સંભાળે-રમાડે-લડાવે છે, પણ તેનું બાળપણ તો એમણે છીનવી લીધું છે. પોતાના બાળકને ગોવર્ધનપર્વત, યમુનાનદી, કદમવૃક્ષ, ગાય, વૃંદાવન અને વાંસળીથી તો વેગળો કરી મૂક્યો છે, ને પાછા બાળકને કાનુડો કરવાના કોડ રાખે છે.

આધુનિકતા, ભૌતિક સુખો અને ટૅકનોલૉજીનો વિવેકપૂર્ણ ઉપયોગ જ માનવજાતને બચાવી શકે તેમ છે અને તે માટેનું એક માત્ર સક્ષમ-હાથવગું સાધન એ જીવનલક્ષી કેળવણી છે.

**નવી શિક્ષણનીતિના ઘડવૈયાઓને કોઈક તો આ સંભળાવો...પહોંચાડો...**

—

# (૦૧) વેદકાલીન શિક્ષણ

**- ભાણદેવજી**

**ગતાંકથી ચાલુ...**

આપણા આશ્રમો, ગુરુકુલો અને ઋષિઓએ ભારે ચીવટ અને ભારે પુરુષાર્થથી વેદમંત્રોને તેનાં શુદ્ધ સ્વરૂપે જાળવી રાખ્યાં છે ! આટલા મોટા વેદરાશિને હજારો વર્ષ સુધી સંપૂર્ણ શુદ્ધ સ્વરૂપે જાળવી રાખવાનો યશ આપણી ગુરુકુલ પરંપરાને ફાળે જાય છે. વેદમાં એક પણ સ્થાને પાઠભેદ કે ક્ષેપક નથી. આ મહાનકાર્ય સમક્ષ આપણું મસ્તક નમી પડે છે.

(૩) વ્યાખ્યાન પદ્ધતિ

વેદકાલીન શિક્ષણમાં વ્યાખ્યાન પદ્ધતિ એક મહત્ત્વપૂર્ણ પદ્ધતિ હતી. પુસ્તકો બહુ હતાં નહિ. હસ્તલિખિત પોથીઓ જ હતી. તેથી ગુરુ ભિન્ન ભિન્ન વિષયોનાં વ્યાખ્યાનો આપે અને વિદ્યાર્થીઓ આ વ્યાખ્યાનોનું એકાગ્રભાવે શ્રવણ કરે- આ જ્ઞાન પ્રાપ્તિનો એક મહત્ત્વપૂર્ણ સ્રોત હતો.

ગુરુ વેદમંત્રોના અર્થો વ્યાખ્યાનથી સમજાવતા. આ ઉપરાંત દર્શન, જ્યોતિષ આદિ વેદાંગ, ખગોળવિદ્યા, આદિ અનેક વિષયોનું શિક્ષણ થતું આ સર્વ વિષય પર ગુરુ વ્યાખ્યાનો આપતાં અને વિદ્યાર્થીઓ શ્રવણ કરીને સમજી લેતાં.

ગુરુકુલના વડા ગુરુદેવ તો વ્યાખ્યાનો આપતાં જ, પરંતુ આ ઉપરાંત વડીલ વિદ્યાર્થીઓ, આગંતુક મહેમાન ઋષિઓનાં વ્યાખ્યાનો યોજવાની પરંપરા પણ હતી.

આજે મહેમાન વક્તા કે મુલાકાતી પ્રાધ્યાપકો (Visiting professors)ની પરંપરા છે, તેવી જ કાંઈક આ પરંપરા ગણી શકાય.

(૪) પ્રશ્નોત્તરી પદ્ધતિ

વિદ્યાર્થી પ્રશ્નો પૂછે - જિજ્ઞાસાભાવે અને ગુરુ તેના ઉત્તરો આપે - આ પ્રશ્નોત્તરી પદ્ધતિ છે. આ પદ્ધતિને સંવાદ પદ્ધતિ પણ કહેવામાં આવે છે. આપણા ઉપનિષદો આવા અધ્યાત્મ-સંવાદોથી ભરપૂર છે. વેદકાલીન શિક્ષણમાં આ પ્રશ્નોત્તરી પદ્ધતિ એક મૂલ્યવાન શિક્ષણ પદ્ધતિ હતી. ગીતામાં પણ આ પદ્ધતિનો મહિમા ગવાયો જ છે.

(૫) પરિસંવાદ પદ્ધતિ

એક જ વિષય પર અનેક વિદ્યાર્થીઓ વ્યાખ્યાન આપે, તેને પ્રશ્નો પૂછાય, ઉત્તરો અપાય, ચર્ચા-વિચારણા થાય - આ પરિસંવાદ પદ્ધતિ છે. વેદકાલીન શિક્ષણમાં પરિસંવાદ પદ્ધતિનો ભરપૂર વિનિયોગ જોવા મળે છે.

આ પદ્ધતિથી કોઈ પણ વિષય પર ઊંડાણથી વિચાર કરવાની શક્તિ અને અભિવ્યક્તિનું સામર્થ્ય વિકસે છે.

(૬) શાસ્ત્રાર્થ પદ્ધતિ

બે કે અધિક વિદ્યાર્થીઓ કે વિદ્વાનો વચ્ચે શાસ્ત્ર કે દર્શનના કોઈ મુદ્દાનું તાત્પર્ય નિશ્ચિત કરવા માટે સંવાદ-વિવાદ ગોઠવાય છે. એક કે અધિક વિદ્વાનો નિર્ણાયક તરીકે હોય છે અને બંને પક્ષોની દલીલો સાંભળીને તેઓ હાર-જીતનો નિર્ણય જાહેર કહે છે. આ પદ્ધતિને શાસ્ત્રાર્થ-પદ્ધતિ કહેવામાં આવે છે. વેદોત્તર કાળમાં શાસ્ત્રનો અર્થ નિર્ધારિત કરવા માટે આ પદ્ધતિનો ભરપૂર માત્રામાં ઉપયોગ થયો છે. ભગવાન આદિશંકરાચાર્યએ આ જ પદ્ધતિથી સમગ્ર ભારતવર્ષ પર દિગ્વિજય પ્રાપ્ત કરીને વેદ અને વેદાંતની પ્રતિષ્ઠા સિદ્ધ કરી હતી. અદ્યાપિ પર્યંત આ પદ્ધતિ ચાલુ રહી છે.

વેદકાલીન શિક્ષણમાં આ શાસ્ત્રાર્થ પદ્ધતિનો વિનિયોગ પણ થતો હતો.

(૭) પ્રત્યક્ષ શિક્ષણ પદ્ધતિ

જાતે કર્મ કરતાં કરતાં જે શિક્ષણ થાય તેને પ્રત્યક્ષ શિક્ષણ કહેવામાં આવે છે. વેદકાલમાં વિદ્યાર્થીઓ ગાયો સંભાળતાં અને ગોપાલન શીખતાં; વિદ્યાર્થીઓ જાતે ખેતી કરતાં અને ખેતીવિદ્યા શીખતાં; વિદ્યાર્થીઓ યજ્ઞો કરતાં અને યજ્ઞવિદ્યા શીખતાં; વિદ્યાર્થી આકાશદર્શન કરતાં અને ખગોળવિદ્યા શીખતાં; વિદ્યાર્થી રસોઈ કરતાં અને પાકવિદ્યા શીખતાં.

આ રીતે પ્રત્યક્ષ શિક્ષણ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓ અનેકવિધ વિદ્યાઓ હસ્તગત કરી લેતાં.

(૮) શિક્ષણ નિવાસ

એક આશ્રમનો પરિપક્વ વિદ્યાર્થી બીજા આશ્રમમાં જઈને ત્યાં રહે અને શિક્ષણ પામે - આ શિક્ષણ નિવાસ પદ્ધતિ છે. આજે પણ કેટલીક વિદ્યાશાખાઓમાં આ પદ્ધતિ ચાલુ છે. આ રીતે વિદ્યાર્થીની જીવનદૃષ્ટિ વ્યાપક બને છે અને પોતાના શિક્ષણમાં રહી ગયેલી કમીઓ આ રીતે પૂરી થાય છે.

વેદકાલીન શિક્ષણમાં એક આશ્રમ કે ગુરુકુલના વિદ્યાર્થીઓ અન્ય આશ્રમ કે ગુરુકુલમાં જઈને રહે -તેવી પરંપરા હતી.

(૯) યાત્રા

યાત્રા જીવન વિકાસનું એક માધ્યમ છે. વેદકાલીન શિક્ષણમાં એવી પરંપરા હતી કે વિદ્યાર્થી જ્યાં સુધી આર્યાવર્તની યાત્રા પરિપૂર્ણ ન કરે ત્યાં સુધી તેનું શિક્ષણ અધૂરું ગણાતું. તેથી જ તો વેદમાં પણ કહેવાયું છે-

**AaStewg AasInSyo@vRit*#t:|**
**xeeinp´manSy crait crto wg:||**
**- 0erebA½ ‘ ; pi’cka-Ï**

“બેસી રહેનારનું ભાગ્ય બેસી રહે છે, ઊભા રહેનારનું ભાગ્ય ઊભું રહે છે; સૂઈ રહેનારનું ભાગ્ય સૂઈ રહે છે અને ચાલનારનું ભાગ્ય ચાલે છે.”

વેદકાલમાં વિદ્યાર્થીઓ જ નહિ, સૌ કોઈ પ્રચુર પ્રમાણમાં યાત્રાઓ કરતાં.

આ યાત્રાઓ રથ, ઘોડા કે ગાડામાં બેસીને થતી, પરંતુ વિદ્યાર્થીઓ તો આ યાત્રા મહદ અંશે પગપાળા જ કરતા.

(૧૦) ચિંતન-મનન અને નિદિધ્યાસન

વેદમંત્રોના અર્થ, વેદાંત આદિ દર્શન અને અધ્યાત્મનાં તત્ત્વો પર ચિંતન-મનન અને નિદિધ્યાસન ચાલે- આ પણ શિક્ષણની એક પદ્ધતિ હતી. આખરે તો બધું શિક્ષણ ચેતનાની ક્રાન્તિ માટે છે, તેથી વિદ્યા જ્યાં સુધી ચેતનામાં રસાઈ ન જાય, ત્યાં સુધી શિક્ષણ અધૂરું ગણાય છે. આમ હોવાથી ચિંતન-મનન અને નિદિધ્યાસન પણ વેદકાલીન શિક્ષણની એક મૂલ્યવાન પદ્ધતિ હતી.

ગંભીર અને વિકસિત વિદ્યાર્થીઓ સદ્‌ગુરુ પાસેથી આ પદ્ધતિનું શિક્ષણ પામતાં.

૬. શિક્ષણનો ક્રમ

વિદ્યાર્થી આઠ, દશ કે બાર વર્ષની ઉંમરે ગુરુકુલમાં ભણવા માટે જાય છે. આટલી ઉંમર સુધી તે શિક્ષણથી સાવ વંચિત રહેતો હોય, તે શક્ય નથી. ગુરુકુલમાં પ્રવેશ પામે તે પહેલાં વિદ્યાર્થી પિતૃગૃહે કે તે બાજુના વિસ્તારમાં અક્ષરજ્ઞાન આદિ પ્રાથમિક શિક્ષણ પામતો હશે, તેમ લાગે છે. આ કાર્ય માતાપિતા કે સ્થાનિક શિક્ષકો દ્વારા સંપન્ન થતું હશે, તેમ લાગે છે.

વિદ્યાર્થી આઠ, દશ કે બાર વર્ષનો થાય એટલે તેનો ઉપનયન સંસ્કાર કરવામાં આવતો. ષોડશ સંસ્કારમાંનો આ એક ખૂબ મૂલ્યવાન સંસ્કાર છે.

ઉપનયન સંસ્કારથી ચાર ઘટનાઓ બને છે.

(૧) બાળકને જનોઈ ધારણ કરાવવામાં આવે છે.

(૨) બાળકને ગાયત્રીમંત્રની દીક્ષા આપવામાં આવે છે.

(૩) બાળકને વેદ ભણવાનો અધિકાર મળે છે.

(૪) બાળકને યજ્ઞાદિ કર્મો કરવાનો અધિકાર મળે છે.

(૫) ‘ઉપનયન’ શબ્દનો અર્થ થાય છે - દોરી જવું. ઉપનયન સંસ્કાર થાય એટલે માતાપિતા પોતાના સંતાનને ગુરુકુલમાં ગુરુ પાસે દોરી જાય છે. આમ ઉપનયન સંસ્કાર દ્વારા બાળક ગુરુકુલમાં ભણવા જાય છે અને આ પછી તુરત બાળકના યથાર્થ શિક્ષણનો પ્રારંભ થાય છે.

વિદ્યાર્થી ગુરુગૃહે ચોવીશ વર્ષની ઉંમર સુધી રહે છે. આમ બાર કે તેથી અધિક વર્ષ સુધી વિદ્યાર્થી ગુરુકુલમાં ગુરુના સાંનિધ્યમાં રહીને જીવન અને અધ્યાત્મનું શિક્ષણ પામે છે.

આ વિદ્યાર્થી અવસ્થા અર્થાત ગુરુકુલ નિવાસ દરમિયાન કઠોર નિયમોનું પાલન કરવાનું અનિવાર્ય હતું. મહત્ત્વના નિયમો આ પ્રમાણે છે.

(૧) નૈષ્ઠિક બ્રહ્મચર્ય

(૨) સાદગીપૂર્ણ અને સંયમી જીવન પદ્ધતિ

(૩) યજ્ઞાદિ કર્મોનું અનુષ્ઠાન ચાલુ રાખવું

(૪) ગુરુ આજ્ઞાનું પાલન

(૫) નિરુપદ્રવી જીવનશૈલી

(૬) માંસ-મદિરનો ત્યાગ

(૭) માથે મુંડન અથવા પંચકેશ

(૮) નિયમિત વિદ્યાધ્યયન

(૯) ગુરુકુલનાં કાર્યોમાં ભાગીદારી

(૧૦) છત્રી અને પગરખાંનો ઉપયોગ નહિ

(૧૧) વહેલી સવારે ઊઠવું.

(૧૨) ભૂમિશયન

(૧૩) ગુરુકુલ નિવાસ દરમિયાન સમાનભાવે સહજીવન

આ રીતે બાર વર્ષ સુધી વિદ્યાધ્યયન કર્યા પછી ગુરુદેવને લાગે કે વિદ્યાર્થીએ સંતોષજનક રીતે અભ્યાસ પરિપૂર્ણ કર્યો છે તો તેનો "સમાવર્તન સંસ્કાર" કરવામાં આવતો.

સમાવર્તન એટલે પાછા ફરવું. વિદ્યાર્થી ગુરુકુલેથી પિતૃગૃહે પાછો ફરે, ત્યારે તે માટેનો જે સંસ્કાર કરવામાં આવે તેને 'સમાવર્તન સંસ્કાર' કહેવામાં આવે છે.

સમાવર્તન સંસ્કારપૂર્વક વિદ્યાભ્યાસ પરિપૂર્ણ કરીને વિદ્યાર્થી પિતૃગૃહે પાછો ફરી, તે ઈચ્છે તો ગૃહસ્થ જીવનમાં પ્રવેશ કરી શકે છે.

સમાવર્તન સંસ્કારની એક ખાસ વિધિ છે. તે દિવસ માટે મુહૂર્ત જોઈને મંગલ દિવસ પસંદ કરવામાં આવતો. વિદ્યાર્થી સવારથી બપોર સુધી એક ઓરડામાં બંધ રહેતો. બપોરે તેને બહાર કાઢવામાં આવતો. તેની જટા અને દાઢી દૂર કરવામાં આવતાં. બ્રહ્મચર્યનાં અન્ય ચિહ્નોનો પણ તે ત્યાગ કરતો.

ગુરુ તેને સુગંધી જળથી સ્નાન કરાવતાં. નવા વસ્ત્રો, લાકડી, પગરખાં, છત્રી આદિ આપતાં. મધુપર્ક પણ આપતા. આ રીતે જેમનું આ વિશિષ્ટ સ્નાન થતું તેને 'સ્નાતક' કહેવામાં આવતો.

દીક્ષાન્ત સમારોહમાં ગુરુ પોતાના સ્નાતક શિષ્યોને દીક્ષાન્ત પ્રવચનમાં જીવન જીવવા માટે આવશ્યક સલાહ આપતા. **Maatdeo wv| iptdeo wv| Aiti4 deo wv|**- આ બધાં દીક્ષાન્ત પ્રવચનનાં વાક્યો છે.

કોઈ વિદ્યાર્થી ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ ન કરવા ઈચ્છે તો તે સમાવર્તન સંસ્કાર ન કરાવે અને ગુરુકુલમાં જ રહી શકતો અથવા બ્રહ્મચર્યાશ્રમમાંથી સીધો જ સંન્યાસાશ્રમમાં પ્રવેશ કરી શકતો.

૭. વેદકાલીન શિક્ષણ સંસ્થાઓ

(૧) પ્રાથમિક શાળાઓ

વિદ્યાર્થી ગુરુકુલમાં પ્રવેશ પામે ત્યાર પહેલાં તેનું પ્રાથમિક શિક્ષણ તેનાં ગ્રામ કે નગરમાં જ થતું. આ પ્રકારના પ્રાથમિક શિક્ષણ માટે ગ્રામ અને નગરોમાં પ્રાથમિક શાળાઓની વ્યવસ્થા હતી.

પ્રાથમિકશાળામાં સામાન્ય અક્ષરજ્ઞાન, ગણિત, ભાષા, પ્રાર્થના આદિ શીખવવામાં આવતાં.

આ પ્રાથમિક શિક્ષણ ગુરુકુલ શિક્ષણની પૂર્વતૈયારી સ્વરૂપ હતું.

(૨) ગુરુકુલ

વેદકાલીન શિક્ષણપ્રધાન કેન્દ્ર આ ગુરુકુલ હતું. ગુરુકુલમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી પરિપક્વ હતો અને ગુરુકુલમાં દીર્ઘકાલ પર્યંત ગંભીરતાપૂર્વક વિદ્યાભ્યાસ કરતો અને વેદ, દર્શન, આદિ અનેક વિષયોનું સરહસ્ય જ્ઞાન પ્રાપ્ત કરતો.

ગુરુકુલના શિક્ષણના અભ્યાસક્રમ અને શિક્ષણપદ્ધતિ વિશે આપણે વિગતવાર જોઈ ગયા છીએ.

(૩) વિશેષ વિષયના ગુરુકુલ

શસ્ત્રવિદ્યા, આયુર્વેદ, પૌરોહિત્ય, વ્યાકરણ આદિ વિષયોનો ઊંડાણથી અભ્યાસ કરી વિશેષ યોગ્યતા પ્રાપ્ત કરવાની ઈચ્છા રાખનાર વિદ્યાર્થીઓ માટે વેદકાલમાં વિશેષ વિષયના ગુરુકુલની વ્યવસ્થા હતી. દા.ત. ભગવાન પરશુરામના ગુરુકુલમાં શસ્ત્રવિદ્યાનું વિશેષ શિક્ષણ આપવામાં આવતું. પિતામહ ભીષ્મ, ગુરુ દ્રોણાચાર્ય અને મહારથી કર્ણ ભગવાન પરશુરામના શિષ્યો હતા. આ જ રીતે આયુર્વેદ આદિ વિશેષ વિષયોના વિશેષ ગુરુકુલ પણ વેદકાલમાં હતાં.

(૪) વિદ્યાપીઠ

ઉત્તર વેદકાલ દરમિયાન આર્યાવર્તમાં મોટા પાયા

પરની વિદ્યાપીઠોમાં અનેક આચાર્યો વસતાં અને હજારો વિદ્યાર્થીઓ એક સાથે વિદ્યાભ્યાસ કરતાં અને અનેક વિષયોનું શિક્ષણ પ્રાપ્ત કરતાં.

બૌદ્ધકાલમાં આ વિદ્યાપીઠ પરંપરાનો વિશેષ વિકાસ થયો. નાલંદા, તક્ષશીલા, વિક્રમશીલા, વલ્લભી, નાગાર્જુન આદિ આ પરંપરાનું સર્જન છે.

(૫) રાજકુમારો માટે વિશેષ શિક્ષણ વ્યવસ્થા

ઉત્તર વેદકાલમાં મોટા રાજપરિવારોમાં રાજકુમારોનાં શિક્ષણ માટે આચાર્યોને રાજધાનીમાં વસાવવાની અને તેમના દ્વારા રાજકુમારોને શિક્ષણ આપવાની પરંપરા શરૂ થઈ હતી. આ જ રીતે દ્રોણાચાર્ય હસ્તિનાપુરમાં વસ્યા હતા અને પાંડવો તથા કૌરવોનું શિક્ષણકાર્ય તેમણે જ સંભાળ્યું હતું.

૮. વેદકાલીન શિક્ષણની વિશેષતાઓ

(૧) વેદકાલમાં શિક્ષણ રાજસત્તાને નહિ, પરંતુ ધર્મસત્તાને આધીન હતું. શિક્ષકો અને આચાર્યો ઋષિઓ હતા, પગારદાર નોકરો નહિ. વેદકાલમાં ઋષિની આજ્ઞા સર્વોપરી ગણાતી, રાજાની નહિ. સમાજનું સંચાલન રાજનીતિ પ્રમાણે નહિ, પરંતુ ધર્મ પ્રમાણે ચાલતું અને ધર્મસત્તા ઋષિઓ નિર્ધારિત કરતાં, રાજા નહિ.

વેદકાલમાં સમ્રાટ ઋષિના ચરણમાં મસ્તક ઝુકાવતાં અને ઋષિ સમ્રાટને આજ્ઞા આપતાં.

શિક્ષણ અને શિક્ષણ સંસ્થાઓમાં રાજાઓ જરા પણ દખલ ન કરી શકે, એવી વેદકાલીન શિક્ષણની અફર પરંપરા હતી. હા, રાજાઓ ગુરુકુલને સહાયભૂત બની શકતાં.

(૨) ગુરુકુલમાં શિક્ષણ સંપૂર્ણ નિઃશુલ્ક આપવામાં આવતું, ભોજન-વસ્ત્ર માટે પણ વિદ્યાર્થીઓ પાસેથી કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવતી નહિ.

શિક્ષણ પૂરું થાય ત્યારે વિદ્યાર્થી પોતાની પહોંચ પ્રમાણે ગુરુદક્ષિણા ગુરુનાં ચરણમાં ધરી દેતો.

(૩) ગુરુકુલમાં બધા જ વિદ્યાર્થીઓ સમાનભાવે રહેતાં. રાજકુમાર, ધનપતિના પુત્ર કે ગરીબ વિદ્યાર્થી વચ્ચે કોઈ ભેદ રાખવામાં આવતો નહિ. ભગવાન શ્રીકૃષ્ણ અને સુદામાજી સાંદીપનિના આશ્રમમાં સાથે જ રહ્યા, સાથે જ ભણ્યા અને સમાનભાવે સાથે જીવ્યા.

ગરુકુલમાં રાજપુત્રો પણ લાકડાં લેવાં જતાં.

(૪) ગુરુકુલના શિક્ષણમાં શારીરિક શ્રમ અને સ્વાવલંબનનો ખૂબ મહિમા હતો. ગુરુકુલમાં ગૌશાળા, સફાઈ, રસોઈ આદિ કાર્યો સૌ સાથે મળી સંભાળતાં. વિદ્યાર્થી અવસ્થાથી જ શારીરિક શ્રમ અને સ્વાવલંબનનો મહિમા વિદ્યાર્થીના ચિત્તમાં પ્રતિષ્ઠિત થતો અને આ પણ શિક્ષણની જ એક પ્રક્રિયા છે.

(૫) ગુરુકુલ નિવાસીશાળા છે. વિદ્યાર્થી પોતાને ઘેર રહે અને માત્ર અગિયાર વાગ્યાથી પાંચ વાગ્યા સુધી જ શાળામાં ભણવા માટે આવે - એવી પરંપરા એ યુગમાં બિલકુલ ન હતી. ગુરુકુલના વિદ્યાર્થીઓ અનિવાર્યતઃ ગુરુકુલમાં જ પૂરો સમય નિવાસ કરતાં.

(૬) વિદ્યાર્થી ગુરુકુલ ભણવા માટે તે વખતે થતા ઉપનયન સંસ્કારથી વિદ્યાર્થી ગુરુકુલમાં પોતાનો અભ્યાસ પૂરો કરીને પિતૃગૃહે પાછા ફરે તે વખતે થતાં સમાવર્તન સંસ્કાર સુધી અર્થાત બાર કે ચૌદ વર્ષ સુધી સતત ગુરુકુલમાં જ નિવાસ કરતાં. શનિ-રવિ કે વેકેશનમાં ઘેર જવાની પરંપરા તે યુગમાં હતી નહિ.

(૭) ગુરુકુલનું શિક્ષણ ચોવીસ કલાકનું અને ત્રણસો પાંસઠ દિવસનું શિક્ષણ છે. જીવનનું સર્વાંગી શિક્ષણ વિદ્યાર્થી ગુરુકુલમાંથી પામતો.

ભારતના ભવ્ય ભૂતકાળનું સર્જન કોણે કર્યું છે. ભારતના ભવ્ય ઇતિહાસનું સર્જન ઋષિઓએ આ ગુરુકુલોના શિક્ષણના માધ્યમથી કર્યું છે.

(૮) ગુરુદેવનું સતત સાંનિધ્ય અને ગુરુ તથા ગુરુકુલની સેવા આ પણ શિક્ષણનું એક મૂલ્યવાન માધ્યમ હતું. આ સાંનિધ્ય અને સેવા દ્વારા વિદ્યાર્થીઓ ઘણું પામતાં, ઘણું શીખતાં, ઘણું સમજતાં અને ઘણું આત્મસાત કરતાં.

(૯) ગુરુકુલનું શિક્ષણ જીવંત શિક્ષણ હતું. ગુરુકુલનું શિક્ષણ માત્ર પુસ્તકિયું શિક્ષણ ન હતું. ગુરુની વાણી સાંભળીને ગુરુના જીવનને જોઈને, ગુરુકુલનું કાર્ય કરતાં કરતાં, જીવતાં જીવતાં પ્રાપ્ત કરવાનું આ જીવંત શિક્ષણ હતું. આ શિક્ષણ માત્ર સ્મૃતિમાં નહિ, પરંતુ સમગ્ર વ્યક્તિત્વમાં, સમગ્ર જીવનમાં પરિવ્યાપ્ત બની જતું.

(૧૦) પ્રાચીન ભારતીય સંસ્કૃતિ તપોવન સંસ્કૃતિ

ગણાય છે. તપોવનમાં વિકસેલી આ સંસ્કૃતિ છે. વેદ-ઉપનિષદોના મંત્રો તપોવનમાં પ્રાપ્ત થયા છે. ગુરુકુલો તપોવન સંસ્કૃતિનાં કેન્દ્રો છે. રાજકુમારો રાજમહેલ છોડીને આ ગુરુકુલોની કુટિયાઓમાં રહીને વિદ્યાભ્યાસ કરતાં સાત્ત્વિક જીવનના પાઠ પામતાં. તપોવન એટલે એવું વન જ્યાં તપશ્ચર્યા કરવામાં આવે છે. આવા તપોવનમાં તપઃપૂત જીવન જીવતાં જીવતાં જીવનનું શિક્ષણ આ ગુરુકુલોમાંથી પ્રાપ્ત થતું.

(૧૧) ગુરુકુલમાં સતત પ્રકૃતિનું સાંનિધ્ય મળતું વૃક્ષો, નદીઓ, પર્વતો, ઝરણાં, સરોવરો આ પ્રાકૃતિક તત્ત્વોનાં સાંનિધ્યમાં જીવવું એ પણ એક શિક્ષણ છે. આ આહ્‌લાદક પ્રાકૃતિક વાતાવરણની વિદ્યાર્થીઓનાં ચિત્ત પર ઘણી વિધયાક અસર થતી.

(૧૨) દીર્ઘકાળ પર્યંત કે આજીવન ગુરુકુલમાં રહીને વિદ્યાભ્યાસ કરવાની સુવિધાઓ પણ ગુરુકુલમાં હતી. ૧૨ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરનાર સ્નાતક, ૨૪ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરનાર વસુ, ૩૬ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરનાર રુદ્ર અને ૪૮ વર્ષ સુધી વિદ્યાભ્યાસ કરનાર આદિત્ય કહેવાતો. આ તે યુગની અનુસ્નાતક અને ડૉક્ટરેટની ઉપાધિઓ છે.

(૧૩) ગુરુકુલમાં શિક્ષણનાં બે સત્રો રહેતાં શ્રાવણમાસની પૂર્ણિમાથી પ્રથમ સત્રનો પ્રારંભ થતો. પ્રથમ સત્રમાં મહદ્અંશે વેદોનું અધ્યયન થતું. ૬ માસનું પ્રથમ સત્ર પૂરું થયા બાદ બીજું છ માસનું સત્ર રહેતું. બીજા સત્રમાં વૈદિકદર્શનોનું અધ્યયન ચાલતું.

૯. ગુરુ-શિષ્ય સંબંધો

શિક્ષક અને વિદ્યાર્થીનો સંબંધ અને ગુરુ અને શિષ્યનો સંબંધ - આ બંને સંબંધો વચ્ચે ઘણી ભિન્નતા છે. શિક્ષક અને વિદ્યાર્થીનો સંબંધ તો એક વ્યાવહારિક ભૂમિકાનો સંબંધ છે. ગુરુ અને શિષ્યનો સંબંધ અધ્યાત્મની ભૂમિકા પર પ્રતિષ્ઠિત છે. આ સંબંધ બે ચેતના વચ્ચેનો સંબંધ છે.

ગુરુકુલમાં વિદ્યાર્થી શિષ્યભાવે સમિત્પાણિ બનીને જાય છે. માતાપિતા ઉપનયન સંસ્કારપૂર્વક પોતાનો પુત્ર સમગ્ર જીવનના ઘડતર માટે અને વિશેષતઃ આધ્યાત્મિક વિકાસ માટે ગુરુને સોંપે છે. શિષ્ય સમર્પિતભાવે ગુરુ પાસે પહોંચે છે અને સમર્પિત ભાવે રહે છે.

ગુરુ-શિષ્યના સંબંધો પિતા-પુત્રના સંબંધો જેવા સુમધુર અને ઉષ્માયુક્ત હતા. ગુરુમાતા પોતાના શિષ્યનો મા પુત્રને સંભાળે તેમ વાત્સલ્યભાવે સંભાળતાં. ગુરુકુલમાં પારિવારિક વાતાવરણ જોવા મળતું. ગુરુદેવનું અધ્યાત્મનિષ્ઠ ભવ્ય વ્યક્તિત્વ અને તેમની અગાધ વિદ્વતાથી શિષ્યો પ્રભાવિત રહેતાં.

ગુરુ પોતાના વિદ્યાર્થીઓને અમૂલ્ય વિદ્યા આપતા, પરંતુ બદલામાં ક્યારેય કોઈ શુલ્ક માગતા નહિ. વિદ્યાદાન હંમેશાં નિઃશુલ્ક જ રહેતું. વિદ્યાના વિનિમયમાં ધન કદી વચ્ચે આવતું નહિં.

વિદ્યાર્થીઓ ગુરુ અને ગુરુકુલની સર્વ પ્રકારની સેવા કરતાં અને ગુરુ અને ગુરુમાતા પોતાના વિદ્યાર્થીઓની વાત્સલ્યભાવે સંભાળ રાખતાં.

વેદકાલમાં ગુરુકુલોમાં ગુરુ અને તેમના વિદ્યાર્થીઓ વચ્ચે આવા અધ્યાત્મપરક અને વાત્સલ્યસભર સંબંધો ગોઠવાયા હતા.

ગુરુકુલમાં વિદ્યાર્થી કોઈ અપરાધ કરે તો તેને કોઈ શિક્ષા થતી કે નહિ ? થતી તો કેવા પ્રકારની શિક્ષા થતી ?

હા, વિદ્યાર્થી અપરાધ કરે તો તેને શિક્ષા તો થતી પરંતુ આ શિક્ષાઓ ઘણી વિશિષ્ટ પ્રકારની શિક્ષાઓ હતી. આર્થિક દંડ થતો નહિ અને શારીરિક શિક્ષા પણ થતી નહિ. અપરાધમાંથી મુક્ત થવા માટે વિદ્યાર્થી ઉપવાસ કરતો, મંત્રજપ કરતો અને પ્રાયશ્ચિત હોમ પણ કરતો. અપરાધ કરનાર વિદ્યાર્થી અપરાધી મનોદશામાંથી અને અપરાધજન્ય પાપમાંથી કાયમી ધોરણે મુક્ત થાય, તે તરફ ગુરુની દૃષ્ટિ રહેતી તેથી જ ઉપવાસ, મંત્ર, હોમ જેવા રૂપાંતરકારી સાધનોનો વિનિયોગ થતો.

૧૦. વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન

વર્તમાનકાળમાં છે, તેવી લેખિત પરીક્ષા પદ્ધતિ વેદકાલીન શિક્ષણમાં ન હતી.

વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરવાની બીજી અનેક પદ્ધતિઓનો વિનિયોગ થતો.

(૧) શિક્ષણની સાથે જ પરીક્ષણ

ગુરુ અને વિદ્યાર્થી વચ્ચે પ્રગાઢ વ્યક્તિગત સંબંધ રહેતા. શિક્ષણની પ્રક્રિયા સાથે સાથે જ વિદ્યાર્થી શું સમજે છે, શું નથી સમજતો તેની ગુરુ મહારાજ જાણકારી રાખતા. આ રીતે શિક્ષણની સાથે જ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન ચાલતું જ રહેતું.

વિદ્યાર્થીઓના મૂલ્યાંકનનું આ સર્વેશ્રેષ્ઠ સ્વરૂપ છે.

વિદ્યાર્થી આખું વર્ષ ભણે અને વર્ષાન્તે ત્રણ કલાકના પેપર દ્વારા મૂલ્યાંકનમાં ઘણી મર્યાદાઓ રહી જાય છે. શિક્ષણ સાથે જ સતત મૂલ્યાંકન-પરીક્ષણ થતું રહે, તો તે પદ્ધતિ આવી મર્યાદાઓથી મુક્ત રહે છે.

(૨) સહજીવન

ગુરુ-શિષ્ય સાથે જ જીવતા. આ સહજીવન અને જાગૃતિ નિરીક્ષણ દ્વારા જીવતાં જીવતાં શિક્ષણની સાથે જીવતાં જીવતાં વિદ્યાર્થીમાં શું ખૂબી છે અને શું ખામી છે, તે ગુરુ સતત સહવાસ દ્વારા જાણી લેતાં અને આવશ્યક પગલાં પણ ભરતાં.

(૩) મૌખિક કસોટી

ગુરુ પોતાના વિદ્યાર્થીને શિક્ષણકાર્ય દરમિયાન અને પછી પ્રશ્નો પૂછતાં અને આ રીતે મૌખિક કસોટી દ્વારા પણ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન થતું રહેતું.

આ ઉપરાંત મૌખિક કસોટીઓના વિશેષ કાર્યક્રમો પણ યોજાતાં અને ગુરુ પોતાના વિદ્યાર્થીના વિદ્યાભ્યાસની જાણકારી મેળવતા.

(૪) વ્યાખ્યાનો

વિદ્યાર્થીઓ બીજા વિદ્યાર્થીઓ સમક્ષ પોતે શીખેલા વિષયો વિશે વ્યાખ્યાનો આપતાં. આ કાર્યક્રમથી ત્રણ હેતુઓ સિદ્ધ થતાં

(૧) વિદ્યાર્થીનું અભિવ્યક્તિ-સામર્થ્ય વિકાસ પામતું. વિષય તેના ચિત્તમાં વધુ સ્પષ્ટ બનતું.

(૨) શ્રોતા વિદ્યાર્થીઓ લાભાન્વિત થતાં.

(૩) વિદ્યાર્થીનું વ્યાખ્યાન સાંભળીને ગુરુ તેનું મૂલ્યાંકન કરી લેતા.

(૪) આ રીતે વિદ્યાર્થીઓનાં વ્યાખ્યાનો પણ વિદ્યાર્થીઓનાં મૂલ્યાંકનનું એક માધ્યમ બનતા.

(૫) સ્પર્ધાઓ.

એક જ ગુરુકુલના વિદ્યાર્થીઓ વચ્ચે અને ભિન્ન ભિન્ન ગુરુકુલના વિદ્યાર્થીઓ વચ્ચે પણ તેમણે શીખેલા વિષયો વિશે અવારનવાર સ્પર્ધાઓ પણ યોજાતી.

આવી સ્પર્ધા વિદ્યાર્થીઓ માટે શિક્ષણ છે, પરંતુ આવા પ્રસંગે ગુરુ વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન પણ કરી લેતા.

શસ્ત્રવિદ્યાની સ્પર્ધાઓ થતી અને ગુરુ મૂલ્યાંકન કરતા.

(૬) શાસ્ત્રાર્થ

શાસ્ત્રના કોઈ વિષય વિશે વયસ્ક વિદ્યાર્થીઓ વચ્ચે શાસ્ત્રાર્થ પણ યોજાતા, આ એક પ્રકારની જ્ઞાન-સ્પર્ધા છે.

આવા કાર્યક્રમો દ્વારા પણ ગુરુ પોતાના વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન કરતા.

(૭) પ્રયોગો

કર્મકાંડ, ધનુર્વિદ્યા, દ્વન્દ્વયુદ્ધ, આયુર્વેદ આદિ વિષયો પ્રયોગાત્મક છે. આવા વિષયોના પ્રયોગો દ્વારા વિદ્યાર્થીની પરીક્ષા લેવાતી.

મહાભારતમાં પાંડવ-કૌરવોની શસ્ત્રવિદ્યાની પરીક્ષાનું વર્ણન છે. આમાં વિદ્યાર્થીઓએ પોતાની શસ્ત્ર-સજ્ઞતાના પ્રયોગો રજૂ કર્યા હતા.

૧૧. સ્ત્રી શિક્ષણ

વેદકાલમાં સ્ત્રીઓ પણ શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ પણ પામતી. સ્ત્રીઓ માટે શિક્ષણ પામવા પર કોઈ પ્રતિબંધ ન હતો. સ્ત્રીઓ વેદ, ઉપનિષદ, દર્શન આદિ ગંભીર વિષયોનું શિક્ષણ પામવા સ્વતંત્ર હતી.

વેદ-ઉપનિષદોમાં આવી ઉચ્ચ શિક્ષણ પામેલી વેદજ્ઞા અને વિદુષી સ્ત્રીઓના ઉલ્લેખો મળે છે. વેદમાં મંત્ર દ્રષ્ટા ઋષિકા(સ્ત્રી ઋષિ)ઓ અંગેના મંત્રો પણ ઉપલબ્ધ છે. આનો અર્થ સ્પષ્ટ છે કે વેદ સહિત સર્વ વિષયોનું શિક્ષણ પામવા માટે સ્ત્રીઓ સર્વથા સ્વતંત્ર હતી.

ગાર્ગી વાચક્નવી, મૈત્રેયી, આપાલા, શચી, વાક, અમ્ભૃણી આદિ સ્ત્રીઓના ઉલ્લેખો વેદ-ઉપનિષદમાં મળે છે.

ગાર્ગી અને મહર્ષિ યાજ્ઞવલ્કપના સંવાદો તો ખૂબ

**(અનુસંધાન પાના નં. ૬૪ ઉપર)**

## (૦૨) વિભૂતિઓની નજરે ગાંધીજી...

- દિનુ ચુડાસમા

મોહનથી મહાત્મા સુધીની યાત્રા કરનારા ગાંધીજીથી ભારતના સામાન્ય માણસ જ નહીં અનેક વિભૂતિઓ પણ અભિભૂત હતી. શા માટે એ બધી હસ્તીઓ બાપુ સાથે દેશસેવાના કાર્યમાં એકરૂપ થઈ ગઈ હતી? એના જવાબમાં આપણે એ લોકો ઉપર ગાંધીજીનો જે કરિશ્મા હતો, એ એમની જ જબાનમાં સાંભળવો રહ્યો. ચાલો એ સાચી હકીકતોને કાન દઈ સાંભળી, ભીતર ઉતારી લઈએ:

વિનોબાજી ૧૯૧૬માં કોચરબ આશ્રમમાં ગાંધીજીને પ્રથમ વખત મળે છે અને પછી ગાંધીજીનાં રચનાત્મક કાર્યોને ધરતી પર ચરિતાર્થ કરવા માટે કર્મરત બની જાય છે. વિનોબાજીને એક સેવકે પૂછ્યું :

'બાબા, આપ ગાંધીજી તરફ કેમ ખેંચાયા ? '

વિનોબા: 'ઘર છોડી હિમલાય તરફ પ્રયાણ કરતાં પહેલાં એક વખત ગાંધીજીને મળવાની પરવાનગી માટે બાપુને પત્ર લખ્યો, બાપુનો વળતી ટપાલે જવાબ આવ્યો. આપ આવી જાઓ, મારી સાથે થોડાક દિવસ રહો, મારા વિચારો, આચરણ જુઓ પછી મારી સાથે ન ફાવે તો તમે તમારે મારગે આગળ વધી શકો છો. હું ગયો પછી તો મેં ત્યાં જ અનુભવ્યું કે મને મારો હિમાલય મળી ગયો છે. ગાંધીજીમાં મને હિમાલયની શાંતિ અને બંગાળની ક્રાંતિ પ્રાપ્ત થઈ. તેમનામાં ક્રાંતિ અને શાંતિનો અપૂર્વ સંગમ મને દેખાયો.'

એ પછી ગાંધીજી સાથે જીવતા (?), અનુભવ મેળવી વિનોબાએ કહેલું: 'ગાંધીજી દ્વારા સામુદાયિક અહિંસાનો નવો યુગ શરૂ થયો છે. આત્મજ્ઞાન અને વિજ્ઞાનના સંયોગથી આ સામુદાયિક અહિંસા સધાશે. આનાથી જ દુનિયા આખીનું ભલું થવાનું છે.

જેમ હાઈડ્રોજન અને ઑક્સિજન મળીને પાણી બને છે, તેમ જ આત્મજ્ઞાન અને વિજ્ઞાન મળીને સર્વોદય કે સામ્યયોગ બને છે.'

----------

હમણાં જ પરમાત્માને પ્યારા થઈ ગયેલા, ગાંધીજન નારાયણ દેસાઈને એક સવાલ પૂછવામાં આવેલો:

'ગાંધીજીનાં તમને ગમતાં એક-બે લક્ષણ જણાવશો ?'

નારાયણ દેસાઈ: 'ગાંધીજી મનુષ્યમાં પોતાના મનુષ્યત્વને આરોપી શકતા હતા. સમગ્રતાને લક્ષમાં રાખીને એકાગ્રતાને જે પ્રયોજે એ મૅનેજર સાચો. આ વાત ગાંધીજીમાં આપણને જોવા મળે છે. ગાંધીજી માટે શ્રમનો વિચાર અધ્યાત્મથી જુદો હોય તે ફાવતો નથી.

અર્થશાસ્ત્રનો વિચાર નીતિશાસ્ત્રથી જુદો હોય તો અનર્થશાસ્ત્ર જ થાય એમ એમને લાગે છે. ગાંધીજીને એ બે જુદાં કરીને વિચારવાનું ફાવતું જ નથી. એમના વિચારમાં સમગ્રતા જ હોય.'

----------

ગાંધીજીના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલેજીએ એક વખત વાતવાતમાં ગાંધીજી વિશે કહેલું કે: 'ગાંધી જેવો માણસ આપણા દેશમાં એક હજાર વર્ષમાં થયો નથી અને આગળ ઉપર કેટલાં વર્ષમાં થશે એ મને ખબર નથી. બીજું કે મારી જિંદગીમાં બે માણસો એક મારા ગુરુદેવ મહાદેવ રાનડે અને બીજા આ મોહનદાસ ગાંધી મને એવા મળ્યા કે જેમની પાસે જવાથી મનના વિકારો સમાપ્ત થઈ જાય છે.'

----------

કવિવર ટાગોર પરદેશ ગયેલા, ત્યાં એક પત્રકારે ગુરુદેવને સવાલ કર્યો:

'તમારા ભારતમાં ગાંધીજીનું ખૂબ માન છે શા માટે ?'

કવિ: ' હા, અમારે ત્યાં ગાંધીજીનું ખૂબ માન છે

કારણ કે જંગલમાં જવાનું થાય અને જો વાઘ નજરે પડે તો મારાથી ભયના માર્યા 'ઓ' બોલાય જાય જ, પરંતુ ગાંધીજીને એવું નહીં થાય.'

----------

ગાંધીજી દક્ષિણ આફ્રિકાથી ભારતમાં આવી ગયા ને આશ્રમનો આરંભ કર્યો. ત્યારે કાકાસાહેબ કાલેલકરે બાપુને મળી કહેલું:

'અહિંસાના માધ્યમથી આઝાદી મળી શકે છે એ વિચારમાં મને વિશ્વાસ બેસતો નથી.'

ગાંધીજીએ કહેલું: 'તમે આશ્રમમાં આવો, મારી સાથે કામ કરો, મારી દિનચર્યા જુઓ, કાર્યને નાણો પછી તમને વિશ્વાસ બેસે તો આશ્રમમાં રહેજો, નહીં તો તમે જઈ શકશો.'

કાલેલકરજી કહે છે કે: 'અહિંસા તરફ મને આદર છે, પણ મેં એને આચરણમાં મૂકી નથી.'

સાંભળી ગાંધીજીએ કહ્યું હતું : 'આજે તો ભારતમાં તમારા જેવા લોકોની બહુમતી દેખાય છે. તમારા જેવાનો અસ્વીકાર કરું તો મને સાથીઓ અને દેશપ્રેમીઓ કેમ મળશે ? તમે અહીં આવો પછી અહિંસાની ઊર્જા વિશે તમારામાં શ્રદ્ધા જગાડવી એ જ મારું કામ છે.'

એ પછી તો કાકા સાહેબમાં ગાંધીજીનાં કાર્યો પ્રત્યેની અસીમ નિષ્ઠા વધી ને કાકા સાહેબ બાપુનાં કાર્યોમાં નિમગ્ન થઈ ગયા હતા. એક મરાઠી માનુષ પછી તો ગુજરાતી સાહિત્યના પ્રથમ હરોળના સર્જક બની જાય ને બાપુ એમને 'સવાઈ ગુજરાતી'નું બિરૂદ આપે છે.

----------

એ સમયના વૈશ્વિક પત્રકાર લૂઈ ફિશર ભારતમાં ગાંધીજીની મુલાકાતે આવેલા. તેઓ આવીને એ સમયના વાઈસરોય લૉર્ડ લિનથીગોને મળેલા ને પૂછ્યું:

'ભારતમાં ગાંધીજી એટલે ?'

લૉર્ડ લિનથીગોએ અર્ધી જ પંક્તિમાં કહેલું:

'ગાંધી એ હિંદુસ્તાનની મોટામાં મોટી વસ્તુ છે.'

એ પછી લૂઈ ફિશરે ગાંધીજી સાથે એક અઠવાડિયું રહી 'છ્રીાૈંર ય્હહજ્ઞંરૈ" પુસ્તકનું સર્જન કરેલું. એ પુસ્તકમાં લૂઈ ફિશરે ગાંધીજી વિશે મહાદેવભાઈ દેસાઈને પૂછેલો એક પ્રશ્ન સાંભળો:

લૂઈ ફિશર: 'લોકો પર ગાંધીજીના પ્રભાવનું મુખ્ય કારણ ગાંધીજીની ધગશ છે. આ ધગશનું મૂળ શું હશે ?'

મહાદેવભાઈ : 'દેહના જે વિષયો છે તેને વિશુદ્ધ કરી ઉચ્ચત્તર શ્રેણીએ ચડાવવાથી આ ધગશ ઉત્પન્ન થઈ છે.'

----------

લૂઈ ફિશરે ગાંધીજીને પૂછેલું: 'આટલા બધા લોકો પર આપનો જે પ્રભાવ પડે છે, તેનું કારણ આપ શું માનો છો ? '

ગાંધીજી: 'મારા પ્રભાવનું કારણ, મારા માનવા પ્રમાણે એ છે કે, હું સત્યની આરાધના કરું છું, એ મારું ધ્યેય છે. મારી ત્રુટીઓ અને ભૂલોને પણ મારી સફળતા અને શક્તિની માફક હું ઈશ્વરની ઇનાયત સમજું છું અને બંને હું તેને ચરણે ધરું છું.'

ભારતના અને વિશ્વના લોકોમાં ગાંધીજીના પ્રભાવનું એક કારણ બાપુનું આત્મજ્ઞાન અને પોતાના તરફની અનહદ શ્રદ્ધા પણ કહી શકાય, જે માણસ જીવનની સાધના કરતા, પ્રકૃતિનું રક્ષણ કરતા, માનવતાને જીવતા, અહર્નિશ પ્રાર્થનામય રહે તો જ આંતરિક ઊર્જાથી સભર હોય. ગાંધીબાપુએ મનુબહેનને કહી રાખેલું:

'જો મનુ, હું રોગથી પીડાઈને પથારીમાં મરું તો જગત સમક્ષ જાહેર કરવું કે હું જૂઠ્ઠો મહાત્મા હતો.'

પારદર્શકતા, નિર્દોષપણું, સહજતા જ ગાંધીજીના પ્રભાવનું ખરું રહસ્ય છે.

●---------●●●--------●●●---------●

મધુવન સોસાયટી, જેસર રોડ, ખોડલ પાનવાળી શેરી, મું. સાવરકુંડલા- ૩૬૪૫૧૫, મો. ૯૯૭૯૧૮૭૫૮૭

## (૦૩) ગાંધીજીની દોઢ શતાબ્દી-૦૭
## ગાંધીજીઃ અન ટુ ધીસ લાસ્ટના માર્ગે

---

**- હિરજી નાકરાણી**

'અન ટુ ધિસ લાસ્ટ' એટલે છેલ્લા માનવ સુધી. એટલે કે સમાજના પછાતમાં પછાત વર્ગના છેલ્લા માનવ સુધીની યાત્રા. જેને અંત્યોદય કહી શકાય. ગાંધીજીએ અંત્યોદયથી આગળ જઈને 'અન ટુ ધિસ લાસ્ટ'નો અર્થ અને મર્મ એક શબ્દમાં વૈશ્વિક અર્થમાં સમાવી લીધો તે છે 'સર્વોદય'. આ એક જ શબ્દમાં તેમણે ગાગરમાં સાગર ભરી દેવાનું પુણ્યકામ કર્યું છે. આ પુસ્તકે ગાંધીજીની વિચારધારા અને જીવનધારાને મૂળમાંથી બદલી નાખી.

રસ્કિનના પુસ્તક 'અન ટુ ધિસ લાસ્ટ'નું ગાંધીજીએ શુદ્ધ ગુજરાતીમાં તેમાંના વિચારો અને ભાવનાઓને લક્ષ્યમાં રાખી 'સર્વોદય' નામ આપી શ્રેષ્ઠ સામાજિક આદર્શ ધર્મ તરીકે તેને રજૂ કર્યું. તેમણે સર્વોદયની દિશામાં વ્યવસ્થિત વિચારવાનું શરૂ કરેલું. તેમણે પોતાના વ્યાપક ધર્મ ભાવના પુસ્તકમાં આ વિષયનું નિરૂપણ કરી અદ્વિતીય મહત્ત્વ વધારી દીધું છે.

પશ્ચિમ દેશોમાં સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે વધારે માણસનું સુખ તેનો ઉદય એ વધારવાનું માણસનું કામ છે. એટલે સુખ માત્ર શારીરિક સુખ, પૈસાટકાનું સુખ એવો અર્થ કરવામાં આવે છે. એવું સુખ મેળવવામાં નીતિના નિયમોનો ભંગ થાય તેની ખાસ દરકાર કરવામાં આવતી નથી. તેમજ વધારે માણસનું સુખ જાળવવું એવો હેતુ રાખ્યો છે. તેથી જો થોડાંને દુઃખ દઈને વધારેને સુખ અપાય તો તેમ કરવામાં હરકત છે એમ પશ્ચિમના લોકો માનતા નથી. એવું માનતા નથી તેનું પરિણામ આપણે પશ્ચિમના બધા મુલકોમાં જોઈએ છીએ.

વધારે માણસનું શારીરિક અને પૈસાટકાનું સુખ હોય એ જ શોધવું એવો કોઈ ખુદાઈ કાયદો નથી અને જો તેટલું જ શોધવામાં આવે ને નીતિના નિયમોનો ભંગ થાય તો તે ખુદાઈ કાયદા થી વિરુદ્ધ છે એવું કેટલાક પશ્ચિમના ડાહ્યા પુરુષોએ બતાવ્યું છે. તેમાં મરહુમ જોન રસ્કિન મુખ્ય હતો.

આજના હિન્દુસ્તાનમાં આપણે પશ્ચિમના લોકોની નકલ બહુ કરીએ છીએ. કેટલીક બાબતોમાં તેમ કરવાની જરૂર પણ અમે માનીએ છીએ. પણ પશ્ચિમના ઘણા ધોરણો ખરાબ છે એમાં શક નથી. ખરાબ છે તેનાથી દૂર રહેવાની જરૂર તો સૌ કોઈ કબૂલ કરશે.

દક્ષિણ આફ્રિકામાં વસતા હિન્દીઓની સ્થિતિ અતિ દયામણી છે. આપણે પૈસો મેળવવાને સારું દેશાવર ખેડીએ છીએ. તેની ધૂનમાં નીતિને, ખુદાને ભૂલી જઈએ છીએ. સ્વાર્થમાં મૂંઝાઈ, ગૂંથાઈ જઈએ છીએ પરિણામે પરદેશ ખેડવાનો પૂરો લાભ મળતો નથી. સર્વ ધર્મને અંગે નીતિ તો રહેલી જ છે. પણ ધર્મનો વિચાર કર્યા વિનાયે સાધારણ બુદ્ધિથી વિચારતા નીતિ જાળવવી એ જરૂરી છે. તેમાં સુખ છે એવું જહોન રસ્કિને બતાવ્યું છે. તેણે પશ્ચિમના લોકોની આંખ ખોલી નાખી છે. ને આજે તેના શિક્ષણને આધારે ઘણા ગોરા પોતાનાં વર્તન-વ્યવહાર ચલાવે છે.

સોક્રેટીસે માણસને શું કરવું ઘટે તેનું થોડુંક દર્શન કરાવ્યું. તેણે જેવું કહ્યું તેવું જ કર્યું. તેના વિચારોનું લંબાણ એ રસ્કિનના વિચારો છે, એમ કહી શકાય છે. સોક્રેટીસના વિચારો પ્રમાણે ચાલવા ઈચ્છનાર માણસે જુદાજુદા ધંધામાં કેમ વર્તવું જોઈએ તે રસ્કિને આબેહૂબ રીતે આચરી બતાવ્યું.

પુસ્તક લખવાનો હેતુ સર્વનું કલ્યાણ, સર્વનો ઉદય એવો હોવાથી ગાંધીજી કહે છે; અમે આ લખાણને 'સર્વોદય' એવું સાડાચાર અક્ષરનું નામ આપ્યું છે.

સર્વોદય વિચારનો જન્મદાતા વાસ્તવમાં જહોન રસ્કિન છે. એમાંના વિચારોને જીવનમાં નાણી જોવા, કાર્યાન્વિત કરવાની પ્રબળ ઈચ્છા હોવા છતાં તે પુસ્તકના પાનામાં જ ઢબુરાઈ ગઈ. જ્યારે ગાંધીજીએ વાંચ્યા પછી જાણે તેમને સાત કોઠાનું જ્ઞાન થઈ ગયું. ને પોતાની આત્મકથા

-સત્યના પ્રયોગો-માં અંતરની વેદના કબૂલ કરતા લખે છે; "આ પુસ્તક હાથમાં લીધા પછી હું છોડી જ ન શક્યો. તેણે મને પકડી લીધો. જોહાનિસબર્ગથી નાતાલ ચોવીસ કલાક જેટલો રસ્તો હતો, ટ્રેન સાંજે ડરબન પહોંચતી હતી. પહોંચ્યા પછી આખી રાત ઊંઘી ન આવી. પુસ્તકમાં લખેલા વિચારો અમલમાં મૂકવાનો ઈરાદો કર્યો."

આ નાનકડી પુસ્તિકા ગાંધીજીને સ્ટેશને મૂકવા આવેલા મિત્ર પોલાકે ગાંધીજીના હાથમાં મૂકીને કહ્યું. "આ પુસ્તક રસ્તામાં વાંચી શકાય તેવું છે; તે વાંચી જજો તમને ગમશે" આટલું કહીને તેમણે 'અન ટુ ધિસ લાસ્ટ' પુસ્તક ગાંધીજીના હાથમાં મૂક્યું.

ગાંધીજીના હૈયામાં જે વાત વર્ષોથી રમ્યા કરતી હતી, મનન અને ચિંતન નિરંતર થયા કરતું હતું તે વાતને હોઠ પર અને હાથ પગ પર લાવવાનું કામ રસ્કિનના અન ટુ ધિસ લાસ્ટે કર્યું. ભાવતું હતું ને વૈદ્યે ચીંધ્યા જેવું થયું એટલે તેઓ આ પુસ્તક વાંચીને ને કહે છે; "જે વસ્તુ મારામાં ઊંડે ઉતરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મેં રસ્કિનના આ ગ્રંથ રત્નમાં જોયું."

ગાંધીજીએ પુસ્તકને ગ્રંથરત્ન કહીને અંદરનું અમૃત આ રત્નમાં જોયું. આ કોઈ મોટું પુસ્તક મોટો ગ્રંથ નથી પણ ક્રાઉન સાઈઝમાં માત્ર ૩૨ પેજની જ પુસ્તિકા છે. આ પુસ્તિકામાં તેમને ગંગામાં સાગર જોયાની અનુભૂતિ થઈ હતી. માનવ જીવનમાં સૌ કોઈને સમાજ જીવનને સાચે રસ્તે જરૂર ચડાવશે. આવા શુભ વિચારથી આ પુસ્તિકાને હૈયાનો હાર ગણીને હૃદયમાં સાચવી લીધું હતું. તેઓ આગળ કહે છે;

"તેણે મારા ઉપર સામ્રાજ્ય જમાવ્યું, ને તેમાંના વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો."

સામ્રાજ્ય શબ્દ વાપરીને સમગ્રતાનો સાર્વત્રિકતાનો ખ્યાલ પેદા કર્યો અને સામ્રાજ્ય જમાવનાર તો કોઈ સમ્રાટ હોઈ શકે. આવો વિચાર સમ્રાટ રસ્કિન જ કરી શકે. નાનાં નાનાં રાજ્યો જીતવાનું સામર્થ્ય, હિંમત અને સાહસ તો કોઈ સમ્રાટમાં જ હોઈ શકે.

જીવનના તમામ વિચારો પર એકચક્રી રાજ્ય સ્થાપી વિચાર-સમ્રાટ બનવું તે કોઈ નાનીસૂની વાત તો નથી જ. એટલું જ નહીં પણ જે પુસ્તકના બળુકા વિચારો સૂતેલી વ્યક્તિને બેઠી કરી દોડતી કરી મૂકે, વિચાર બેસવા દે જ નહીં. એ સામર્થ્ય સાથેનું કામ આ પુસ્તકે કર્યું હતું, એટલે ગાંધીજી આગળ કહે છે; "તેમના તમામ વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો."

રસ્કિન પોતાના બળુકા વિચારોને કાર્યાન્વિત કરી, આચરણમાં ન મૂકી શક્યા. પ્રબળ ઈચ્છા હોવા છતાં એ બાબત તેમના જીવનમાં અધૂરી રહી ગઈ હતી. 'અન ટુ ધિસ લાસ્ટ'ની રચના ૧૮૪૩થી માંડીને ૧૮૫૬ સુધીના ૧૩ વર્ષના ગાળામાં કટકેકટકે ચાર નિબંધના સ્વરૂપમાં તેમણે કોર્નહિલ મેગેઝિનમાં પ્રકાશિત કરેલા લેખોથી થઈ. તેઓએ આ ચાર નિબંધમાં યુરોપના શોષણ-અર્થશાસ્ત્રને સમાજ સમક્ષ ઉજાગર કર્યું. તેઓ યુરોપના અમીર અને ઉદ્યોગપતિઓથી થઈ રહેલાં મજૂર વર્ગના શોષણને મિટાવવા, પોતાના જીવનવ્યવહાર થકી પલટાવવા માગતા હતા; પણ તેમનાથી એ થઈ શક્યુ નહીં. તેનો તેમને જીવનાન્ત સુધી વસવસો પણ રહી ગયો હતો.

હવે જોવા જેવું એ છે કે જે માણસ જમીનમાં બીજ વાવે છે તે તેના ફળ ચાખી શકતો નથી. આવું કંઈક રસ્કિનનું થયું છે, પણ તેમણે જે બીજ વાવેલું તે વાંઝણુ તો નહોતું, જે જમીનમાં વાવ્યું તે ધરતી બંજર પણ નહોતી. ધરતી તો એક છે. એના ટુકડા કેમ પાડી શકાય? વિચારરૂપી ધરતી ક્યારેય મરતી નથી. ગાંધીજીએ અન ટુ ધિસ લાસ્ટના બીજને પાણી, ખાતર, માવજત આપીને દક્ષિણ આફ્રિકાના ફિનિક્સ આશ્રમમાં પાળી પોષીને ઉછેર્યું ને તેનાં ફળનો સ્વાદ પણ ચાખી જોયો. આ રીતે ગાંધીજીએ ફિનિક્સ આશ્રમ સ્થાપીને જહોન રસ્કિનનું ખરું તર્પણ કર્યું.

તેમણે જોયું કે લોકો માત્ર પોતાનું સ્વાર્થ સાધવા જ જીવે છે. તેનાથી બીજાનું શોષણ થઈ રહ્યું છે તેનો તેને ખ્યાલ પણ નથી અને વિચાર પણ નથી આવતો. શોષક અને શોષિત વચ્ચેની ખાઈ વધુને વધુ ઊંડી ઊતરતી જાય છે, પહોળી થતી જાય છે. પોતાની હયાતીમાં, પોતાની નજરે આ જોઈને રસ્કિન કકળી ઊઠેલા; પણ જ્યારે ગાંધીજીએ આ પુસ્તક વાંચ્યું ત્યારે તેઓ તો થથરી ઉઠ્યા હતા. તેમણે

તો આમાંથી સમાજની દુખતી રગ પકડી લીધી.

પુસ્તકમાં એવું તે શું હતું કે વાંચીને ગાંધીજી આખી રાત ઊંઘી ન શક્યા ? એમણે યુરોપની ઔદ્યોગિક ક્રાંતિએ ઈંગ્લેન્ડના સાધારણ માણસની જે સ્થિતિ પેદા કરી હતી તેનાં દૂરગામી પરિણામો રસ્કિન જોઈ રહ્યાં હતાં. તેઓ કોઈ સત્તાધીશ નહોતા કે આ દર્દને તેઓ હટાવી શકે, તેમણે જીવનમાં એક મૉડલ તૈયાર કરવા વિચારેલું પણ ન કરી શક્યા.

ગાંધીજીએ રસ્કિનના આ ગ્રંથરત્નમાં શું જોયું ? તેમણે આખા પુસ્તકના સારરૂપે ત્રણ બાબત વાસ્તવિક જીવન તરફ આંગળી ચીંધી છે, આંગળી ચીંધનારની એક આંગળી જ સીધી જાય છે અને બાકીની ત્રણ આંગળી તો પોતાના તરફ વળે છે. આ ત્રણ આંગળીઓએ ગાંધીજીને જાગૃત કરી દીધા. 'સર્વોદય'નો સાર એમણે આ ત્રણ બાબતોમાં જોઈ લીધો.

૧. બધાના ભલામાં આપણું ભલું રહેલું છે.

૨. વકીલ અને વાળંદ બન્નેનાં કામની કિંમત એક સરખી હોવી; જોઈએ કેમ કે આજીવિકાનો હક બધાને એક સરખો છે.

૩. સાદું મજૂરનું, ખેડૂતનું જીવન જ ખરું જીવન છે.

અંતે તેઓ લખે છે; "પહેલી વસ્તુ હું જાણતો હતો. બીજીની ઝાંખી જોતો હતો અને ત્રીજીનો મેં વિચાર જ નહોતો કર્યો. પહેલાંમાં બીજી બન્ને સમાયેલી છે."

પોતાનું કામ જાતે કરી લેવું જોઈએ. બીજાની સેવા ન લેવી જોઈએ. પણ બાળક અને વૃદ્ધ સ્ત્રી-પુરુષોની સેવા કરવાના પ્રસંગો ઊભા થાય ત્યારે તે કરવાનો સામાજિક જવાબદારી સમજનાર પ્રત્યેક મનુષ્યનો ધર્મ છે. આવા આદર્શને ખ્યાલમાં રાખીને ફિનિક્સ આશ્રમમાં તમામ કામો જાતે કરવાનું સૌ આશ્રમવાસીઓએ સાથે મળીને નક્કી કર્યું. કોઈ અનિવાર્ય સંજોગોમાં મજૂરો રોકવામાં આવે તો તેની સાથે શેઠ-નોકરનો વ્યવહાર નથી રાખવામાં આવતો.

આ સંદર્ભમાં ગાંધીજી આગળ કહે છે કે; "જાત-મહેનત મનુષ્યમાત્રને સારું અનિવાર્ય છે. એ વાત મને પ્રથમ સોંસરવી ઊતરી, ટોલ્સસ્ટોયના એક નિબંધ ઉપરથી. એટલી સ્પષ્ટ વાતને જાણ્યા પહેલાં તેનો અમલ કરતો થઈ ગયો હતો."

રસ્કિનનું અન ટુ ધિસ લાસ્ટ વાંચ્યા પછી તુરત જાતમહેનત કે જે અંગ્રેજી શબ્દ બ્રેડલેબરનો અનુવાદ છે; બ્રેડ લેબરનો અક્ષરશઃ તરજુમો રોટી(ને સારુ) મજૂરી, રોટીને સારુ પ્રત્યેક મનુષ્યે મજૂરી કરવી જોઈએ, શરીરવાંકું વાળવું જોઈએ એ ઈશ્વરી નિયમ છે; આ વિચાર વાસ્તવમાં ટોલ્સટોયનો નથી પણ તેના કરતાં બહુ અપરિચિત રશિયન લેખક બુર્નોહનો છે; તેને ટોલ્સ્ટોયે પ્રસિદ્ધિ આપી પોતાના જીવનમાં અપનાવી.

ભગવત્ ગીતાના ત્રીજા અધ્યાયમાં લખ્યું છે કે જે યજ્ઞ કર્યા વગર ખાય છે તે ચોરીનું અન્ન ખાય છે. એવો કઠિન શાપ આ યજ્ઞને છે. અહીં યજ્ઞનો અર્થ શ્રમ-જાતમહેનત અથવા રોટીમજૂરી(બ્રેડલેબર) જ શોભે છે. આ સંદર્ભમાં ગાંધીજી કહે છે; "મારા મત પ્રમાણે સંભવે છે. એ ગમે તેમ હો, એ આપણા આ વ્રતની ઉત્પત્તિ છે. બુદ્ધિ પણ એ વસ્તુ ભણી આપણને લઈ જાય છે. મજૂરી ન કરે તેને ખાવાનો અધિકાર નથી. બાઈબલ પણ કહે છે; "તારી રોટી તું તારો પસીનો રેડીને કમાજે ને ખાજે."

કરોડપતિ જો પોતાના ખાટલે આળોટ્યા કરે ને તેના મોંમાં કોઈ ખાવાનું મૂકે ત્યારે તે ખાય તો તે લાંબો વખત ખાઈ શકે નહીં. તેને તેમાં રસ પણ નહીં રહે. તેથી તે વ્યાયામાદિ કરીને ભૂખ લગાડશે ને ખાય છે. તો પોતાના જ હાથ-મોં હલાવીને, જો આમ કોઈક રીતે અંગ કસરત રાય-રંક-બધાને કરવી જ પડે છે, તો રોટી પેદા કરવાની જ કસરત સહુ કાં ના કરે? એ પ્રશ્ન સહેજે પેદા થાય છે.

"ખેડૂતને હવા લેવાનું કે કસરત કરવાનું કોઈ કહેતું નથી. અને દુનિયાના નેવું ટકાનું કામ બાકીના દસ ટકા કરે તો જગતમાં કેટલું સુખ, કેટલી શાંતિ ને કેટલું આરોગ્ય ફેલાય અને ખેતીની સાથે બુદ્ધિ ભળે એટલે ખેતીને અંગે રહેલી ઘણી હાડમારીઓ સહેજે દૂર થાય."

ગાંધીજી આગળ વિગતે સમજાવતાં લખે છે; "જાત-મહેનતના આ નિરપવાદ કાયદાને જો સહુ માન આપે તો તો ઊંચ-નીચના ભેદ ટળી જાય. અત્યારે તો જ્યાં ઊંચ-નીચતાની ગંધ પણ નહોતી ત્યાં એટલે વર્ણ વ્યવસ્થામાંય તે

પેસી ગઈ છે. માલિક-મજૂરનો ભેદ સર્વવ્યાપક થઈ પડ્યો છે ને ગરીબ ધનિકની અદેખાઈ કરે છે. જો સૌ રોટી પૂરતી મજૂરી કરે તો ઊંચ-નીચનો ભેદ નીકળી જાય; ને પછી ધનિક વર્ગ રહેશે તે પોતાને માલિક નહીં માને. પણ પોતાને તે ધનનો કેવળ રખેવાળ કે ટ્રસ્ટી માનશે. તે તેનો મુખ્યપણે ઉપયોગ કેવળ લોકસેવા અર્થે કરશે. જેને અહિંસાનું પાલન કરવું છે, સત્યની આરાધના કરવી છે, બ્રહ્મચર્ય સ્વાભાવિક બનાવવું છે; પણ સહુ તે નથી કરી શકતાં એવી અત્યારે તો સ્થિતિ છે જ. એટલે ખેતીના આદર્શને ધ્યાનમાં રાખીને ખેતીની અવેજીમાં માણસ ભલે બીજી મજૂરી કરે એટલે કે કાંતવાની, વણવાની, સુથારની, લુહારની વગેરે વગેરે."

જાતિ અને કર્મભેદ ટાળવા માટે સમાન વિચાર અને આચારની ભૂમિકાને આધારે, સમાજમાં પેસી ગયેલી સૂગને દૂર કરવા માટે પણ ગાંધીજી કહે છે; "સહુએ પોતપોતાના ભંગી તો થવું જ જોઈએ. ખાય છે તેને મળત્યાગ તો કરવાનો છે. મળત્યાગ કરે તે જ પોતાના મળને દાટે એ ઉત્તમ વસ્તુ છે. એ ન જ બની શકે તો સહુ કુટુંબ પોતાનું કર્તવ્ય કરે. જ્યાં ભંગીનો નોખો ધંધો કલ્પ્યો છે, ત્યાં કંઈક મહાદોષ પેસી ગયો છે, એમ મને તો વર્ષો થયા લાગ્યું છે.

"આ અતિ આવશ્યક અને આરોગ્યપોષક કાર્યને હલકામાં હલકું પ્રથમ કોણે ગણ્યું હશે, તેનો ઈતિહાસ આપણી પાસે નથી. જેણે ગણ્યું તેણે આપણી ઉપર ઉપકાર તો નથી જ કર્યો. આપણે બધા ભંગી છીએ એ ભાવના આપણા મનમાં બચપણથી જ ઠસાવી જોઈએ, અને એ ઠસાવવાનો સહેલામાં સહેલો રસ્તો એ છે કે જે સમજ્યા છે તે જાત મહેનતનો આરંભ પાયખાના સાફ કરવાથી કરે. આમ જ્ઞાનપૂર્વક કરશે તો તે જ ક્ષણેથી ધર્મને જુદી ને ખરી રીતે સમજ્યો હશે."

ફિનિક્સ આશ્રમમાં આ કામ આશ્રમવાસીઓએ પોત-પોતાની જાતે ને જવાબદારીએ કર્યું હતું. ખેતી પેદાશ પણ પોતાને અપાયેલ જમીનમાંથી કરી લેવાની હતી. તે પણ સૌએ સ્વીકાર્યું હતું. ઈન્ડિયન ઓપિનિયનનું પ્રકાશન પણ આશ્રમવાસીઓ સૌ મળીને પોતપોતાની કુશળતા મુજબ કરતા હતા.

ફિનિક્સ આશ્રમ એ અન ટુ ધિસ લાસ્ટના તાત્ત્વિક વિચારોનો અમલ કરવા માટેની એક પવિત્ર તીર્થભૂમિ જ હતી. જેના થકી ગાંધીજીએ ખૂબ બક્ષ મેળવ્યું હતું. એ બળ રંગભેદની નીતિ તોડવાના કામમાં લાગ્યું. અને ભારતના આઝાદી મેળવવાના આંદોલનમાં પણ કામ લાગ્યું.

"હિન્દુસ્તાન બીજી સંસ્કૃતિના આક્રમણો સહન કરી શક્યું છે. કારણ કે પોતાના પાયા પરથી ખસ્યું નથી. તેણે ફેરફારો તો અવશ્ય કર્યા છે. પણ ફેરફાર કરી ઉદ્યોગવાદને દાખલ કરવો એ તો આફત વહોરી લેવા જેવું છે. હાલની દુઃખદાયક દશા અસહ્ય તો છે જ. ગરીબીનો નાશ થવો જ જોઈએ પણ ઉદ્યોગવાદ તેનો સાચો ઉપાય નથી. આપણે બળદગાડા વાપરીએ છીએ તેમાં દોષ નથી રહ્યો. દોષ તો આપણી સ્વાર્થ અને આપણા પડોશીઓના સ્વાર્થ પ્રત્યેના દુર્લક્ષમાં રહ્યો છે. જો આપણને આપણા પડોશીઓને વિશે પ્રેમ ન હોય તો ગમે તેવું જબરદસ્ત પરિવર્તન પણ આપણને લાભ કરી શકે તેમ નથી. પણ જો આપણે આપણા પડોશીઓ વિશે એટલે કે હિન્દુસ્તાનના ગરીબો પ્રત્યે પ્રેમ હોય તો તેઓ આપણા માટે જે બનાવે તેનો તેમના હિત માટે આપણે ઉપયોગ કરીશું. આપણે સમજુ હોઈએ તો લોકોના હિતને ખાતર પશ્ચિમની ઝગમગતી વસ્તુઓ લઈ તે ગામડે પહોંચાડવાના અનીતિમય વેપારમાં હરગિજ ન પડીશું.

"આપણે બીજો કોઈ ફેરફાર કરીએ તે પહેલાં પહેલો ફેરફાર એ કરવો જોઈએ કે પરદેશી કાપડને તિલાંજલિ આપવી અને હાથકાંતણના પ્રાચીન ઉદ્યોગનો પુનરુદ્ધાર કરવો. ઉદ્યોગવાદને અટકાવવો હોય તો આપણે આપણા પ્રાચીન અને આરોગ્યદાયી ઉદ્યોગનો પુનરુદ્ધાર કરવો રહ્યો."

ગાંધીજી આગળ કહે છે કે, "હું કાંઈ મૂડીથી ડરતો નથી. મૂડીવાદની સાથે મારે ઝઘડો છે. પશ્ચિમની પાસેથી કાંઈ શીખવવાનું હોય તો તે ધન એક જ સ્થાને અથવા એક જ વર્ગમાં એકત્ર ન કરીને, જાતિ-જાતિ અને વર્ગ-વર્ગ વચ્ચેની વધારે તુમુલ યાદવી ટાળવાનું છે. મૂડીવાળા અને મજૂરોની વચ્ચે પરસ્પર વિરોધ હોવાની કશી જ જરૂર નથી(જ્યારે તવંગર ગરીબના પેટ પગ મૂકીને પૈસો

કમાવવાને લાત મારશે અને જ્યારે ગરીર તવંગરની ઈર્ષા ન કરે).

"હું એવો એકે કાળ કલ્પી નથી શકતો જ્યારે કોઈ કોઈનાથી વધારે ધનવાન ન હોય, પણ જરૂર એવો સમય કલ્પી શકું છું કે જ્યારે તવંગર ગરીબના પેટ પર પગ મૂકીને પૈસો કમાવાને લાત મારશે અને જ્યારે ગરીબ તવંગરની ઈર્ષા નહીં કરે. જગત છેક નિર્દોષ થયું હશે ત્યારે પણ અસમાનતા આપણે દૂર ન કરી શકીએ. તવંગર અને ગરીબ ભાઈ-ભાઈ તરીકે રહેતા હોવાના ઘણાયે દાખલા મૌજુદ છે. આપણે એવા દાખલા વધારી મૂકીએ એટલે થયું."

યંત્રોદ્યોગ અને સમાન વહેંચણી બાબત એક અમેરિકન સાથે ગાંધીજીની જે વાતચીત થઈ તે બહુ સમજવા જેવી અને અપનાવવા જેવી પણ છે. તે વાતચીત અહીં અક્ષરશઃ રજૂ કરવામાં આવી છે.

આ અમેરિકન ગાંધીજીને પ્રશ્ન પૂછે છે;

"આપને લાગે છે કે બહુ મોટા પ્રમાણમાં માલ ઉત્પાદન કરવાથી લોકોની રહેણીનું ધોરણ ઊંચું ચડશે?"

"હું એ જરાય નથી માનતો. મિ. ફોર્ડની દલીલમાં જ એક મોટો દોષ રહેલો છે. માલ મોટા પ્રમાણમાં પેદા થાય તેટલા જ મોટા પ્રમાણમાં તેની વહેંચણી ન થાય તો દુનિયા પર ભયાનક આપત્તિ જ આવી પડે. મિ.ફોર્ડની મોટરોનો જ દાખલો લો. વહેલાં મોડાં ક્યારેક તો એવો વખત આવશે જ કે જ્યારે તેમનાથી વધારે મોટરો બનાવી શકશે જ નહીં. કેમ કે જેટલી મોટરો ખપી શકે એવી હશે એટલી બધી બની ચૂકી હશે. એ વખતે તેઓ શું કામ કરશે? મોટા પ્રમાણમાં ઉત્પાદન કરવામાં આવે છે તેમાં માલ વાપરનાર ઘરાકની ખરી જરૂરિયાતનો વિચાર જ કરવામાં આવતો નથી. જો મોટા પ્રમાણની ઉત્પત્તિ એ વસ્તુ સારી હોય તો તેનો અમર્યાદ વિકાસ થઈ શકે એવી સ્થિતિ હોવી જોઈએ. પણ એટલું તો નિર્વિવાદપણે બતાવી શકાય એમ છે કે મોટા પ્રમાણમાં માલ પેદા કરવા માંડે તો એ માલ ખપવા માટે દુનિયામાં પૂરા બજાર પણ ન મફે, ત્યારે તો એ ઉત્પત્તિએ અટકવું જ રહ્યુંને?"

આટલું સાંભળીને પેલા અમેરિકન સજ્જને પ્રતિપ્રશ્ન કર્યો;

"આપને લાગે છે કે પશ્ચિમના દેશોમાં ઉત્પત્તિની આ હદ આવી ગઈ છે? મિ.ફોર્ડ કહે છે કે સારી ને ટકાઉ ચીજ તો દુનિયામાં અમુક પ્રમાણમાં જ બનવાની અને દુનિયાની જરૂરિયાતમાં તો સતત વધારો જ થતો જાય છે એટલે બજારમાં એકાદ વસ્તુનો ભરાવો થઈ જાય. પણ બધી જ ચીજોનો ભરાવો તો કદી થવાનો નથી ને?"

ગાંધીજી કહે છે કે ઝાઝી દલીલમાં ઉતર્યા વિના મારી જે દઢ માન્યતા છે તે તમને જણાવી દઉં કે જગતમાં જે ઉત્પાતો થઈ રહ્યા છે તેનું કારણ આ મોટા પ્રમાણમાં માલ બનાવવાની ઘેલછા જ છે. ક્ષણભર માની લો કે મનુષ્યની જેટલી હાજતો છે તે બધી યંત્રો વાટે પૂરી પડે છે, છતાં યંત્રોથી થતી પેદાશ તો અમુક પ્રદેશમાં જ થઈ શકે; અને તેથી તમારે એ માલની વહેંચણી માટે અટપટો રસ્તો લેવો જ પડે. પણ જો માલ જે જગાએ જોઈએ ત્યાં જ પેદા થાય ને ત્યાં જ વહેંચાય તો દગાને માટે ઓછો અવકાશ રહે છે. અને સટ્ટો તો કોઈ કરી જ ન શકે."

આ સાંભળી પેલા અમેરિકન મિત્રે ફરી એક પ્રશ્ન પૂછ્યો;

"મિ.ફોર્ડની યોજના તો ઉદ્યોગને અનેક ક્ષેત્રમાં વહેંચી નાખવાની છે. કોલસા અને વરાળ વાપરવાને બદલે, તાર વાટે વીજળી દેશને ખૂણે ખૂણે પહોંચાડી હોય તો હજારો નાનાં ગામડાંનાં નાનકડાં, સુંદર, સુઘડ કારખાનાં ચાલે ને ધુમાડો પણ ન થવા પામે. ધારો કે આ યોજના પાર પડે તો આપને વાંધો રહે ખરો?"

"મારો વાંધો એથી ટળે નહીં કેમ કે તમે અગણિત ગામડાંમાં માલ પેદા કરો ખરા, પણ વીજળી તો એક જગાએથી આવવાની. અને અંતે આપત્તિ નિવડે એમ હું માનું છું. એ રીતે એક જ મનુષ્યના હાથમાં એટલી બધી શક્તિ ભેગી થઈ જાય કે એની કલ્પના કરતા હું કાંપું છું. એવી એકહથ્થુ શક્તિનું પરિણામ એ આવે કે મારે પ્રકાશ પાણી અને હવા માટે પણ એ શક્તિ પર આધાર રાખવો પડે. મને એ દશા ભયાનક લાગે છે."

ગાંધીજીની તર્કબદ્ધ આવી દલીલ સાંભળીને પેલા

અમેરિકન મિત્રને વિસ્મય થયું તેમણે કહ્યું; "ગાંધીજી, આપ આ વખતે લંડન આવ્યા છો એ સુયોગ છે. કેમકે રાજદ્વારી પ્રશ્નો બાજુએ રાખીએ તો પણ આ વખત મને એવો જણાય છે કે જ્યારે યંત્રો વિશે અને ખાસ કરીને જર્મની અને અમેરિકામાં જે જંગી કારખાનાં અમે ઊભાં કર્યાં છે તેને વિશે પશ્ચિમના લોકોનો ભ્રમ ભાંગ્યો છે. તેમની આંખ ઉઘડી છે. એની ઉપયોગિતા વિશે લોકો કંઈક ગાભરા અને શંકાશીલ બન્યા છે. મને એમ પૂછે છે કે આપણે હદ બહાર તો નથી જતાં રહ્યાં ? યંત્રોના હદપારના વધારાથી જે ગૂંચવાડો ઊભો થયો છે, તેમાંથી છૂટવાને યુરોપ-અમેરિકાએ શું કરવું જોઈએ? એનો આપને કંઈ ખ્યાલ છે ખરો?"

"તમે જુઓ છો કે આ રાષ્ટ્રો જગતમાં નબળા કહેવાતા કે સંગઠન વિનાના રાષ્ટ્રોને ચૂસી શકે છે. એ પ્રજાઓને આ વાતની ખબર પડશે ને તેઓ નક્કી કરીશે કે હવે આપણે ચુસાવું નથી. તો તેઓ પોતે માણસની જે મુખ્ય હાજતોને વિશે, જે મોટા પ્રમાણમાં માલ પેદા થાય છે તે, બંધ થઈ જશે."

"પણ એ પ્રજાઓની હાજતો પણ જેમ જેમ વધતી જશે તેમ તેમ તેને પણ વધારે માલની જરૂર પડશે જ ને?"

ગાંધીજી કહે છે કે; "તેઓ જાતે પેદા કરી લેશે અને એમ બનશે ત્યારે પશ્ચિમમાં માલ મોટા પ્રમાણમાં ઉત્પન્ન થતો બંધ થઈ જશે."

"સ્થાનિક ખપ પૂરતો જ માલ પેદા થવા લાગશે, એમ આપ કહેવા માંગો છો?"

આનો જવાબ ગાંધીજી બહુ સલુકાઈથી આપતા કહે;

"જે જગાએ માલ પેદા થાય ત્યાં જ વપરાય એવી સ્થિતિ આવશે, ત્યારે ઉત્પત્તિનો વેગ અમર્યાદપણે અને ગમે તે ભોગે વધારવાની લાલચ નહીં રહે. આજની આપણી આર્થિક વ્યવસ્થાને લીધે જે પાર વિનાની મુસીબતો ને ગૂંચવાડા ઊભાં થયાં છે તે પણ પછી તો ટળી જશે. એક જ દાખલો: ઈંગ્લેન્ડ આજે આખી દુનિયાને કાપડ પૂરું પાડે છે. તેથી એ બજાર કાયમી રાખવા માટે તેને દેશોને તાબે રાખવા પડે. પણ હું જે પરિવર્તન કલ્પું છું તે પ્રમાણે તો ઈંગ્લેન્ડ પોતાની સાડા ચાર કરોડની વસ્તીને જોઈએ એટલું જ કાપડ બનાવશે. એ જરૂરિયાત પૂરી પડી ગઈ એટલે ઉત્પત્તિ પણ અટકવી જ જોઈએ. પરદેશના લોકોને ઈંગ્લેન્ડનું કાપડ જોઈએ કે ન જોઈએ તો પણ જબરદસ્તીથી તેને માથે એ કાપડ મારીને એ દેશના લોકો ભૂખે મરતાં રવડતાં થઈ જાય તેની પરવા કર્યા વિના, એ દેશનું સોનું ઘસડી લાવવાને કાપડની ઉત્પત્તિ ચાલુ નહીં રાખવામાં આવે, આજે દાખલા તરીકે જેમ અમેરિકામાં બને છે તેમ થોડાંકના ઘરમાં ધનના ઢગલા વળે છે અને બીજાઓને સમૃદ્ધિથી આજે આખી દુનિયાને જાત-જાતની ઝીણી ઝીણી ચીજો વેચીને અથવા તો તેની અદ્વિતીય કુશળતા વેચીને જગત પર પોતાનો કાબૂ જમાવ્યો છે. એમ કરવાનો એનો હક છે. અમેરિકાએ જંગી કારખાનાની અવધિ વાળી છે, છતાં તે પોતાને ત્યાંથી બેકારી કે ગરીબાઈને નાબૂદ કરી શક્યું નથી.

"અમેરિકામાં મૂઠીભર માણસો કુબેરના જેટલા વૈભવવાળા છે, બીજી બાજુ હજારો નહીં, કદાચ કરોડો લોકો નિર્ધનતા ને હાડમારીમાં રહે છે. આ જંગી કારખાનાથી આખી અમેરિકન પ્રજાને લાભ નથી થતો."

આ બે વચ્ચેની વાતચીતમાં એક પત્રકાર ભળ્યો. તેના દિલમાં એક પ્રશ્ન ઉદ્ભવ્યો, જે તેણે ગાંધીજીને પૂછી વાળ્યો;

"એમાં વહેંચણીની ખામી છે, એનો અર્થ એ છે કે અમારી ઉત્પત્તિની પદ્ધતિ સંપતિને શીખરે પહોંચી છે, પણ વહેંચણીની પદ્ધતિ ખામી ભરેલી છે. વહેંચણી જો સમાનતાને ધોરણે થાય તો મોટા પ્રમાણની ઉત્પત્તિના બૂરા પરિણામો ટળે નહીં?

"ના, એ બૂરા પરિણામ એ યોજના સાથે જોડાયેલા જ છે. ઉત્પત્તિને તમે સ્થાનિક બનાવો, એટલે કે જે માલ જ્યાં બને ત્યાં જ ખપે એમ કરો, તો જ વહેંચણી સમાનતાને ધોરણે થઈ શકે. બીજા શબ્દોમાં, ઉત્પત્તિની સાથે સાથે જ વહેંચણી પણ ચાલવી જોઈએ. જ્યાં સુધી તમારે તમારો માલ ખપાવવા દુનિયાના બીજાં બજારો શોધવાં હોય, ત્યાં સુધી વહેંચણી સરખી થવાની જ નથી. એનો અર્થ એ નથી કે પશ્ચિમની પ્રજાઓએ વિજ્ઞાન અને સંગઠનની બાબતમાં

જે અદ્ભૂત પ્રગતિ કરી છે, તેનો દુનિયાને કશો ખપ નથી. એનો અર્થ એ જ થયો કે પશ્ચિમની પ્રજાઓએ પોતાની કુશળતાનો ઉપયોગ બીજાને આપવો રહ્યો.

"અમેરિકાને જો પોતાની કુશળતાનો ઉપયોગ પરદેશમાં પરમાર્થ બુદ્ધિથી કરવો હોય તો તે કહેશે; 'જુઓ અમને પુલ બનાવતાં આવડે છે. એ કળા અમે છાની નહીં રાખીએ. પણ આખી દુનિયાને અમે કહીએ છીએ અમે તમને પુલ બાંધતા મફત શીખવશું.' અમેરિકા કહે છે; 'જ્યાં બીજી પ્રજાઓ ઘઉંનું એક કણસલું પેદા કરી શકે છે, ત્યાં અમે બે હજાર પેદા કરી શકીએ છીએ' તો અમેરિકાએ એ કળા જે શીખવા માગે તેને મફત શીખવવી જોઈએ. પણ આખા જગત માટે ઘઉં પેદા કરવાનો વિચાર ન કરવો જોઈએ. નહીં તો દુનિયાના બાર વાગી જાય."

આ સાંભળીને એ પત્રકાર રશિયાનો દાખલો આપીને કહે છે;

"રશિયાએ મોટા પાયા પર ઉત્પત્તિ આદર્યા છતાં નબળી પ્રજાઓને ચૂસવા માંડી નથી કે અસમાન વહેંચણી જાળમાં ફસાયું નથી. એમ ન કહી શકાય?"

ગાંધીજી આ પ્રશ્નનો જવાબ બહુ ઠાવકાઈથી આપતા કહે છે; "એમ જ કહોને કે, સોવિયેટ રશિયામાં આજે બને છે એમ ઉત્પત્તિ અને વહેંચણી બન્ને પર સરકાર અંકુશ રાખે એ પદ્ધતિ વિશે તમે મારો અભિપ્રાય માંગો છો. એ નવો અખતરો છે. અંતે એ કેટલો સફળ થશે એની મને ખબર નથી. એ જો જબરદસ્તી પશુબળ પર ન રચાયેલી હોય તો હું એના પર વારી જાઉં. પણ આજે તો એનું મંડાણ જબરદસ્તી પર થયેલું હોઈ, એ આપણને કેટલું ને ક્યાં લઈ જશે એ હું જાણતો નથી."

(નોંધ- આજે રશિયાની દશા કેવી થઈ છે તે આપણે જોઈ શકીએ છીએ.)

અમેરિકન પત્રકાર કહે છે;

"ત્યારે હિન્દુસ્તાનમાં ભવિષ્યમાં મોટા પ્રમાણમાં ઉત્પાન થાય એવો આદર્શ આપ નથી રાખતા?"

ગાંધીજી કહે છે;

"મોટા પ્રમાણમાં ઉત્પાદન તો જરૂર જોઈએ, પણ તેનું મંડાણ બળજબરી પર થયેલું ન હોય. રેટિયાનો સંદેશો એ જ છે. એમાં પણ મોટા પ્રમાણમાં ઉત્પાદન છે પણ તે લોકોના ઘરમાં થાય છે. એક માણસ જે માલ પેદા કરે છે તેને તમે દસ લાખથી ગુણો તો એ પ્રચંડ ઉત્પાદન ન થયું? પણ હું તો બરાબર સમજું છું કે, તમે મોટા પ્રમાણમાં ઉત્પાદન એ શબ્દ વાપરો છો તે એના રૂઢ અર્થમાં એ અર્થ છે કે અતિશય અટપટા યંત્રોની મદદથી બને એટલાં ઓછામાં ઓછા માણસોએ કરેલું ઉત્પાદન. મેં મનમાં વિચારી રાખ્યું છે કે એ ખોટું છે. મારું યંત્ર તો એવું હોવું જોઈએ કે સાદામાં સાદું હોય અને કરોડો ઘરોમાં રાખી શકાય એવું હોય. મારી યોજનામાં ચલણી નાણું તે ધાતુ નથી પણ શ્રમ છે. જે શ્રમ કરી શકે તેને એ નાણું મળે છે, તેને ધન પ્રાપ્ત થાય છે. તે પોતાના શ્રમનું રૂપાંતર કાપડમાં કરે છે, અનાજમાં કરે છે. તેને જો પેરેફિન તેલ જોઈએ ને એ તેનાથી પેદા ન થઈ શકતું હોય તો તે પોતાની પાસેનો વધારાનો દાણો આપીને સાટે તેલ લેશે. એમાં શ્રીમંતનો સ્વતંત્ર, ન્યાય અને સમાન ભાવે વિનિમય છે; તેથી તે લૂંટ નથી. તમે વાંધો લેશો કે આ તો પાછા જૂના જમાનાની માલનું સાટું કરવાની રીત પર આવ્યા. પણ આખો આંતરાષ્ટ્રીય વેપાર સાટાની પદ્ધતિ પર ગોઠવાયેલો નથી?

"વળી આ યોજનામાં બીજો એક લાભ છે તે જુઓ. એને તમે અમર્યાદિત પ્રમાણમાં વધારી શકો છો, પણ મોટા યંત્રોથી પાર વિનાનો માલ પેદા કરવા માંડો એને પરિણામે બેકારી વધ્યા વિના રહે જ નહીં. તમે કહેશો કે સુધારેલ યંત્રો દાખલ કરવાથી જે મજૂર બેકાર થયા તે બીજું કંઈ કામ શોધી લેશે. પણ મોટા સંગઠનવાળા દેશમાં જ્યાં નોકરી મળવાના અમુક અને ગણતર રસ્તા જ ખૂલ્લા હોય છે, અને જ્યાં મજૂરને અમુક એક જાતનું યંત્ર વાપરવાનો લાંબો વખતનો મહાવરો પડી ગયેલો હોય છે, ત્યાં બીજા ધંધામાં જઈ શકતો નથી. એ તમે જાત અનુભવ પરથી જાણો છો. આજે ઈંગ્લેન્ડના બેકારોની સંખ્યા ત્રીસ લાખ ઉપર નથી? મને થોડા જ દહાડા પર કોઈએ પૂછયું; અમે આજે ત્રીસ લાખ બેકારોનું શું કરીએ છીએ? તેઓ એક દિવસમાં કારખાના છોડી ખેતી કરવા ન જઈ શકે. આ મહા વિકટ

પ્રશ્ન છે?"

આના પરથી ખેતીમાં યંત્રો વપરાય કે કેમ એની ચર્ચા પર ઉતર્યા. પત્રકાર- "યંત્રો વડે ખેતી કરવાથી જેમ અમેરિકા અને કેનેડામાં ઘણો લાભ થયો તેમ હિન્દુસ્તાનમાં ન થાય?" ગાંધીજી- "કદાચ થાય. પણ એ પ્રશ્નનો જવાબ આપવાની મારી યોગ્યતા હું નથી માનતો. અમે હિન્દુસ્તાનમાં હજુ સુધી તો ખેતીમાં અટપટા યંત્રો વાપરીને લાભ નથી મેળવી શક્યા. અમે યંત્રોનો ત્યાગ જ કરવો એવું પણ લઈને નથી બેઠા. અમે ચેતી ચેતીને અખતરા કરીએ છીએ. પણ વરાળ કે વીજળીથી ચાલતાં યંત્રોની અમને ખેતીમાં જરૂર નથી જણાઈ."

ગાંધીજી યંત્ર માત્રના કટ્ટર શત્રુ છે એવી માન્યતા ઘણા લોકોના મનમાં છે, એવી છાપ લઈને આ મિત્ર આવ્યા હતા. એમણે કહ્યું; "કેટલાંક લોકોને એવો ખ્યાલ છે કે આપ યંત્રમાત્રના વિરોધી છો. એ સાચું તો નહીં જ હોય."

ગાંધીજી- "એ સાવ ખોટી વાત છે, રેંટિયો પણ યંત્ર જ છે. એ સુંદર કલાકૃતિ છે. યંત્રો ઘેર ઘેર કેમ પહોંચાડી શકાય એનો એ નમૂનો છે. એ આમવર્ગનું, રંકનું યંત્ર છે."

પેલા અમેરિકન મિત્રે ચર્ચા પૂરી કરતાં પૂછ્યું;

"ત્યારે આપ યંત્રોની વિરુદ્ધ એટલા માટે અને તો જ છો જો યંત્રો ઉત્પાદન અને વહેંચણીનું કામ મૂઠીભર લોકોના હાથમાં મૂકી દેતા હોય."

ગાંધીજી- "બરાબર છે. થોડા જ માણસો સુખી રહે અને એકહથ્થુ સત્તા ભોગવે, એ મને ગમતું નથી. જે વસ્તુમાંથી આમ વર્ગને ભાગ ન આપી શકાય, તે મારે ત્યાજય છે, એટલું જ!"

**(અનુસંધાન પાના નં. ૫૪ ઉપરથી)**

પ્રખ્યાત છે. બૃહદારણ્ય ઉપનિષદમાં આ સંવાદો સંગ્રહિત છે.

હવે પ્રશ્ન એ છે કે આ રીતે ભણેલી ગણેલી સ્ત્રીઓની સંખ્યા કેટલી ? પ્રમાણ કેટલું ?

આપણે કહેવું જોઈએ અને સત્ય ખાતર કહેવું જોઈએ કે આ પ્રમાણ અલ્પ છે. વેદ-ઉપનિષદોમાં વિદૂષી સ્ત્રીઓના ઉલ્લેખ છે, તે સાચું છે, પરંતુ આવી સ્ત્રીઓની સંખ્યા ખૂબ ઓછી છે. આ પ્રમાણ અતિ અલ્પ છે. વિશેષતઃ જે ઋષિઓનું ગુરુકુલ હોય તે ઋષિની કન્યાઓ અર્થાત ઋષિકન્યાઓ આ શિક્ષણ પામતી. દા.ત. પ્રસિદ્ધ ગાર્ગી વચકનું ઋષિની પુત્રી અર્થાત ઋષિકન્યા હતી.

આમ છતાં એ પણ કન્યાઓ વિદ્યાભ્યાસ કરતી, કાંઈક શિક્ષણ પામતી. રાજાઓની કન્યાઓ રાજ પરિવારમાં જ વિશિષ્ટ નિયુક્ત આચાર્ય દ્વારા શિક્ષણ પ્રાપ્ત કરતી. કુંતી, માદ્રી, ગાંધારી, દ્રોપદી આદિ ક્ષત્રિય કન્યાઓ ગુરુકુલમાં ભણવા ગઈ ન હતી અને છતાં તેઓ સૌ સારી રીતે ભણેલી છે, અભણ નથી. તેઓ સૌ શાસ્ત્રજ્ઞ પણ હશે, તેમ લાગે છે.

૧૨. સમાપન

પ્રત્યેક યુગને પોતાની પરિસ્થિતિ હોય છે, પોતાના સંજોગો અને પોતાનું વાતાવરણ હોય છે. જે તે યુગના શિક્ષણનું મૂલ્યાંકન તે યુગના સમગ્ર સંજોગો અને વાતાવરણના પરિપ્રેક્ષ્યમાં થવું જોઈએ.

તદનુસાર વેદકાલીન શિક્ષણનું મૂલ્યાંકન પણ વેદકાલની પરિસ્થિતિને સમજીને થવું જોઈએ.

આમ છતાં એટલું તો લાગે જ છે કે વેદકાલની શિક્ષણ વ્યવસ્થા, શિક્ષણ પદ્ધતિ ખૂબ ઉચ્ચ કોટિની જણાય છે. આ પદ્ધતિનો ઝીણવટથી અભ્યાસ કરીને, ખુલ્લા મનથી વિચારીને આપણે આજે પણ ઘણું શીખી શકીએ, લાભાન્વિત થઈ શકીએ.

સર્વાંગી જીવન શિક્ષણ, શિક્ષક-વિદ્યાર્થી સહજીવન, છાત્રાલય જીવનનું મૂલ્ય, અધ્યાત્મને શિક્ષણમાં સ્થાન, જીવંત શિક્ષણ - આ અને આવાં અનેક તત્ત્વો છે, જેનો આપણે આપણા આજના શિક્ષણમાં સમાવેશ કરી શકીએ. એમ કરવાથી આપણું આજનું શિક્ષણ વધુ લાભાન્વિત જ થશે. આપણા વિદ્યાર્થી વધુ સમૃદ્ધ શિક્ષણ પામી શકશે.

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન૦૨૮૨૨-૨૯૨૬૮૮

## (૦૪) સરવાણી સેવાતણી : મુક્તાબહેન સંઘવી

- પરિચય : રમેશ સંઘવી



ભક્ત નરસૈંયાએ દિલથી માંગેલું : ‘‘નિત સેવા, નિત કીર્તન—ઓચ્છવ, નીરખવા નંદકુમાર રે !’’ મુક્તાબહેન માટે જરૂરતમંદો અને સૌથી છેવાડે રહેલાનાં આંસુ લૂછવાં એ જ નંદકુમારનાં દર્શન, એ જ પૂજા—અર્ચના. કર્મ એ જ પૂજા !

પરિવારનો જ આ વારસો અને વૈભવ પણ ! આઝાદી પૂર્વે, ૧૯૩૦—૩૧માં કિશોર અવસ્થાથી જ ગાંધીકાર્યમાં પ્રવૃત્ત થનાર પિતા સ્વ. મણિભાઈ સંઘવી અને જ્યાં જરૂર પડી ત્યાં, કશા પણ ભેદભાવ વિના સહાયાર્થે પહોંચી જનાર માતા સ્વ. સુશીલાબહેન — આ માતા-પિતા. એક સંસ્કારી, સદ્‌ભાવી, ગાંધીપ્રેમી પરિવારમાં ૧૯૫૪ના મેની ૧૧મીએ જન્મ. સાડા છ દાયકાની તેમની આ સફરમાં તેમણે આ સંસ્કાર—વારસો અદકેરો ઉજાળ્યો છે…

પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ તો કચ્છમાં જ, પણ ઉચ્ચ શિક્ષણ અર્થે લોકભારતી જવાનું થયું. સોનામાં સુગંધ ભળી. પરિવારના જ વિચાર-વાતાવરણને સિંચન મળ્યું. સ્નાતક પછી ડાંગ જિલ્લાના સાપુતારામાં ચાલતી આદિવાસી કન્યાઓ માટેની શાળાના છાત્રાલયમાં ગૃહમાતા અને આનુષંગિક કામોની જવાબદારી સંભાળી. એકાદ વર્ષ ત્યાં કાર્ય કર્યું, તેમનાં કાર્યની સુગંધ પ્રસરી, પણ તેમને આગળ અભ્યાસનું મન થયું અને પુસ્તકાલય વિજ્ઞાનના ડીગ્રી અભ્યાસ માટે એક વર્ષ અમદાવાદ રહેવાનું થયું. જાણે કચ્છ તેમને બોલાવતું હતું એટલે બી.લિબ. થયાં પછી માંડવી (કચ્છ)ની પ્રસિદ્ધ શાળા : ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયમાં એક વર્ષ ગ્રંથપાલ તરીકેનું કામ સ્વીકાર્યું. વર્ષ હતું ૧૯૭૮.

લોકજાગૃતિ, લોકશિક્ષણ અને ગ્રામવિકાસનાં કાર્યો કરવા માટે બાપુજી (મણિભાઈ સંઘવી)એ રાપર તાલુકાના નીલપર ગામે, ગામથી બેએક કિ.મિ. દૂર ‘સોનટેકરી’ પર ‘ગ્રામ સ્વરાજ સંઘ’ સ્થાપીને આ વિસ્તારના સર્વાંગી વિકાસનું સપનું સેવેલું. ૧૯૭૯માં મુક્તાબહેન તે કાર્યશૃંખલામાં જોડાયાં તો ચાર દાયકાથી અવિરતપણે તેમની આ સેવાસફર ચાલુ છે. આ આખો ગાળો તેમનાં ઘડતરનો, શ્રેય સાધક—સેવાકાર્યોને સમર્પિત થવાનો.

ગ્રામ સ્વરાજ સંઘ એટલે પ્રવૃત્તિઓનો મહારાસ ! શિક્ષણનાં કાર્યો, વિવિધ રચનાત્મક કાર્યો, જરૂર પડે ત્યારે અન્યાય નિવારણ માટે સંઘર્ષનાં કાર્યો, લોકજાગૃતિ અને લોકનિર્માણનાં કાર્યો, આસમાની કે સુલતાની આફતો વખતે કરવાનાં કાર્યો. સંસ્થા આ બધાંમાં પૂરી નિષ્ઠા અને નિસબતથી કાર્યરત. મુક્તાબહેન સહજભાવથી આ બધામાં જોડાતાં ગયાં, પલોટાતાં ગયાં. એમનું અધિક ઘડતર થતું ગયું અને આગવું વ્યક્તિત્વ નીખરતું ગયું. સમર્પણ અને સંવેદનશીલતા સાથે મોટાઈ—મહત્તાથી વેગળા રહી પ્રભુની પૂજા કરવાના ભાવથી વિવિધ કાર્યો સાથે એકરૂપ બનતાં ગયાં. માતાજીએ કહેલું : ‘‘કોઈ પણ બાબતની કદી બડાઈ ન કરશો, તમારાં કાર્યોને જ તમારા વતી બોલવા દો’’ અને એવું જ થયું. સંસ્થા પરિસર પર ઉત્તર બુનિયાદી શાળા,

કન્યાઓ માટેની આશ્રમશાળા, છાત્રાલયો, ગૌશાળા, અતિથિઓ આવે જાય તેની સંભાળનાં કાર્યો તેમ જ સંસ્થા દ્વારા વિવિધ ગામોમાં ચાલતાં કાર્યો. અને એમાં પાછું ૧૯૯૧માં માતૃસ્મૃતિ તાજી રાખવા 'સુશીલ ટ્રસ્ટ'ની સ્થાપના થઈ. એ ટ્રસ્ટનું પ્રારંભથી જ કેટલુંક કાર્ય મુક્તાબહેનના શિરે. ટ્રસ્ટ દ્વારા કચ્છના મોટા રણની વચ્ચે, અંતરિયાળ ખડીર બેટ પર 'શ્રી રામકૃષ્ણદેવ વિદ્યાસંકુલ' શરૂ થયું અને મોટી જવાબદારી આવી. ત્યાં પરિસર પર કન્યા શાળા, વિદ્યામંદિર—જીવનશાળા, હુન્નરશાળા, આરોગ્ય-પર્યાવરણનાં કાર્યો અને એવું તો કેટકેટલું ! મુક્તાબહેને આ કાર્યોને જવાબદારીપૂર્વક સંભાળ્યાં. એ વિસ્તારમાં વ્યસનમુક્તિ, ગોનીરણ કેન્દ્રો, જળસંચય, સ્વાસ્થ્યસેવા જેવાં કાર્યો ચાલતાં રહ્યાં અને માળાના મણકાની જેમ નવાં નવાં ઉમેરાતાં ગયાં. કોઈએ કહેલું : "હોય તિમિર ત્યાં ફાનસ બનજે !" ખડીર વિસ્તારમાં દીપ પ્રગટાવવાનું કામ થયું. જુ.કાકાએ ગુરુદેવ ઠાકુરની એક કવિતાનો ભાવમધુર અદભુત અનુવાદ આપ્યો છે. પ્રભુને પૂછે છેઃ "ચરણ આપનાં ક્યાં બીરાજે છે !" કવિ કહે છે : "આઘામાં આઘા, પાછામાં પાછા, દુબળા—બાપડા જ્યાં બીરાજે, સૌથી દલિત—સૌથી પતિત ત્યાં બીરાજે, જ્યાં રંકનાં ઝૂંપડાં છે, પ્રભુનાં ચરણ ત્યાં બીરાજે છે !" બસ આ જ ભાવ મન—પ્રાણમાં રસીને મુક્તાબહેનની સેવાયાત્રા ચાલી. નકુલભાઈનાં તેમાં સતત સાથ—સહાય મળ્યાં તેથી તો વિશેષ સુકર બની.

મુક્તાબહેનમાં સહજ કોઠાસૂઝ—હૈયાસૂઝ છે. તેમાંથી તેમની વ્યવસ્થાશક્તિ પાંગરી છે. તેઓ ગૂંચવણમાંય ગૂંથણી ઊભી કરી દે ! પોતાની આગવી નિર્ણયાત્મકતા ગેરવ્યવસ્થાને સુચારુ વ્યવસ્થામાં પલટી નાખે ! જીવન એ કોઈ ફોર્મ્યુલા નથી કે નથી બંધિયાર ખાબોચિયું. તે તો સતત વહેતું, આગળ ધપતું રહે છે. સારાં કાર્યો કરવાં અને તેનો હિસાબ ન રાખવો, ગણવાં નહીં તે સહેલું નથી. કામ કરનારની પ્રદર્શન, પ્રકાશન, પ્રશંસાની લિપ્સા હોય છે. મુક્તાબહેન માટે : "નેકી કર, કૂવે મેં ડાલ" જેવું અને તેમનો વહીવટ વ્યવસ્થિત તો ખરો જ, સાથે પારદર્શક અને જવાબદેહી. કામગીરીનો ઢોલ ન પીટવો અને ચૂક વગર કાર્ય કર્યા કરવું તે મોટી વાત છે. માનવનાં કાર્યોમાં સંપૂર્ણતા ન હોય, પણ ઉત્તમતા તો આવી શકે. મુક્તાબહેન પાસેથી એ શીખવા જેવું. આપણે ત્યાં કહેવાયું : "યોગઃ કર્મસુ કૌશલમ" — કર્મમાં કુશળતા એ જ યોગ.

મુક્તાબહેનનો વાચનશોખ જબરો. નિત નવાં પુસ્તકો તેમની સંગાથે હોય. ઉત્તમ ગૃહિણી—પાકશાસ્ત્રી. એક વખત તેમના હાથની રસોઈ જમે તે ભૂલે નહીં. વિવિધ કસબ—હસ્તકલા તેમનાં ટેરવે.

આવાં મુક્તાબહેનનો વૈભવ તો સોનટેકરી—નીલપર પર વિસ્તર્યો છે, જેમ આભની વાદળી કહે : " મારો વૈભવ જોવો હોય તો આ હરિયાળાં ખેતરો જુઓ" — તેમ.

●---------●●●--------●●●---------●

**પ્રતિભાવ**

- મુકતા સંઘવી/ભાવસાર

લોકભારતી તરફથી સન્માન અને એના જ પૂર્વ વિદ્યાર્થીનું સન્માન એટલે લોકભારતીએ સિંચેલ સંસ્કારો, લોકભારતીના વડીલો અને વાતાવરણમાંથી મળેલ વિચારબીજ અને દૃષ્ટિનું સન્માન... શ્રમ, સાદગી અને સ્વાશ્રયની પ્રતિષ્ઠાનું સન્માન...

મૂળે, પરિવારમાંથી ગાંધી—વિનોબાના વિચારોનો વારસો. લોકાભારતીમાં તેના ઉપર પુટ ચડયો — દ્રઢીકરણ થયું અને જીવન માટેની દિશા નક્કી થઈ.

વિમલાતાઈ જયારે ભૂદાન પ્રવૃત્તિ સાથે ઓતપ્રોત હતાં ત્યારનો જે કૃષ્ણમૂર્તિ સાથેનો એક સંવાદ... કૃષ્ણમૂર્તિ પૂછે છે, તમે શા માટે આ પ્રવૃત્તિમાં જોડાયાં છો ? લોકોને મદદ કરવા માટે ? તાઈનો સુંદર પ્રત્યુત્તર... બીજાંઓને મદદ કરનાર હું કોણ ? હું તો માત્ર આ પ્રવૃત્તિ દ્વારા મને અને મારા પ્રેમને માનવજાતિ માટે વ્યક્ત કરી શકું છું. મને આ જવાબ સ્પર્શી ગયો... એટલે જે કંઈ કામ થઈ શક્યું એની પાછળનો ઉદ્દેશ તો રહ્યો છે 'સ્વ'નો આનંદ અને કરુણાની અભિવ્યક્તિ.

કાર્યકર તરીકેનું ઘડતર થયું મારા પૂ. પિતાજી મણિભાઈ સંઘવી અને મોટાભાઈ રમેશભાઈ સંઘવીની ઓથે... પૂ. બાપુજીએ જીવનપર્યંત ગાંધી-વિનોબા ભૂદાન—સર્વોદયનાં કાર્યો પૂરી લગનથી કર્યાં. એક નિમિત્ત ઊભું થયું અને માદરે વતન કચ્છમાં જ રાપર તાલુકાના નીલપર ગામે ૧૯૭૮માં 'ગ્રામ સ્વરાજ સંઘ' સંસ્થાની સ્થાપના કરી.

શરૂઆતથી જ તેમાં જોડાવાનું થયું અને શરૂ થયો કાર્યકર તરીકેનો ઘડતરકાળ. નિષ્ઠા–નિસબત, પ્રામાણિકતા–પારદર્શિતા, ચોખ્ખાઈ–ચોકસાઈ, ન્યાય–સાવધાની, સાદગી અને કરકસર જેવા ગુણો કેળવાતા ગયા, સમજ વિકસતી ગઈ.

એ પછી ૧૯૯૧માં મોટાભાઈ રમેશભાઈ સંઘવી ('શાશ્વત ગાંધી'ના તંત્રી–સંપાદક)ની સાથે રહીને ઘસાઈને ઊજળાં થનાર અમારાં બાના તર્પણરૂપે સુશીલ ટ્રસ્ટની સ્થાપના કરી. શરૂઆતથી જ તેમાં કેટલીક જવાબદારી સંભાળવાની આવી. આ બન્ને સંસ્થાઓ ભગિની સંસ્થારૂપે જ કામ કરી રહી છે. બન્નેનો કાર્ય વિસ્તાર અલગ–અલગ પણ હેતુઓ સમાન.

૧૯૭૨ના જૂનમાં લોકભારતીમાં પ્રિ.યુનિ.માં દાખલ થઈ. પ્રવેશના બીજા દિવસે શ્રમકાર્યમાં ગૌશાળાની ખાતરની ખાડ ખાલી કરવાની હતી. ગરમીના દિવસો, ખાતરની ખાડમાંથી નીકળતી ઊની વરાળ અને સડેલાં ખાતરની વાસ ! અમારી સાથે શ્રમમાં આ. શ્રી યોગેશભાઈ ભટ્ટ હતા. નાજુક દેહે માથે ખાતરના ટોપલા કે હાથમાં ખાતરની ધાબળી–ખંપાળી કે પાવડો લઈને અમારા કરતાં પણ વધારે સ્ફૂર્તિ અને નિષ્ઠાથી કામ કરતા હતા. આવા હતા અમારા પ્રેરણાસ્રોત...

યાદ આવે છે લોકભારતીની વિશિષ્ટ શિબિરો...બાલવાડી શિબિર, આદિવાસી શિબિર, દુષ્કાળ સામે તરુણ, રોગ અને ગંદકી સામે તરુણ, શાંતિસેના શિબિર, કેન્દ્ર નિવાસ, શિક્ષણ નિવાસ, પ્રવાસો, મેળાઓ...દરેકમાં નાનીમોટી જવાબદારી સંભાળતાં–નિભાવતાં ઘડતર થતું રહયું. શક્તિ–મતિ, નિષ્ઠા–નિસબત જોડાતાં ગયાં.

લોકભારતીની વિશાળ લાયબ્રેરી અને ગુજરાતી ભાષાના વિષય શિક્ષણમાં ભણાવાતાં ઉચ્ચ કોટીનાં પુસ્તકોએ વાચન તરફ રસ–રુચિ અને અભિમુખતા કેળવી...

નાનાદાદાનાં પુસ્તકો અને જીવન પ્રસંગોના વાચન થકી વહીવટ–સંચાલનનાં કાર્યો સંદર્ભે ખુમારી અને તાટસ્થ્ય કેળવાયાં...

મનુદાદાની નવલકથાઓએ વિચારોનું ઘડતર કર્યું.

'બાબા' એ એસ્થેટિક સેન્સ કેળવી. 'આઈ'એ સ્ત્રીત્વ જાગૃત કરી જીવન ઘડતર કર્યું...કોને કોને સંભારું ? કોને યાદ કરું ?

વાત્સલ્ય વરસાવતા ઇસ્માઈલદાદા, મહાભારતના વિદુર સમ ભાસતા આ. શ્રી બુચદાદાની સાધુતા અને નિર્લેપતા, અરુણભાઈ અભ્યાસ પૂરો કરીને તાજા જ આવેલા. તેમનાં મોજ–મસ્તી અને ગમ્મત.

બહેનોના છાત્રાલયની પાસે જ ભરતભાઈ ભટ્ટનું ઘર. તેમનાં પત્ની પ્રફુલ્લાબહેન અમારી સાથે અભ્યાસ માટે જોડાયેલાં. તેમની સાથે નિકટનો અને ઘનિષ્ટ નાતો બંધાયો. એ બન્નેએ મને ખૂબ સાચવી.

અને હા, સૌથી મહત્ત્વની વાત...

જીવન સાથી તરીકે મળ્યા નકુલભાઈ. એમણે મારાં સ્વાતંત્ર્ય–સન્માન નજાકતતાથી સાચવ્યાં. સંસ્થા અને પરિવારનાં કામોમાં સહયોગ કરતા રહયા...

અમારાં બાળકો અને તેમનો નાનકડો પરિવાર. વ્હાલી પૌત્રીઓ નાનપણથી અમારાં કાર્યોને સન્માનથી જુએ, આવકારે અને તેમાં પોતાનું નાનકડું યોગદાન આપે.

સંઘવી અને ભાવસાર બન્ને પરિવારનાં સૌ સ્વજનો તરફથી અઢળક પ્રેમ મળતો રહ્યો છે.

ઘર–ઑફિસ અને સંસ્થાના સાથી મિત્રોએ હંમેશાં લાગણી અને પ્રેમથી જવાબદારી નિભાવી છે. સહયોગી દાતાઓના પ્રેમ–વિશ્વાસ અને સદભાવ અમને ભીંજવતા રહ્યા છે.

અને છેલ્લે, પોતાની અનેક જાતની વ્યસ્તતાઓ વચ્ચેથી સમય કાઢીને ખૂબ ભાવ અને ઉત્સાહથી પી.પી.ટી. તૈયાર કરી આપવા માટે રાપરની ગવર્ન્મેન્ટ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજના અધ્યાપક મિત્રો ડૉ. રમજાન હસણિયા અને વિજયભાઈ ઝાટિયાનો ખરા હૃદયથી આભાર...

મનમાં ઘૂંટાતો ભાવ...
જો કિયા સો તુમ કિયા - મૈં કછુ કિયા નાંહીં
જે કહા મૈં કિયા - તો તુમ હી થે મુઝમાંહી.
એટલે આ સન્માન ઉપરવાળાને અર્પણ ....

●---------●●●--------●●●---------●

## (૦૫) અરવિંદ પી. ત્રીવેદી

**- પરિચય : રવીન્દ્ર અંધારિયા**



"અમને નાંખો જિંદગીની આગમાં, તો આગને પણ ફેરવીશું બાગમાં" આ કાવ્યપંક્તિને સત્ય પુરવાર કરનાર જિંદાદિલ એ બીજું કોઈ નહીં, પણ અરવિંદ. અરવિંદ પ્રભાશંકર ત્રિવેદી ઉર્ફે એ.પી. ત્રિવેદી. અમે તેને હુલામણા નામે બોલાવીએ તે છે એ. પી. ત્રિવેદી. જેમ ધરતીકંપને જન્મ આપનાર એ.પી. સેન્ટર હોય છે ને, તેમ સમાજમાં અને ઔદ્યોગિક જગતમાં કંપન જગાવનાર એ.પી. સેન્ટર એટલે અરવિંદ. આગને પણ બાગમાં ફેરવવાનો તેનો સંઘર્ષ જાણીએ...

સણોસરા ગામે ઈ.સ.૧૯૫૩ની ૨૮ ઑક્ટોબરે અત્યંત ગરીબ કુટુંબમાં જન્મ. તેની પાંચ વર્ષની ઉંમર થતાંમાં માતાની છત્રછાયા ગુમાવી. પિતા લોકભારતી ગ્રંથાલયમાં સેવક તરીકે ફરજ બજાવતા હતા. ત્યારે બાળક અરવિંદ સાવ એકલો અટૂલો ઘરની ચાર દીવાલો વચ્ચે મૂંઝાતો રહેતો. બાલમંદિરથી માંડીને જી.બી.ટી.સી. સુધીનું શિક્ષણ તેણે લોકભારતીમાં લીધું. જે ઉંમરે કિશોરો શેરીઓમાં ધમાચકડી મચાવતા હોય તે ઉંમરે અરવિંદ ગામના કૂવેથી પાણી સારતો હોય, રસોડામાં લોટ બાંધતો હોય. તે ઘરનાં કામકાજ કરી પપ્પાને મદદરૂપ થતો. પપ્પાની આવક ઓછી. તેથી આર્થિક ઉપાર્જન કરવા માટે નાનાં–મોટાં કામ કરવાનું શરૂ જ કરી દીધેલું. આ બાજુ યુવાન અરવિંદનું ભણતર પૂરું થયું અને પિતાજીનું અવસાન થયું. નોકરી મળી ન હતી. જીવનમાં શૂન્યાવકાશ સર્જાયો. ટકી રહેવું એ મોટો પડકાર હતો. પરંતુ લોકભારતીએ શીંગડાં ભરાવતાં શીખવાડેલું હતું. એથી તે લડતો રહ્યો. અલબત્ત, એ ગાળામાં તેના દાદાના દીકરાઓએ ટેકો આપેલ. પરંતુ ટેકાના સહારાને પકડી રાખે તે અરવિંદ નહીં. તેણે સ્વપ્રયત્ને નોકરી શોધી. એક વર્ષ ગઢડા ગ્રામોદ્યોગમાં નોકરી કરી. નોકરી શું, નોકરી અને છોકરી બન્ને મળ્યાં. સ્વપસંદગીની જીવનસંગિનીની હૂંફમાં અરવિંદ એટલો તો ખીલ્યો કે આજ ભાવનગર અને ગુજરાતનાં અગ્રણી ઉદ્યોગગૃહોમાં કર્મચારીઓના ટ્રેઈનર તરીકે પ્રસિદ્ધ છે.

સન ૧૯૭૬માં પૂજ્ય ભાઈની ભલામણથી એક્સેલ ઈન્ડસ્ટ્રીઝમાં નોકરી મળી. આ નોકરી અઘરી અને ચૅલેન્જિંગ હતી. કુખ્યાત એવા આડોડિયાવાસમાં દારૂના ધંધાર્થીઓને દારૂ છોડાવી અન્ય રીતે રોજીરોટી મેળવતા કરવાના હતા. અરવિંદે તેઓમાં આમૂલ પરિવર્તન લાવી, એને સમાજની મુખ્ય ધારામાં જોડ્યા. એમાંથી કેટલાય યુવાનોએ પોતાનો શુદ્ધ અને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરેલો છે. જેમાં કોઈકે રીક્ષા ચલાવવાનું તો કોઈકે ટેક્ષીનો ચલાવવાનું,તો કેટલાકે વ્યાપારનું કામ શરૂ કરેલું અને આ પ્રોજેક્ટથી કંપનીને ખૂબ

સરાહના મળેલી. ત્યાર બાદ અરવિંદને પર્સોનલ ડિપાર્ટમેન્ટમાં નિમણૂક મળી. અહીં રહી તેણે ભાવનગર શહેર અને યુવાનો માટે વિશિષ્ટ કામગીરી કરી, જેવી કે તરુણ વિકાસ શિબિર. એક્સેલ એક્સપ્રેસ અને વ્યક્તિત્વ વિકાસના કાર્યક્રમોમાં સહયોગ આપ્યો. એક્સેલનું હાઉસ–મૅગેઝિન '''પ્રયાસ''' શરૂ કર્યું. ત્યાર બાદ કંપનીએ જનસંપર્ક સહયોગ અધિકારી તરીકે જવાબદારી સોંપી. જનસંપર્ક અધિકારી તરીકે એક્સેલના સ્ટેઇક–હોલ્ડર જેવાં કે પડોશીઓ, મીડિયા પત્રકારો તથા સામાજિક સંસ્થાઓ સાથે તંદુરસ્ત અને જીવંત સંબંધો સ્થાપ્યા. કંપનીની હકારાત્મક ઇમેજ માટે કેટલાંય પ્રકાશનો અને પ્રવૃત્તિઓ હાથ ધરી. શહેરની જુદી જુદી ઔદ્યોગિક સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓનાં હિત અને કલ્યાણ માટે ઔદ્યોગિક કર્મચારી કલ્યાણ સંઘની સ્થાપના કરી અને આ સંઘ અઢાર વર્ષથી ઔદ્યોગિક કર્મચારી અને પરિવાર માટે સુંદર કામ કરી રહ્યો છે.

એક્સેલ ઇન્ડસ્ટ્રીઝની નવી શાખા ગજોડ-કચ્છમાં શરૂ થઈ રહી હતી, ત્યારે અરવિંદે એક માસ સુધી કચ્છમાં રહી, કચ્છનાં આગેવાનો, સામાજિક સંસ્થાઓ અને ઓપિનિયન લીડર્સને મળીને એક્સેલની નવી શાખા માટે હકારાત્મક વાતાવરણ ઊભું કર્યું. પબ્લિક હીયરિંગ સમયે એક્સેલની નવી શાખાને સાર્વત્રિક આવકાર મળ્યો. અને એક્સેલની ઇમેજ–બિલ્ડિંગ માટે કેટલાંય પ્રદર્શનો, હિસ્ટ્રી–રૂમ અને એક્સેલનું ધ્યેય ગીત વગેરે તૈયાર કરાવ્યું. એક્સેલ પર ડોક્યુમેન્ટરી ફિલ્મ પણ તૈયાર કરી આપી.

આમ, અરવિંદ સર્જનાત્મકતાનો પર્યાય બની ગયો હતો. ૨૦૦૫માં કંપનીએ સ્વૈચ્છિક નિવૃત્તિયોજના જાહેર કરી. જે યોજના અન્વયે અરવિંદે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ પોતાનું મનગમતું ક્ષેત્ર ટ્રેઇનિંગની પ્રવૃત્તિ શરૂ કરી. વચ્ચે બેએક વર્ષ જાણીતા ગુજરાતી સમાચાર–પત્ર "સંદેશ"ના બ્રાંચ–મૅનેજર તરીકેની જવાબદારી સ્વીકારી અને સાથોસાથ શહેરની વિવિધ ઔદ્યોગિક સંસ્થાઓમાં ઉદ્યોગો અને તેના કર્મચારીઓ માટે ક્ષમતાવર્ધનના કાર્યક્રમો પૂરા પાડવાનું કાર્ય શરૂ કર્યું. મૅનેજમેન્ટના અદ્યતન પ્રવાહોને ધ્યાનમાં લઈ જુદી જુદી તાલીમપદ્ધતિઓની તાલીમથી ઉદ્યોગોની ઉત્પાદકતા વધારવી, ગુણવત્તા વધારવી, બગાડનું–નિવારણ કરવું, મશીનોની મહત્તમ ક્ષમતા વધારવી વગેરે બહુ મોટાં કાર્યો કર્યાં. શહેરની ઉદ્યોગો સિવાયની શૈક્ષણિક સંસ્થાઓ અને સામાજિક સંસ્થાઓના કર્મચારીઓનું ક્ષમતાવર્ધનનું કામ પણ તેમણે કર્યું છે. આજ સુધીમાં તેમણે ઔદ્યોગિક સંસ્થાઓમાં નવસોથી વધુ કાર્યક્રમો અને શૈક્ષણિક મહાવિદ્યાલયોમાં બસોથી વધારે તાલીમ કાર્યક્રમો આપ્યા છે. અને સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકરો માટે કૅપેસિટી–બિલ્ડિંગના તાલીમયજ્ઞો કર્યા છે. આ ઉપરાંત ભાવનગરની જુદી જુદી સંસ્થાઓ જેવી કે પી.એન.આર.સોસાયટી, શશી ઇન્ડસ્ટ્રીઝ, અલંગશીપ બ્રેકિંગ યાર્ડનાં એકમો અને સૈરાષ્ટ્ર લોકશાળા સંઘ, લોક વિદ્યાલય-વાળુકડ અને બીજી અનેક કૉલેજોની દસ્તાવેજી ફિલ્મો તૈયાર કરી આપી છે. આ ઉપરાંત તેમણે પોતાની કલાસૂઝનો ઉપયોગ કરી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, આંબલા-લોકશાળા, સ્ટિલ કાસ્ટ, એક્સેલ જેવી સંસ્થાઓનો સંસ્થા–પરિચય આપતાં પ્રદર્શનો પણ તૈયાર કરી આપ્યાં છે. જાણીતી ચૅનલ "વિકાસ–વર્તુળ" પર સામાજિક નિસ્બત ધરાવતા વિષયો પરનાં તેમનાં ચાલીસેક જેટલાં વ્યાખ્યાનો પણ પ્રસારિત થયાં છે. તેમનાં આ વ્યાખ્યાનોમાંથી પસંદ કરેલા બાર વિષયો પરનાં વક્તવ્યોની વીડિઓ–સીડી પણ પ્રગટ થઈ છે અને તેનો કેટલીયે સંસ્થાઓએ લાભ લીધો છે.

પરિવારમાં તેમને બે દીકરાઓ છે. બન્ને પોતપોતાનો સ્વતંત્ર વ્યવસાય કરી રહ્યા છે. મોટા દીકરા જીગરે ભાવનગરમાં અને નાના દીકરાએ વડોદરામાં સર્જનાત્મક શક્તિનો ઉપયોગ કરી સરસ વિકાસ કર્યો છે. પોતપોતાનાં મકાનો, શો–રૂમ્સની સાથે સાથે વિશાળ ચાહક વર્ગ ઊભો કર્યો છે. તેમનાં પત્ની દક્ષાબહેને બાળકો માટે સર્વિસ છોડીને સંસ્કાર–સિંચન અને ઘડતરનું કામ કર્યું છે.

**(અનુસંધાન પાના નં. ૭૫ ઉપર)**

## (૦૭) આયુર્વેદને અજમાવનાર વૈદ્ય પ્રદીપભાઈ આસ્તિક

- પરિચય : ભાવના પાઠક



"આ જ્ઞાનને ક્યારેય વ્યવસાય ન બનાવતો."

વારસાગત વૈદ્યપરિવારમાં તા.૧૪-૦૮-૧૯૫૩ના રોજ ભૂંભલી ગામે જન્મેલા પ્રદીપભાઈ આસ્તિકને લોકભારતી અધ્યાપન મંદિરમાં તાલીમ લઈને શિક્ષકની નોકરીનો પ્રારંભ કરતી વેળાએ માતાએ ઉપર મુજબની શિખામણ આપી હતી. પ્રદીપભાઈ તો શિક્ષકનો ધર્મ બજાવતા બજાવતા આયુર્વેદની ઉપાસના કરીને આજપર્યંત સામાન્ય લોકોની સારવાર કરીને માતાની આ વાતને ચરિતાર્થ કરી રહ્યા છે.

તેમના નાના મુલુંડના સુપ્રસિદ્ધ વૈદરાજ હતા. તેમની સાથે રમતા-રમતા જ તેમણે આયુર્વેદનાં ઓસડિયાંની પરખ અને એના ગુણધર્મો જાણી લીધેલા. તો માતાએ તેમને દર્દીની નાડી પરીક્ષણની વિદ્યા શીખવેલી. કોઈપણ દર્દ થવાના કારણરૂપ વાત-પિત્ત-કફ આ ત્રણેય દોષની તલસ્પર્શી સમજ લોકભારતીના પૂર્વ વૈદ્યરાજ શોભન પાસેથી શીખ્યા !

મહુવામાં સ્વ. શ્રી મનુબહેન ગાંધી(મહાત્મા ગાંધીજીનાં અંતેવાસી) સાથે રહી તેમણે પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યું. માધ્યમિક શિક્ષણ સણોસરા હાઈસ્કૂલમાં લઈ લોકભારતી અધ્યાપન મંદિરમાં સને ૧૯૭૫-૭૬-૭૭માં પ્રાથમિક શિક્ષક બનવાની તાલીમ લીધી. અભ્યાસકાળ દરમિયાન લોકભારતીના ભાવાવરણમાંથી, પુસ્તકાલયમાંથી તેમ જ અધ્યાપકો ગણેશભાઈ ડાભી, નરેન્દ્રદેવ પાઠક, દેસુરભાઈ આહિર, બુચદાદા, મનુદાદા તથા મજીઠિયાભાઈ પાસેથી વિષય પરત્વેની અભ્યાસનિષ્ઠા, પ્રતિબદ્ધતા, નિયમિતતા, વત્સલતા, અન્યને ઉપયોગી થવાની ભાવના, સેવા પરાયણતા આ બધા ગુણો મેળવ્યા, જે પોતાની શીખવાની તત્પરતા અને જિજ્ઞાસુ સ્વભાવને કારણે મહોરી ઊઠ્યા !

આયુર્વેદ અભ્યાસ વારસામાં મળ્યો હતો. તેથી અને રસ પણ હોવાથી લોકભારતી મંત્રીમંડળમાં આરોગ્યમંત્રીની જવાબદારી લેવાનું પસંદ કર્યું. બન્યું એવું કે એક સમયે છાત્રાલયમાં એક વિદ્યાર્થીને સતત હેડકી શરૂ થઈ ! રાત્રે બે વાગે પણ હેડકી મટે નહીં, વૈદરાજ મજીઠિયાભાઈ પણ તે દિવસે બહાર ગયેલા. આરોગ્યમંત્રી પ્રદીપભાઈને ગ્રંથાલયમાં વાંચેલા વૈદ્ય શોભનના પુસ્તક 'અનુભવનું અમૃત'માં વાંચેલો પ્રયોગ યાદ આવ્યો અને અજમાવ્યો પણ ખરો ! છાત્રાલયના રસોડામાંથી ચપટી સૂંઠ અને થોડો ગોળ ઘી સાથે મેળવી વિદ્યાર્થીને ચાટી જવા કહ્યું. વિદ્યાર્થી તો મૂંઝાઈને થાકી ગયો હતો. કોઈપણ ઉપચાર કરવા તૈયાર હતો ! આશ્ચર્યજનક પરિણામ મળ્યું. રાહત જણાઈ. થોડીવાર બાદ આ મિશ્રણમાં હરડેનું ચૂર્ણ અડધી ચમચી ભેળવી ચટાડ્યું. હેડકી થઈ ગઈ ગાયબ ! અભ્યાસ

દરમિયાન આરોગ્યમંત્રી પ્રદીપભાઈ આવા કંઈ-કેટલાય આયુર્વેદના ઘરગથ્થુ ઉપચાર અજમાવતા રહ્યા અને અનુભવની એરણે ચકાસતા રહ્યા. આમાંથી મળેલા આત્મવિશ્વાસ અને શ્રદ્ધાના બળે રસ ટકી ગયો ! લોકભારતીના ગ્રંથાલયમાં રહેલાં આયુર્વેદનાં તમામ પુસ્તકોના તલસ્પર્શી અભ્યાસને કારણે પ્રદીપભાઈને શિક્ષકની ડીગ્રીની સાથે સાથે આયુર્વેદના આવા ઉપચાર– અનુભવો મળ્યા જે તેમનો જીવનરસ બની ગયો. અને પ્રારંભ થયો આયુર્વેદની આ સેવાયાત્રાનો !

સાવરકુંડલા તાલુકાના મોલડી ગામે શિક્ષક તરીકે નિમણૂક પામ્યા એની સાથે આયુર્વેદના ઉપચારો પણ ચાલે. આ ગામમાં તેમ જ આસપાસનાં ગામોમાં વીંછી કરડવાની ઘટના અવાર-નવાર બન્યા કરે. ગામમાં ડૉક્ટરના અભાવે દોરાધાગા-માનતા ચાલે, પરેશાની વધે. નવા નવા શિક્ષક પ્રદીપભાઈ પોતાની પાસે મીઠાના સંતૃપ્ત દ્રાવણની બોટલ રાખે. જોગાનુજોગ પડોશમાં રહેતા દાદાને વીંછી કરડ્યો. શરીરના જે ભાગમાં વીંછી કરડ્યો હતો તેની વિરુદ્ધના કાનમાં તેમની પાસે રહેલી આ મીઠાના સંતૃપ્ત દ્રાવણની શીશીમાંથી બે ટીપાં નાંખ્યાં. થોડી જ વારમાં વેદના ઓછી થઈ ગઈ ! આ વાત સાંભળતાં જ આજુબાજુના લોકો વૈદરાજ પ્રદીપભાઈ પાસે આવવા લાગ્યા. પ્રદીપભાઈએ આવા દ્રાવણની બસોથી વધુ બોટલ્સ તૈયાર કરી આસપાસનાં ગામોના શિક્ષકોને આપી. દરેક ગામમાં વીંછીના ડંખની સારવાર સહજ રીતે ઉપલબ્ધ બની ગઈ ! લોકભારતીના સ્થાપકોનો મનોરથ આવા પ્રકારના વિદ્યા વિસ્તરણની પ્રવૃત્તિ તેમના વિદ્યાર્થીઓ દ્વારા થાય તેવો શરૂઆતથી જ રહ્યો છે. ક્યા વિદ્યાર્થી, કઈ રીતે, ક્યાં, કઈ પ્રવૃત્તિ કરે છે તે તેની રુચિ-રસ પ્રમાણે ! કેવું અદભૂત આરોગ્ય વિસ્તરણનું કાર્ય ! અને સ્થાપકોનો મનોરથ પણ સાકાર ! અભ્યાસકાળ દરમિયાન વાંચેલું 'અનુભવનું અમૃત' ખરા અર્થમાં અજમાવાયું અને પ્રદીપભાઈ બન્યા નામાંકિત વૈદરાજ ! આજે ૬૬ વર્ષે સવારથી સોનગઢમાં તેમના ઔષધાલયમાં એલૉપથી દવાની આડાસરથી હારેલા-થાકેલા માણસોની લાઇન જોવા મળે ! આયુર્વેદ પ્રત્યેની લગનને પરિણામે અને બાની પ્રેરણાથી વડોદરાની સયાજીરાવ યુનિવર્સિટી દ્વારા લેવાતી 'આયુર્વેદ મધ્યમા', અને 'આયુર્વેદ ઉત્તમા' પરીક્ષાઓ સફળતાથી પાસ કરી 'સૌરાષ્ટ્ર સમાચાર' અને 'ફૂલછાબ' દૈનિકોમાં 'સૌનું આરોગ્ય' અને 'આયુર્વેદના અનુભવો' નામે લેખો લખતા રહ્યા ! સને ૧૯૯૨માં 'સૌનું આરોગ્ય' પુસ્તિકા જેમાં ૨૯૦ જેટલા ૯૨ દર્દો પરના પ્રયોગો વર્ણવેલા છે, તેનું વિમોચન પૂ. મોરારિબાપુના હસ્તે થયું. પૂ. સ્વામી સચ્ચિદાનંદજીએ આયુર્વેદ દ્વારા સમાજસેવા બદલ તેમનું સન્માન કર્યું છે. પરંતુ તેઓ તો કહે છે કે "મારાં સંતાનો સારી રીત કાર્ય કરી રહ્યાં છે–સુખી છે. મારી તબિયત સારી છે, એ જ મારા માટે મોટી મૂડી અને સન્માન છે. આયુર્વેદની ઉપાસના એ જ મારો નિજાનંદ."

આજે નિવૃત્તિમાં સતત પ્રવૃત્ત પ્રદીપભાઈ કહે છે, "સામાન્ય રોગોની દવા આપણા ઘરમાં અને આસપાસ જ રહેલી છે. આપણે તેની મિત્રતા કરવાની છે !"

આયુર્વેદને અજમાવનાર પ્રદીપભાઈ આસ્તિકનું સન્માન કરતાં લોકભારતી ગૌરવ અને હર્ષની લાગણી અનુભવે છે.

●---------●●●--------●●●---------●

**પ્રતિભાવ**

- પ્રદીપભાઈ આસ્તિક

આદરણીય ગુરુજનો, મહેમાનો, સહાધ્યાયી મિત્રો અને વિદ્યાર્થી મિત્રો,

આપણા સૌના પથદર્શક એવા શ્રી મનુદાદાનાં ચરણોમાં વંદન.

દરેક વ્યક્તિના જીવન ઘડતરમાં પોતાની માનો ફાળો સવિશેષ રહ્યો હોય છે. બાળક જ્યારે કોઈપણ સિદ્ધિ મેળવે ત્યારે સૌથી વધુ ખુશ એની મા જ થતી હોય છે. આજે આ સન્માન પ્રસંગે હું એમ કહીશ કે લોકભારતી એ મારી બીજી મા છે, જેણે આજે મારી પીઠ થાબડી છે. આયુર્વેદના પાઠ હું મારી જન્મ દેનારી મા પાસેથી અને જીવનઘડતરના પાઠ હું લોકભારતી પાસેથી શીખ્યો છું જેનો વિશેષ આનંદ છે.

ઈ.સ.૧૯૭૫-૭૬ની સાલમાં મને લોકભારતીમાં રહી અભ્યાસ કરવાનું સદભાગ્ય સાંપડ્યું. અભ્યાસની સાથે

સાથે સંસ્થાનાં ખેતરોમાં ખેતીવાડીનું કામ પણ કર્યું અને ત્યારથી જ શરૂ થઈ મારી આયુર્વેદયાત્રા. અવનવા છોડ-વનસ્પતિ જોઈ-ઓળખી તેના ઉપયોગો વિશે હું પૂછપરછ કર્યા કરતો. મારી વનસ્પતિ પ્રત્યે આ જિજ્ઞાસા જોઈ એક વાર પૂજ્ય મજીઠિયાભાઈએ મને બોલાવેલો અને પૂછ્યું કે તને આયુર્વેદમાં રસ ખરો ? મેં જરાપણ વિલંબ કર્યા વગર કહી દીધું, હા. બસ, ત્યારથી અભ્યાસમાંથી જ્યારે જ્યારે સમય મળતો ત્યારે હું મજીઠિયાભાઈ પાસે પહોંચી જતો. તેમની સાથે આયુર્વેદિક ઔષધિઓ વિશે ચર્ચાઓ કરતો. ધીમે ધીમે રસ વધવા લાગ્યો. લાઇબ્રેરીમાં જઈને આયુર્વેદ વિશેનાં અનેક પુસ્તકો વાંચ્યાં. વધારે રસ એટલા માટે પડ્યો કે મારી બાના પિતાશ્રી એટલે કે મારા નાના પણ જાણીતા વૈદ્ય હતા. એટલે મારી બાને પણ આ ગમતો વિષય હતો. એમની પાસેથી રસોડાનું વૈદું જાણ્યું. નાના મોટા રોગોની દવા તો આપણા ઘરમાં જ છે એ વાત જાણીને નવાઈ લાગી, સાથોસાથ કુતૂહલ પણ થયું. મારા મિત્રો, અડોશી-પડોશી, સગાં-સંબંધીઓને નાની મોટી બીમારી હોય તો હું દવા બનાવી આપતો અને તેને રાહત થઈ જતી. આ જોઈ આયુર્વેદમાં વિશ્વાસ દૃઢ થતો ગયો.

મને યાદ છે, શિક્ષકની નોકરી મળ્યા પછી મને મારી બાએ કહેલું કે, 'બેટા, આ જ્ઞાનને ક્યારેય વ્યવસાય ન બનાવીશ. લોકોની સેવા કરવા માટે આનો ઉપયોગ કરજે.' એમના શબ્દોને આજ પણ હું સાર્થક કરી રહ્યો છું. તે વખતે જે કોઈ ઘરે દવા લેવા આવે તેમને દેશી ઓસડિયાં મંગાવીને હું દવા બનાવી આપતો. મને યાદ છે કે ચોમાસા જેવી ઋતુમાં ખેતી કામ કરતાં લોકોને ચામડીનાં દર્દો સતાવતાં હોય છે. એવા સમયે સણોસરા આજુબાજુનાં ગામોમાં સાયકલ લઈને જતો. ગામના ચોરે બેસતો અને જે મારી પાસે આવે તેને ચામડીનો મલમ આપતો. ઉકાળા પણ આપતો, એ પણ નિઃશુલ્ક. મારી આ સેવાકીય પ્રવૃત્તિઓ જોઈ મને જી.સી.આર.ટી.ના તે વખતના નિયામક શ્રી નલિનભાઈ પંડિત તેમની સાથે આયુર્વેદના પ્રચાર-પ્રસાર અર્થે ગામડાંમાં લઈ જતા. ત્યાં જઈને લોકોને આયુર્વેદ પ્રત્યે જાગૃત કરતા. એ સમયે મોબાઇલ-કૅમેરા નહીં એટલે મારી પાસે કોઈ હયાત પુરાવાઓ નથી.

મનમાં સતત એ જ વિચારો ચાલ્યા કરતા કે વધુમાં વધુ લોકો સુધી આયુર્વેદ કઈ રીતે પહોંચાડવો ! ઈ.સ.૧૯૯૦-૯૧માં 'સૌનું આરોગ્ય' પુસ્તક લખ્યું જેમાં ૯૨ જેટલાં દર્દો ઉપરના ૨૯૦ પ્રયોગો વર્ણવેલ છે. જેનું વિમોચન પૂજ્ય મોરારિબાપુના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. સાથે સાથે સૌરાષ્ટ્ર સમાચાર તેમ જ ફૂલછાબમાં સતત ૧૦ વર્ષ સુધી "સૌનું આરોગ્ય" કટાર પણ મેં લખી.

અભ્યાસ પૂર્ણ કરી જ્યારથી આયુર્વેદમાં રુચિ ઉત્પન્ન થઈ છે ત્યારથી મારો ઉદ્દેશ્ય લોકોનાં ઘર-ઘર સુધી આયુર્વેદ પહોંચાડવાનો રહ્યો છે. લોકોના સેવાર્થે ઘણી વાર મારો અડધો પગાર પણ લોકોને મફત દવા આપવા પાછળ ખર્ચાઈ જતો. અત્યારે ઘણી વાર મારાં સંતાનો મને પૂછે છે કે, 'પપ્પા, રાત-દિવસ આટલી મહેનત કરો છો તો એમાંથી કોઈ નફો થાય છે કે નહીં ?' ત્યારે હું હસતા હસતા કહું છું કે, 'તમે બંને તમારા જીવનમાં સફળ છો એ જ મારો નફો છે.'

આ પ્રસંગે હું આયુર્વેદ વિશે એટલું જ કહીશ કે આયુર્વેદ પર વિશ્વાસ રાખો. લોકોમાં ધીરજ ખૂટી છે. સહનશક્તિ ખૂટી છે. સામાન્ય માથું દુઃખે તો પણ આપણે વિલાયતી ગોળીઓ ગળીએ છીએ. જેનાથી અજાણતા આપણે આપણા લિવર અને હૃદયને ખૂબ મોટું નુકસાન પહોંચાડીએ છીએ. સામાન્ય રોગોની દવા આપણા ઘરમાં જ મળી રહે છે તેનો ઉપયોગ કરો. પરેજી પાળો. વિશ્વાસ રાખો.

એ વાતનો ચોક્કસ આનંદ છે કે આજના યુવાનો આયુર્વેદ અને યોગ જેવી આપણી પ્રાચીન વિદ્યાઓમાં વિશ્વાસ મૂકતા થયા છે. આયુર્વેદને લગતી કોઈપણ પૂછપરછ કે ચર્ચા માટે આપ સૌ ક્યારેય પણ મને મળી શકો છો, મને ગમશે.

મને આ સન્માનને પાત્ર ગણી મારી મહેનત અને મારા પ્રયત્નોને બિરદાવવા બદલ સમગ્ર લોકભારતી પરિવારનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. જય હિંદ, જય ભારત, અસ્તુ.

## (૦૭) મહિલા શિક્ષણક્ષેત્રની ઊગતી પ્રતિભા- રવીન્દ્રસિંહજી સરવૈયા

- પરિચય : હસમુખ સુથાર



જીવનમાં પોતે સેવેલ સ્વપ્ન અને એક આગવા લક્ષ્ય સાથે લોકભારતીમાં દાખલ થયેલા એક વિદ્યાર્થી મક્કમ પગલે આગળ વધતા ગયા. અહીંના જીવનલક્ષી શિક્ષણ દ્વારા તેમનું આબાદ ઘડતર થયું, જેનાથી તેમનામાં સમાજને ઉપયોગી એવા ગુણોના વિકાસ થયો અને સાથે અહીંના મંત્રીમંડળમાં મહામંત્રી પણ બન્યા, જવાબદારી લીધી, જેનાથી તેમની નેતૃત્વશક્તિ ખીલી ઊઠી. તેઓની આ શક્તિના કારણે ૨૦૦૪થી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટીમાં ત્રણ-ત્રણ ટર્મથી સારી એવી સરસાઈ સાથે ગ્રામ વિદ્યાશાખાના સેનેટ સભ્ય તરીકે ચૂંટાતા આવ્યા છે. તેમણે વિદ્યાર્થીઓના વાજબી પ્રશ્નોની યોગ્ય રીતે યુનિવર્સિટી સ્તરે રજૂઆત કરી, વિદ્યાર્થીઓની સમસ્યાઓ હલ કરવા મથામણ કરી છે અને ખૂબ વિદ્યાર્થીપ્રેમ મેળવ્યો છે.

તેઓ અંગ્રેજી વિષય સાથે બી.આર.એસ. તો થયા જ, પણ પોતાની ક્ષમતાને ધાર આપવા અને જ્ઞાનવૃદ્ધિ માટે આગળ બી.એડ., ઉપરાંત અંગ્રેજી વિષય સાથે એમ.એ. થયા. સમાજ કાર્યમાં સેવાર્થે પ્રયાણ કરવાના હેતુસર તેઓએ એમ.એસ. ડબલ્યૂ. અને એમ.ફિલ.નો અભ્યાસ પણ વિધિવત રીતે પૂર્ણ કર્યો છે.

પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે પણ શોષિતો, પીડિતો અને વંચિતોની દીકરીઓ કેમ આગળ આવી શકે તેની મથામણ કરતા રહ્યા. તેમણે જોયું કે આપણા સમાજમાં ઉચ્ચ શિક્ષણમાં મહિલા શિક્ષણના મર્યાદિત વિકલ્પો છે, નબળી કડી છે. તેમનામાં પોતાની માતૃસંસ્થા તથા પિતાશ્રી જસવંતસિંહજી તરફથી મળેલ સમાજસેવાનો ભાવ હતો જ અને અબ્દુલ કલામ સાહેબની આત્મકથા તથા શ્રી ભરતસિંહજી ગોહિલના વ્યક્તિત્વથી પ્રેરિત થઈ પોતાનું બધું જ ધ્યાન પોતાના સ્વપ્નને સાકાર કરવા કેળવણી દ્વારા સંસ્કાર સિંચન કરવાના હેતુથી પ્રાથમિક શિક્ષકની નોકરી છોડી અને ભાવનગર ખાતે બીજી ઑગસ્ટ, ૨૦૦૯થી મહિલા વિનયન કૉલેજની સ્થાપના કરી. જોતજોતામાં ૮૯ વિદ્યાર્થિનીઓથી શરૂ થયેલ આ સંસ્થામાં બી.એ., બી.કૉમ., બી.બી.એ., બી.સી.એ., એમ.એ., એમ.કૉમ., પી.જી.ડી.સી.એ., એમ.એસ.ડબલ્યૂ., એમ.ફિલ., ફેશન ડિઝાઈનિંગ વગેરે અભ્યાસક્રમો શરૂ કર્યા. હાલ નંદકુવારબા મહિલા કૉલેજમાં ૪૧૯૨ દીકરીઓને શિક્ષણ આપતી માત્ર શહેરની જ નહિ, દૂર દૂરનાં ગામડાંઓની દીકરીઓ માટે ઉચ્ચ અભ્યાસની પસંગીની સંસ્થા બની ચૂકી છે.

દીકરીઓ દૂર દૂરનાં ગામડાંઓમાંથી આવ-જા કરી ભણી શકે, તે માટે તેઓએ જુદા જુદા ૧૨ રૂટ પર ટોકન દરે બસો મૂકી છે. સાથે જ દીકરીઓનો અભ્યાસ સરળ બને એ માટે અધ્યાપકો દ્વારા તૈયાર થયેલ અભ્યાસ સાહિત્ય

આપવામાં આવે છે. સરકારી કે બિનસરકારી સંસ્થાઓમાં દીકરીઓ પોતાની સફળ કારકિર્દી બનાવી શકે એ માટે કૌશલ્યવર્ધન તથા વ્યક્તિત્વવિકાસના વિશેષ વર્ગોની વ્યવસ્થા સંસ્થામાં જ મળી રહે તેનો પ્રયાસ કર્યો છે. ઉપરાંત, નિયમિત રીતે કેમ્પસ પર ગોઠવાતાં નિષ્ણાતોનાં વ્યાખ્યાનો તો ખરાં જ. દીકરીઓને જીવનમાં ઉપયોગી થઈ શકે તેવા હુન્નર – રસોઈ કળા, સુશોભન, મહેંદી કળા, બ્યુટી પાર્લર, ભરત–ગૂંથણ વગેરેમાં તેમનું વિશેષ કૌશલ્ય વિકસે અને સજ્જતા વધે તેવું આયોજન તેઓ કરતા રહ્યા છે.

તેમની સંસ્થામાં ધાર્મિક સહિષ્ણુતા માટે હરણિયું રોજુ ખોલવાની ઈફ્તાર પાર્ટી તથા પરંપરાગત હિંદુ તહેવાર રક્ષાબંધનની ઉજવાણી કરવાનું ચૂકતા નથી. આજના જમાનામાં દીકરીઓ પોતાની સુરક્ષા ખુદ કરી શકે તે માટે કરાટેના તાલીમ વર્ગો પણ કેમ્પસ પર નિયમિત રીતે ચલાવાવવામાં આવે છે.

યુનિવર્સિટીની પરીક્ષાઓમાં અવ્વલ આવતી નંદકુવરબા કૉલેજની દીકરીઓ યુનિવર્સિટીની રમતગમત સ્પર્ધાઓમાં પણ પોતાના દેખાવમાં ક્યાંય પાછળ રહેતી નથી. યુવક મહોત્સવ હોય કે એન.એસ.એસ. કાર્યક્રમો હોય, કૉલેજની પહેચાન ઊભી થયા વિના રહેતી નથી. એટલું જ નહિ, સરકારશ્રીના ખેલ-મહાકુંભ રમતોત્સવમાં પણ અહીંની દીકરીઓ પોતાની વિશેષ છાપ છોડી રહી છે.

તેમના સફળ અનુભવનો લાભ લેવા આરાધના વિદ્યા વર્તુળ, સહજાનંદ વિદ્યાલય, સ્વામીનારાયણ પ્રા. શાળા અને નીલકંઠ કૉલેજ, કાલોલ દ્વારા તેઓને ટ્રસ્ટી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે.

તેઓ નોંધે છે કે, દીકરીઓના શિક્ષણનું આ ભગીરથ કાર્ય પોતે કરી શક્યા છે, તેમાં લોકભારતી સંસ્થા દ્વારા પ્રાપ્ત ભાથું તો ખરું જ, સાથે શ્રી ભરતસિંહજી ગોહિલ તેમના ફ્રેન્ડ, ફિલૉસૉફર અને ગાઇડ તરીકે રહ્યા છે, તેમ જ તેમના પરિવારજનો સતત સાથ આપતા રહ્યા છે. આવા પુરુષાર્થી શ્રી રવીન્દ્રસિંહજીને આ સન્માન પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપીએ.

●---------●●●--------●●●---------●

**પ્રતિભાવ**

**- રવીન્દ્રસિંહજી સરવૈયા**

મારી માતૃસંસ્થા, મારા જીવનની પ્રગતિની જનની, લોકભારતી-સણોસરા દ્વારા મને જે સન્માનિત કરવામાં આવ્યો છે તેના માટે હું અંતઃકરણપૂર્વક બુનિયાદી વિચારધારાને વરેલી એક જીવનમૂલ્યોનું શિક્ષણ આપતી સંસ્થાનો, મારા ગુરુજનો અને લોકભારતી-સણોસરાની કાર્યવાહક સમિતિનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

ખૂબ જ નાની ઉંમરે મારામાં થયેલા સંસ્કારસિંચન અને લોકભારતી-સણોસરાનાં જીવનમૂલ્યો અને ધ્યેયમંત્રને મૂર્તિમંત કરવાની મારી ધગશ, લગન અને જીવન પરત્વેની મારામાં સિંચાયેલ આ સંસ્થાની આગવી સૂઝ-બુઝને મારા ગુરુજનોના માર્ગદર્શનથી મેં આત્મસાત કરી તેને ભારતીય જીવન પ્રણાલીનું અંગ બનાવવા માટેની નિષ્ઠાપૂર્વક મહેનત કરવાની મને જે શક્તિ બક્ષી છે, તેના માટે હું જીવનપર્યંત સંસ્થાનો ઋણી રહીશ.

લોકભારતી-સણોસરા અને ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા આ બંને સંસ્થાઓની વિદ્યાર્થીઓની આવડતને બહાર લાવવાની જે ઉમદા કાર્યશૈલી એક સંસ્કારરૂપે મારામાં ઊતરી હતી, તેનું જીવંત ઉદાહરણ નંદકુંવરબા મહિલા કૉલેજ છે. ગ્રામાભિમુખ શિક્ષણની સંકલ્પનાને મૂર્તિમંત કરનાર સમાજકાર્ય તેમ જ સમાજશિક્ષણને સંદર્ભે ગુજરાતના છેવાડાના માનવીને મુખ્ય ધારા સુધી લાવવાના અમારા પ્રયાસને મારા આદરણીય મિત્ર અને માર્ગદર્શક માન. શ્રી ભરતસિંહજી ગોહિલનો હરહંમેશ આભારી રહીશ. મક્કમ મનથી નિર્ધારિત જીવનધ્યેયને પરિપૂર્ણ કરવા, નિરંતર મંડ્યા રહેવાની અને ધ્યેય પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જંપીને નહીં બેસવાની નેમને મારી માતૃસંસ્થાએ વૈચારિક અને કાર્યક્ષેત્રમૂલક બળ પૂરું પાડ્યું છે તેના માટે આજના દિને હું પુનઃ અંતઃકરણપૂર્વક સંસ્થાનો આભારી છું.

લોકભારતી-સણોસરાનું અને ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલાનું જે બળ મને મળ્યું છે, તેના માટે હું મારી જાતને ધન્ય સમજું છું. મારા જીવનઘડતરમાં લોકભારતી-સણોસરાના મૅનેજિંગ ટ્રસ્ટી માન. શ્રી અરુણભાઈ દવે, નિયામકશ્રી હસમુખભાઈ દેવમુરારિ, પૂર્વ નિયામકશ્રી પ્રવીણભાઈ ઠક્કર, આચાર્યશ્રી હસમુખભાઈ સુથાર તેમ જ અધ્યાપકોનો આભારી છું. મારા આંબલા, લોકભારતીના યુવામિત્રોનો પણ આભારી રહીશ. મારા જેવા એક ચિંથરે વીંટાયેલ રતનને જેમણે સમાજ સમક્ષ ચમકતા હીરા તરીકે મૂક્યો તે સૌ, અને લોકભારતી-સણોસરાનાં ઝવેરી ઋષિતુલ્ય મારા સર્વે વડીલો, ગુરુજનો, આચાર્યશ્રી, અધ્યાપકો કે જેમની વચ્ચે રહી એક સાચું નેતૃત્વશક્તિનું પરિપાલન કરવાની જે તક મળી છે એ તક પૂરી પાડનાર સહુનો અંતઃકરણપૂર્વ પુનઃ આભાર વ્યક્ત કરું છું.

યુવા વયે મારા કાર્યની આટલા વિસ્તૃત ફલક પર નોંધ લઈ મને એક ઉમદા ઉદાહરણ તરીકે પ્રસ્તુત કરનાર સર્વની સાથે મારા સ્વ. પિતાશ્રી જસવંતસિંહજી કે જેણે હંમેશાં મને સાહસ કરવા પ્રેરિત કર્યો છે, મારા માતૃશ્રી કૈલાસબા કે જેણે હંમેશાં મને દીકરીઓને શિક્ષિત કરવા માર્ગદર્શિત કર્યો છે અને જીવનરથના બીજા મજબુત પૈડા તરીકે કાયમ મારો સાથ નિભાવનાર મારાં ધર્મપત્ની પ્રીતિબાએ વિચલિત પરિસ્થિતિમાં મારા ધ્યેયને, લક્ષ્યાંકને મૂર્તિમંત કરવા મારા વિશ્વાસને વધુ દૃઢ બનાવ્યો છે, તેમ જ મારા લઘુબંધુ ચેતનસિંહે હરહંમેશ મારી સાથે દરેક કાર્યમાં મને સાથ આપ્યો છે, ત્યારે આ પળે તમામને વંદન કરી તેમના સમર્પિત ભાવનો પુનઃ પુનઃ સ્વીકાર કરી આભાર વ્યક્ત કરું છું.

**(અનુસંધાન પાના નં. ૬૯ ઉપરથી)**

આમ, અરવિંદ એ તો કાંટાઓ વચ્ચે ખીલેલું ગુલાબ સાબિત થયો છે અને આજે લોકભારતીનાં સંસ્કારો અને જીવન–મૂલ્યોને સર્વત્ર વહેંચી રહ્યો છે.

**પ્રતિભાવ**

- અરવિંદ ત્રિવેદી

'દર્શક' વ્યાખ્યાનમાળા પ્રસંગે યોજાતા પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમમાં આ વર્ષે ૨૯મી ઑગસ્ટના રોજ આપ સૌએ મારું સન્માન કરવા વિચાર્યું છે તેની જાણ કરતો પત્ર અને સમાચાર મળ્યા, તેથી આનંદ થયો.

લોકભારતીના શિક્ષણકાળ દરમિયાન આપણી શિક્ષણપ્રક્રિયાની કેટલીક બાબતો હું જ્યારે અભ્યાસ કરતો હતો તે વખતે સીધી રીતે સમજાતી ન હતી પણ પરોક્ષ રીતે અંદર વવાયેલ બીજ કે સંસ્કાર આજે પરિપાક સ્વરૂપે ઊગ્યા, ખીલ્યા ત્યારે તે ઘડતર-ચણતરની પ્રક્રિયાની સાર્થકતા સમજાઈ છે.

સામાન્ય માટીમાંથી કુંભાર ઘડો તૈયાર કરે છે અને તેની ઉપર ટકોરા મારવાથી રણકારભર્યો અવાજ પ્રગટે છે, લગભગ તેવું જ આ નઈતાલીમની પ્રક્રિયામાંથી પસાર થવાનું લાગ્યું છે. લોકભારતીની કેળવણી દરમિયાન કુંભારના ચારણે ચળાવું, પલળવું અને ગુરુજનોનાં ચરણો નીચે ખુંદાવું-ગુંદાવું બરાબર યાદ છે. ત્યારે ખબર ન હતી કે આ કેળવણી સંસારના ચાકડે ચડવા સમયે ફસ્કાઈ ન પડીએ તે માટેની છે. પછી સંસારે મને સંકટોના ચાકડે એવો તો ચડાવ્યો-ઘુમાવ્યો છે કે કેળવાયેલી માટીમાં કોઈ અશુદ્ધિ રહી ન હતી એટલે એક સુંદર આકારમાં ઢળતો રહ્યો.

એક્સેલ જેવી સિદ્ધહસ્ત ઓપન યુનિવર્સિટીના શિલ્પકારોના હાથ મને વધુ સુંદર, સુઘડ પાત્રતા આપતા રહ્યા અને એક કાચી માટીમાંથી 'જનસંપર્ક અધિકારી'નું સ્વરૂપ પામ્યો.

આફતોએ અને આપત્તિઓની આગના નીંભાડે મને ખરો પજવ્યો-પકવ્યો. તાલીમના ટપલે ટીપાતાં ટીપાતાં હું પોતે જ ક્યારે તાલીમકાર બની ગયો તે ખબર જ ન રહી ! આજે જ્યારે હજારો તાલીમાર્થીઓનાં ઘડતરનું અને ક્ષમતાવર્ધનનું કામ કરું છું ત્યારે લોકભારતીની ઘડતર-ચણતરની પ્રક્રિયા જ અનેક યુવાનો-કર્મચારીઓમાં પ્રાણ પૂરી રહી છે. આભાર...

## (૦૮) વ્યાવસાયિક કૃષિકાર : યોગરાજસિંહજી ગોહિલ

- પરિચય : જયવંતસિંહ ગોહિલ



શ્રી યોગરાજસિંહ ગોહિલ લોકભારતીના કૃષિ સ્નાતક(૧૯૯૫) છે. ગૂજરાત વિદ્યાપીઠમાંથી એમ.એસ.ડબલ્યૂ.ની ૧૯૯૭માં પદવી મેળવી ૧૯૯૮માં ડિપ્લોમા ઈન લેબર લો સંપન્ન કરી, પાલીતાણામાં ભગિની મિત્રમંડળમાં ફેમિલી કાઉન્સેલર તરીકે બે વર્ષ કામગીરી કરી. જે.સી.કુમારપ્પા મહાવિદ્યાલય, ગઢડામાં એમ.એસ.ડબલ્યૂ.નો અભ્યાસક્રમ શરૂ થતાં ચારેક વર્ષ તેના સંયોજક, અધ્યાપક તરીકે સેવાઓ આપી. કચ્છની સ્વૈચ્છિક સંથાઓના સંગઠન 'અભિયાન'માં ભચાઉ તાલુકાના સંયોજક તરીકે સાડા ત્રણ વર્ષ રહ્યા. મહેસાણામાં એક વર્ષ ડેરી ફાર્મનો પ્રયોગ કર્યો. આઠેક વર્ષ વિવિધ અનુભવો મેળવ્યા પછી તેમણે સ્વતંત્ર વ્યવસાયમાં ઝંપલાવવાનું નક્કી કર્યું. ભાવનગર જિલ્લાના સોનગઢ ગામે પરિવારની ૧૦૫ વીઘા જમીન હતી. ૮૦ વીઘા જમીનમાં સિંચાઈ થાય. પિતાશ્રી ગુરુકૂલ હાઈસ્કૂલમાંથી શિક્ષક તરીકે નિવૃત્ત થઈ સામાજિક પ્રવૃત્તિમાં સક્રિય. જિલ્લાની સ્વાધ્યાય પ્રવૃત્તિના અગ્રણી. ગામની સેવા સહકારી મંડળીના પ્રમુખ. પિતાશ્રી જાહેર જીવનની વ્યસ્તતાને કારણે ખેતીમાં પૂરતું ધ્યાન આપી શક્યા નહોતા. દુષ્કાળનાં વર્ષોમાં સીતાફળ, દાડમ, લીંબુનો બગીચો નષ્ટપ્રાય થઈ ગયો હતો. દેખરેખના અભાવે ટપક સિંચાઈ પદ્ધતિનાં પરિણામો મળ્યાં નહોતાં. યોગરાજે ખેતીને ઉત્પાદક બનાવી. કૃષિ પેદાશોનું રૂપાંતર કરી, મૂલ્યવર્ધન કરી, સમાજ સમક્ષ એક મૉડેલ પ્રદર્શિત કરવાનું નક્કી કર્યું.

યોગરાજે વધુ ઉત્પાદન અને વળતર આપતાં બે ફળાઉ વૃક્ષો અને ફૂલની ખેતી પર પસંદગી ઉતારી. પિયત જમીન પૈકી ૪૩ વીઘામાં ૧૦૦૦ જામફળ, ૫૦૦૦ અજમેરી પીંક રોઝ-ગુલાબ અને ૯૫૦ લીંબુનું પ્લાન્ટેશન કર્યું. જામફળના રોપ જાતે ઉછેરી તેમણે તૈયાર કર્યા. પૂરતા પ્રમાણમાં સેન્દ્રિય ખાતર આપીને બગીચાની પૂરી માવજત કરતા ગયા. જીવાતનિયંત્રણ માટે વિવિધ વનસ્પતિ, કુદરતી દ્રવ્યોનો ઉપયોગ કર્યો. કૃષિ પેદાશોનું રૂપાંતર કરી તેનાં મૂલ્યવર્ધનના લાભો તેમને મેળવવા હતા, એટલે બે વર્ષ પછી જાપાનમાં ગુલાબની ચા (હર્બલ રોઝ ટી) પ્રખ્યાત છે તેવી માહિતી મળતાં ગુલાબની સૂકી પાંદડીનાં ત્રણેક વખત સેમ્પલ જાપાન મોકલ્યાં. તેનો પ્રતિભાવ સાંપડ્યો નહીં એટલે પાલીતાણાના એક ભાઈનો અનુભવ જાણીને તેમણે ૪૦૦ કિ.ગ્રા. ગુલકંદ તૈયાર કર્યો. જોઈએ તેવી ગુણવત્તાવાળો માલ તૈયાર થયો નહીં. પિતાશ્રીએ 'મનુસ્મૃતિ' વાંચવાનું સૂચવતાં મનુસ્મૃતિનું અધ્યયન કર્યું. આ ગ્રંથમાં તો ધીરજ રાખવાની વાત હતી. તેમણે ઑર્ગેનિક ગુલકંદ તૈયાર કરી ગ્રાહકો સમક્ષ મૂક્યો હતો. આ પ્રકારની બનાવટનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો. ગુલાબની પાંદડી સૂકવી, સફાઈ કરી તેની સાથે ઉત્તરાંચલથી કુદરતી, સલ્ફર

વિનાની ખાંડ મંગાવી, ૧ઃ૨ના પ્રમાણમાં મિશ્રણ કર્યું. તેને સાંબેલાથી બરાબર ખાંડી, મોટાં વાસણોમાં ભરી તેના ઉપર સફેદ કપડું બાંધી તડકામાં મૂકી દીધું. ૧૫થી ૨૦ દિવસમાં ગુલકંદ તૈયાર. 'માધવ ફ્રેશ' નામ નીચે એક વેપારીને સેમ્પલ આપ્યું. તેમણે પ્રોત્સાહક પ્રતિભાવ આપી ૪૫૦ કિ.ગ્રા.ની ખરીદી કરી. સોનગઢ જૈનોનું યાત્રાધામ હોવાથી, મુંબઈથી યાત્રિકોની આવ-જા સતત થયા કરે. યોગરાજે રેલવે સ્ટેશને કાઉન્ટર શરૂ કર્યું. લોકોને ગુણવત્તાયુક્ત પેદાશની પૂરી ખાતરી થવા લાગી. અત્યારે વેચાણ વ્યવસ્થાપનનું તંત્ર સારી રીતે ગોઠવાઈ ગયું છે. ગુજરાતમાં સજીવ પેદાશ વેચતા ઓર્ગેનિક સ્ટોરમાં સારી એવી માંગ રહે છે. ફૂડ ફેસ્ટિવલમાં પેદાશ પ્રસ્તુત થાય છે. વર્ષે ૧૫૦૦ કિ.ગ્રા. ગુલકંદ વેચાય છે.

તેમણે બજારમાંથી કોઈ કંપનીનું ગુલાબનું શરબત ખરીદ્યું. તેની ચકાસણી કરી તો ગુલાબને બદલે કૃત્રિમ એસેન્સ જ જોવા મળ્યું. તેમણે ગુલાબની પાંદડીઓ ઉકાળી, અર્ક તૈયાર કરી, ખાંડ સાથે ભેળવી, થોડું સુગંધી એસેન્સ નાંખી શરબત તૈયાર કર્યું. જામફળ, લીંબુ અને જાંબુડાંના સ્ક્વોશની બનાવટ તૈયાર કરી. આ તમામ કુદરતી શરબત-સ્ક્વોશનું બૉટલિંગ કરી બજારમાં મૂકતાં તેને સરસ આવકાર મળ્યો. તેમનું આગામી આયોજન છે કે 'માધવ' બ્રાન્ડની એક કે બીજી પેદાશનો વપરાશ બારે માસ ગ્રાહકો કરતા રહેવા જોઈએ. એટલે જામફળની ડ્રાય ચિપ્સ, જામ-જેલી, પાવડર, લીંબુનો પાવડર બનાવી આંતરિક બજારમાં મૂકવાની સાથે તેની નિકાસ કરવા તેઓ ઇચ્છુક છે. તેઓએ તમામ ફળઝાડના પાકમાં ટપક સિંચાઈ પદ્ધતિ દાખલ કરેલ છે. યોગરાજને ખેતીમાં સંશોધિત અભિગમ માટે ગુજરાત સરકારનો 'કૃષિ-ઋષિ ઍવૉર્ડ' તેમ જ નવસારી કૃષિ યુનિવર્સિટીનો પુરસ્કાર પ્રાપ્ત થયા છે. આત્મા પ્રોજેક્ટ, ભાવનગરની ગવર્નિંગ બોડીના તેઓ સદસ્ય તરીકે નિયુક્ત થયા છે.

યોગરાજને છ વર્ષના જાત અનુભવે ખાતરી થઈ છે કે ફળાઉ વૃક્ષો કે ગુલાબની પેદાશોનું સ્થાયી બજાર મળી જાય તો એક વીઘે રૂ. ૫૦,૦૦૦ની ચોખ્ખી કમાણી મેળવી શકાય તેમ છે. તેમને લોકભારતીમાંથી આત્મવિશ્વાસ અને શ્રમ-નિષ્ઠાના સંસ્કાર મળ્યા છે. ફળઝાડ વિજ્ઞાન અને ગ્રામઅર્થશાસ્ત્ર જેવા વિષયોમાંથી વ્યવહાર સિદ્ધાંતો શીખ્યા છે. એટલે તેઓ તમામ પેદાશો જાતે બનાવી શકે છે. રેલવે સ્ટેશને ગ્રાહક સાથે સંપર્ક કરતાં તેમને નાનપ લાગતી નથી. વાડીમાં ભાગિયા ન આવે તો જાતે પાણી વાળવા લાગી જાય છે. લોકભારતી અને ગૂજરાત વિદ્યાપીઠના વિદ્યાર્થી હોવાનું તેમને ગૌરવ છે.

●---------●●●--------●●●---------●

**પ્રતિભાવ**

- યોગરાજસિંહ ગોહિલ

અમારો વારસાગત મુખ્ય વ્યવસાય તો ખેતી, પરંતુ પિતાશ્રીએ શિક્ષક અને આચાર્ય તરીકે કામગીરી કરી. હું શિક્ષણમાં મધ્યમ હતો. પિતાશ્રી વર્ષોથી સ્વાધ્યાય પરિવાર સાથે સંકળાયેલા હોવાના કારણે સેવા અને મદદ કરવાની ભાવના સાથે કંઈક નવું કરવાની ભાવના મારામાં પહેલેથી જ. સમાજકાર્યનો અભ્યાસ પૂરો કર્યા પછી નોકરી કરવાની ખાસ કંઈ ઈચ્છા નહોતી, પરંતુ સમાજકાર્યનો અનુસ્નાતક સુધીનો અભ્યાસ કરેલો હોવાથી તેનો યોગ્ય ક્ષેત્રમાં ઉપયોગ કરી શકાય તે માટે પાલીતાણા ખાતે કુટુંબ સલાહ કેન્દ્રમાં કાઉન્સેલર(પરામર્શકર્તા) તરીકે થોડો સમય કામ કર્યું. તેની સાથે ડિપ્લોમા લેવલનો લોનો અભ્યાસ પણ કર્યો. કાઉન્સેલર તરીકે થોડા સમય કામગીરી કર્યા પછી મોટાભાઈ સાથે અંકલેશ્વર ખાતે હોટેલનાં વ્યવયાયમાં જોડાવાનું નક્કી કર્યું. થોડા દિવસ હોટેલનાં વ્યવસાયને સમજવા-શીખવા માટે અંક્લેશ્વર ખાતે રહ્યો. આ વ્યવસાયમાં આગળ વધવાનું નક્કી કર્યું અને જે દિવસે અંક્લેશ્વર જવાનો હતો એના આગલા દિવસે ગઢડા જે.સી. કુમારપ્પા મહાવિદ્યાલયમાં સમાજકાર્યનો નવો અભ્યાસક્રમ શરૂ થયો હોવાથી ત્યાં એમ.એસ.ડબલ્યૂ. વિભાગમાં સંયોજક તરીકે કામ કરવાની તક ઊભી થતાં મારું શિક્ષણ સમાજકાર્ય વિષયમાં હોવાથી આ જ ક્ષેત્રમાં આગળ વધવું જોઈએ, એવું વિચારી શિક્ષણના કામમાં જોડાવાનું નક્કી કર્યું. મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી દ્વારા સમાજકાર્ય વિષયમાં પી.જી.

સેન્ટર ઓફ સોશિયલવર્ક માટે શરૂઆત અને તેને સ્થાપિત કરવાની ખૂબ જ જવાબદારીવાળી કામગીરી સંભાળવાની થઈ અને તે સુપેરે પાર પણ પાડી. વર્ષ ૨૦૦૧માં કચ્છમાં ધરતીકંપ થયો અને તેમાં મદદ માટે વિદ્યાર્થીઓની સાથે કચ્છ ખાતે જવાનું થયું. લગભગ ૧૫-૨૦ દિવસ સુધી કચ્છ નવનિર્માણ અભિયાન સાથે જોડાઈ કચ્છનાં અંતરિયાળ ગામો સુધી રાહતની સામગ્રી પૂરી પાડવાની કામગીરી કરી. આ પછી કચ્છના ધરતીકંપથી અસરગ્રસ્ત લોકોના પુનઃ સ્થાપન માટે 'કચ્છ નવનિર્માણ અભિયાન'માં જોડાયો અને તાલુકા કક્ષાએ શરૂ કરવામાં આવેલ 'સેતુ'ના વ્યવસ્થાપન અને સંચાલનની કામગીરી સંભાળી. આ સમયગાળા દરમ્યાન ઓર્ગેનિક ખેતી સંદર્ભે કામ કરવાનું પણ થયું, જેમાં જાપાનની એક કંપની સાથે કામ કરવાનું થયું; જેનાથી ઓર્ગેનિક ખેતી વિશેની સમજણમાં વધારો થયો. ખેતીની સાથે જોડાયેલો મુખ્ય વ્યવસાય પશુપાલન છે.

ઘરે વારસાગત જે જમીન હતી તેને સંભાળવાની અને મૂલ્યવર્ધિત કરવાની કામગીરી પણ સંભાળવાની હતી. સોનગઢની વાડીમાં ૧૫થી ૧૬ વીઘામાં જામફળનાં ઝાડ હતાં અને બીજા પણ પાકો લેવામાં આવતા હતા. આથી પોતાની જમીનમાં આવેલા ફુલ અને ફળમાંથી કેવી રીતે મૂલ્યવર્ધન કરી શકાય, તે દિશામાં કામગીરી શરૂ કરી. ફળ અને ફૂલમાંથી અલગ-અલગ બનાવટો બનાવવાની મારી કારકિર્દી શરૂ થઈ. શરૂઆતમાં માત્ર ગુલકંદ બનાવ્યું. ત્યારબાદ વાડીનાં જામફળમાંથી જામફળનું શરબત બનાવ્યું. એ જ રીતે લીંબુ, આદુ અને ગુલાબનું શરબત બનાવ્યું. આમ કરતાં કરતાં આજે લગભગ ૧૦થી ૧૫ પ્રકારનાં શરબતો અને અલગ અલગ બનાવટો બનાવું છું.

શરબતો બનાવવા માટે કાચામાલની ચિંતા નહોતી, કારણ કે તે વાડીમાંથી મળી રહેતો. બનાવવા માટે ટેક્નિક પણ શીખી લીધી. પરંતુ તેનું માર્કેટ શોધવાનું કામ ખૂબ જ કપરું હતું. સૌ પ્રથમ 'સીઈઈ', અમદાવાદ ખાતે બે દિવસ માટે ઓર્ગેનિક ફૂડ માટે એક કાર્યક્રમનું આયોજન થયેલું ત્યાં હું મારી બનાવટનું ગુલકંદ, ગુલાબનું શરબત અને જામફળનું શરબત લઈને ગયો. ત્યાં આવેલ મહેમાનો અને મુલાકાતીઓએ મારી પ્રોડક્ટને વખાણી અને જેટલું મારું પ્રોડક્શન હતું તે બધું જ એક દિવસમાં વેચાઈ ગયું. એટલે એમ વિશ્વાસ બેઠો કે સારી ગુણવત્તાવાળી પ્રોડક્ટ માટે માર્કેટની બહુ ચિંતા નથી. ત્યાર બાદ એ જ વર્ષે 'સૃષ્ટિ' દ્વારા અમદાવાદ ખાતે ફૂડ ફેસ્ટીવલનું આયોજન થયેલું, તેમાં મને મારી પ્રોડક્ટ લઈને જવાની તક મળી. ત્યાં ઘણી સફળતા મળી એટલે આત્મવિશ્વાસમાં વધારો થયો અને પ્રોડક્શન વધારવા ઉપર ધ્યાન આપ્યું. ધીમે ધીમે ગુજરાતમાં આયોજિત થતાં અલગ-અલગ ફૂડ ફેસ્ટીવલમાં જવાનું થયું અને તેમાંથી માર્કેટ વધતું ગયું આજે ગુજરાત અને ગુજરાત બહાર પણ મારી અલગ અલગ પ્રોડક્ટની માંગ રહે છે. માંગ પ્રમાણે હું તે પહોંચાડું છું.

આ કામગીરીમાં મને સૌથી પહેલો સહયોગ મારા પિતાશ્રી તરફથી સતત મળતો રહયો છે. મારા ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, મિત્રોએ પણ મદદ કરી છે અને વર્ષો પહેલાં મને મૂલ્યવર્ધિત ખેતીનો વિચાર આવ્યો હતો તેમાં સફળતા મળી છે.

આમાં લોકભારતી સણોસરાનાં પરિસરમાં ભણવાની તક મળી, અહીંના અધ્યાપકો દ્વારા અમારામાં પોતાપણાની ભાવના ઊભી કરી અને ખેતી સાથે અમારો લગાવ જળવાઈ રહે તે પ્રકારે ભણાવવાની પદ્ધતિનો પણ ખૂબ જ મોટો ફાળો રહ્યો છે. જેમાં અમારા એક અધ્યાપકશ્રી પંડ્યાભાઈનું ઉદાહરણ હંમેશા યાદ રહે છે. તેઓ અમને ગૌશાળાના ખેતરમાં ઊભેલી જુવારના પાકમાં પેંડાનાં દર્શન કરવાના વિચારથી ઉત્સાહિત કરતાં.

આજે જ્યારે મારી માતૃસંસ્થા લોકભારતી મને સન્માની રહી છે ત્યારે મને અતિ ગૌરવ અને આનંદ થાય છે. હું લોકભારતી, સણોસરાના તમામ અધ્યાપકશ્રીઓ, ગુરુજનો, સન્માન પસંદગી સમિતિના સભ્યશ્રીઓ, હોદ્દેદારશ્રીઓનો હૃદયથી આભાર વ્યક્ત કરું છું.

●---------●●●--------●●●---------●

## (૦૯) જ્ઞાન, ભક્તિ અને કર્મનો અનુબંધ : ગુરુપૂર્ણિમા

- પ્રવીણચંદ્ર ઠક્કર

ભારતીય સંસ્કૃતિ સાથે જે અનેક અર્થપૂર્ણ ક્રાંતિકારી શબ્દો વણાઈ ગયા છે તેમાંનો એક છે 'ગુરુ'. આ ગુરુ-ગુરુત્વમાંથી આપણે સૌએ નિરંતર learning કરતા જવાનું છે.

લોકભારતી એ માત્ર શિક્ષણની નહીં, પણ કેળવણીની સંસ્થા છે. જે માહિતી અને જ્ઞાન આપે તે શિક્ષણ, જ્યારે માહિતી અને જ્ઞાનની સાથે સાર્થક જીવન જીવવા માટેના આનંદનો અનુબંધ કરી આપે તે કેળવણી. ઉમાશંકર જોશી કેળવણી માટે શબ્દ પ્રયોજે છે 'ધર્મ'. આ ધર્મ એટલે કોઈ Religion હિંદુ-મુસ્લિમ નહીં પણ સર્વોચ્ચ જ્ઞાન. સર્વોચ્ચ પ્રજ્ઞા એટલે ધર્મ. નાગરિક તરીકેની આપણી ફરજોનું સભાનપણે-સજાગપણે, પ્રામાણિકતાથી પાલન કરવાનું જ્ઞાન આપે તે ધર્મ. ગૂજરાત વિદ્યાપીઠનો ધ્યાનમંત્ર છે 'સા વિદ્યા યા વિમુક્તયે'.

આપણાં અજ્ઞાન-અંધમાન્યતાઓ-અંધશ્રદ્ધા-પૂર્વગ્રહોના બંધનમાંથી મુક્ત કરે તે વિદ્યા, એ કેળવણી. વ્યક્તિની સર્જનાત્મકતાને બહાર કાઢી તેને જીવાતા જીવન સાથે અનુબંધિત કરી આપે તે કેળવણી.

વિદ્યાર્થીઓ પોતાનો ધર્મ યથાર્થ રીતે બજાવી શકે તે માટે લોકભારતી તેને ત્રીજી આંખ આપે છે. અભિમન્યુના અનેક કોઠાઓ, ચક્રવ્યૂહમાંથી હેમખેમ બહાર નીકળી જવાનું કૌશલ્ય-સામર્થ્ય આપે છે. તજજ્ઞતા અને સુજ્ઞતા, તંત્ર અને તત્ત્વનો સમન્વય સાધતો અભ્યાસક્રમ, સમૂહજીવન, સહશિક્ષણ, પરિશ્રમ, 'ઈકો' વસ્ત્ર-ખાદી, શિબિર-પ્રવાસ અને તહેવારોનાં જ્ઞાન-વિજ્ઞાન જેવી અનેક પ્રક્રિયાઓમાંથી તે પસાર થાય છે.

આ સહજ પ્રક્રિયાને પરિણામે વિદ્યાર્થી જે કોઈ ક્ષેત્રમાં જાય, શિક્ષણ-ગ્રામવિકાસ-સ્વૈચ્છિક સંગઠનો-ઉદ્યોગ-વ્યાપાર; ત્યાં તે સામાજિક નિસ્બત concern for community સાથે સંસ્થાને પોતીકી માની લે છે. અરે ! તેનામાં ઉદાત્ત ભાવનાઓનો સંચાર થયો હોવાથી, તેનું અંગત ગૃહસ્થ જીવન પણ ફૂલો જેવું સદાયે મઘમઘતું રહ્યા કરે છે.

ગુરુપૂર્ણિમાના પારંપરિક સંદર્ભની આપણે પહેલાં સ્પષ્ટતા મેળવી લઈએ. સેંકડો વર્ષો પૂર્વે જ્ઞાની-અનાસક્ત અને જેમનાં કથની-કરણી એકરૂપ હતાં તેવા ઋષિમુનિઓએ આશ્રમો સ્થાપેલા. ત્યાં બ્રહ્મચારીઓ-શિષ્યો વિદ્યાભ્યાસ માટે આવતા. ભૌતિક-આધ્યાત્મિક વિદ્યાઓનું અધ્યયન કરતા. શિષ્યો ઋષિઓને આદરભાવથી સંબોધન કરતા 'ગુરુ'. આ આશ્રમોમાં અન્ય ભક્તજનો-રાજા-મહારાજાઓ પણ આવતા. પૂજન-અર્ચના કરતા. યથાશક્તિ ભેટ ધરતા.

આ આશ્રમો અને ગુરુઓનું સ્વરૂપ-આંતરિક કલેવર બદલાઈ ગયું છે. તેમાંથી તત્ત્વની લગભગ બાદબાકી થઈ ગઈ છે. તેમ છતાં પૂજાપાઠ-ભેટસોગાદ જેવી પ્રણાલિકાઓનું તંત્ર ચાલ્યા કરે છે. આપણે આધુનિક સંદર્ભ સાથે આ ઉત્સવની મૂલવણી-ઉજવણી કરવાની છે.

લોકભારતીના સ્થાપનાકાળથી આપણે 'ગુરુ'ની શા માટે ચર્ચા કરી રહ્યા છીએ ? કારણ કે આપણે જન્મી ગયા એટલે જીવી જવાની વેઠ ઉતારવાની નથી. આપણને દસ કર્મેન્દ્રિયો-જ્ઞાનેન્દ્રિયોની સાથે અંતઃકરણ-મન-બુદ્ધિ-ચિત્ત-અહંકાર અને આત્માની વિશિષ્ટ અને અનન્ય ભેટ મળી છે. એટલે જીવવાનું છે તો To live પણ ક્ષણે ક્ષણે સજાગપણે જીવવાનું છે. To live through બીજા સાથે ભાવસભર જીવતા શીખવાનું છે. To live with અને બીજા લોકોની ખેવના કરતા કરતા જીવવાનું છે.To live for. કેવડિયા કોલોનીમાં એક નિષ્ણાત ડૉક્ટર છે અશોક ગોહિલ. તે દર્દીઓની સારવાર કરે છે કોઈ ફી લીધા વિના. તેના યોગક્ષેમની ચિંતા સમાજ કરે છે.

આવું જીવન જીવવા માટે મિશન અને વિઝન નક્કી કરવાં પડે. આપણાં વાણી-વર્તન-વ્યવહારમાં સંવાદિતા-એકવાક્યતા લાવવી પડે. અહિંસા-અભય-સત્ય-સરળતા-

શાંતિ-ક્ષમા-વિવેક-ન્યાયવૃત્તિ જેવા ગુણો કેળવવા પડે. આપણે જે કંઈ ઉદ્દેશ-ધ્યેય-લક્ષ્ય નક્કી કર્યાં હોય તે પ્રમાણે તેને સિદ્ધ કરવા માટે મિત્ર, તત્ત્વચિંતક, માર્ગદર્શક Friend, Philosopher, Guideની ભૂમિકા ભજવે, વ્યક્તિત્વને તેજસ્વી બનાવવામાં સહાયક નીવડે તે ગુરુ. જ્ઞાની-અનુભવી-શીલવાન-પ્રેમાળ-કર્મશીલ ગુરુ 'તમસો મા જ્યોતિર્ગમય' અજ્ઞાન-તમસથી જ્ઞાન-અજવાસ તરફ લઈ જવાની દિશા દર્શાવે છે. સત્યમંડિત રસ્તાઓ બતાવે છે. ભગવાન બુદ્ધના શબ્દોમાં કહીએ તો ગુરુ કલ્યાણમિત્ર છે. આપણા કલ્યાણની ખેવના કરે છે, પણ નિઃસ્વાર્થપણે, મિત્રભાવે. ગુરુને બ્રહ્મા-વિષ્ણુ અને મહેશની ઉપમા આપવામાં આવી છે. આપણા સદ્‌વિચારોને જન્મ આપે-તેનું અંકુરણ કરે તે બ્રહ્મા. તેનું પાલનપોષણ કરે તે વિષ્ણુ અને અંતઃકરણમાં તામસી વિચારો આવી જાય, તેનો નાશ કરે તે મહેશ.

અહીં શિક્ષક અને ગુરુ શબ્દ વચ્ચેની ભેદરેખા આપણે જાણી લઈએ. બંનેનું સ્થાન મહત્ત્વનું છે. પોતાની આજીવિકા રળવા માટે, નક્કી કરેલા સમય માટે, વિષયને લગતી માહિતી- જ્ઞાન આપે તે શિક્ષક, પણ વિદ્યાર્થી-શિક્ષાર્થી સાથે નિસ્બત કેળવીને, સમયનું કોઈ બંધન સ્વીકાર્યા વિના માહિતી-જ્ઞાનની સાથે જીવનદર્શન-અંતરદૃષ્ટિ આપે તે ગુરુ. ગુરુ એ વ્યક્તિ હોય અને વિચારતત્ત્વ પણ હોય.

આજના સમયમાં કોઈ એક જ વ્યક્તિ કે ગ્રંથ પાસેથી સાર્થક જીવનના સમગ્ર પાઠ મળ્યા કરે તે અશક્ય છે, એટલે જેમની જેમની પાસે જ્ઞાન અને શીલ છે તેના ઉપર અખંડ, શ્રદ્ધા-વિશ્વાસ-કૃતજ્ઞ ભાવ રાખીને આપણે સમૃદ્ધ થતા જવાનું છે. ગુરુની લાક્ષણિકતા તેમ જ ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધોનું એક જીવંત ઉદાહરણ તપાસીએ.

સ્વામી આનંદ જેમને વ્યાસ-વાલ્મીકિના વારસદાર તરીકેની ઓળખ આપે છે તે આપણા કુલગુરુ નાનાભાઈના ગુરુ હતા મહારાજ નથુરામ શર્મા. તેઓ હતા તો ગુજરાતી પ્રાથમિકશાળાના શિક્ષક, પણ જ્ઞાનની ઉપાસના-યોગ સાધના કરીને આચાર્ય તરીકે પ્રસ્થાપિત થયા હતા. પ્રસ્થાનત્રયિ-ઉપનિષદ-બ્રહ્મસૂત્ર-ગીતા-પતંજલિ યોગદર્શન જેવા ગ્રંથોમાં તેમણે ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. એટલું જ નહિ તે શાસ્ત્રો સરળ ગુજરાતી ભાષામાં તેમણે ઉતાર્યાં હતાં.

બીજી તેમની વિશેષતા હતી, ચીવટ-ચોકસાઈ-નિયમિતતા. તેમનાં પત્રવ્યવહાર કે પુસ્તકો દરેકમાં જોડણી શુદ્ધ હોય. ભાષા સ્પષ્ટ હોય. તેમનાં વાણી-વ્યવહાર પણ સ્પષ્ટ. આશ્રમમાં દરેક વસ્તુ ચોક્કસ સ્થળે જ મુકાયેલી હોય. મહારાજશ્રીના આસન-ઘડિયાળ-પેન્સિલ-વાસણ નક્કી કરેલાં સ્થાને જ હોય. આશ્રમમાં કરકસર અને સ્વચ્છતાનો પૂરો આગ્રહ-અમલ.

ઈ.સ. ૧૯૦૪માં નૃસિંહપ્રસાદે મહારાજશ્રીનું શિષ્યત્વ ધારણ કર્યું, ત્યારે તેમની ઉંમર હતી ૨૨ વર્ષની. બી.એ., એસ.ટી.સી.ની પદવી મેળવીને મહુવાની હાઈસ્કૂલમાં તેઓ આચાર્ય હતા, પણ પરંપરાગત શિક્ષણકર્મથી તેમને સંતોષ નહોતો. કેળવણીના મૂળભૂત આદર્શોને અમલમાં મૂકવાની તેમની હોંશ હતી. બીજી તરફ તેમની ધર્મભાવના પ્રબળ બનતી જતી હતી એટલે તેમણે મહારાજશ્રીનું શિષ્યત્વ સ્વીકાર્યું. નાનાભાઈ ગુરુ કરતા સવાયા શિષ્ય સિદ્ધ થયા. તેમણે આધ્યાત્મિક ગ્રંથોનો વિશદ્ અભ્યાસ કર્યો. તેની સાથે ગુજરાતી-સંસ્કૃત-અંગ્રેજી સાહિત્યનું પણ આચમન કરતા રહ્યા. કાલિદાસનું 'શાકુંતલ' તેઓ સત્તર વખત વાંચી ગયા. નાનાભાઈએ તેમના અભ્યાસના પરિપાકરૂપે બે ઉપનિષદ, રામાયણ-મહાભારતનાં પાત્રો અને લોકભાગવત જેવાં વિરલ પુસ્તકોની ભેટ આપી છે. તે જ રીતે મહારાજશ્રીની જેમ જ વાણી-વ્યવહારની ચોક્કસાઈ, સ્પષ્ટતા, કરકસર વગેરે ગુણો તેમણે દક્ષિણામૂર્તિથી લોકભારતીમાં ચરિતાર્થ કરી બતાવ્યા.

નાનાભાઈ મહારાજશ્રીથી પ્રભાવિત હતા, તેટલા જ તેઓ તેમની મર્યાદાઓથી પૂરેપૂરા વાકેફ હતા. ૧૯૧૩માં દક્ષિણામૂર્તિના ઉપક્રમે યોજાયેલ વિદ્યાર્થી સંમેલનની પૂર્વસંધ્યાએ યોજાયેલ આનંદશંકર ધ્રુવના વાર્તાલાપ સમયે મહારાજશ્રીની બેઠક તેમની સાથે જ ગોઠવાઈ, ત્યારે મહારાજશ્રી ભારે નારાજ થયા. બીજા દિવસના મુખ્ય સંમેલનમાં તેમના માટે વિશિષ્ટ બેઠકની વ્યવસ્થા કરવા માટે તેઓએ આગ્રહ રાખ્યો. નાનાભાઈએ તેનો સ્વીકાર ન કર્યો

અને કહ્યું ‘આપ કાર્યક્રમમાં નહીં પધારો તો તેને હું મારા કમભાગ્ય સમજીશ’. ગુરુ અને સત્ય વચ્ચે પસંદગી કરવાની આવે ત્યારે સર્વોચ્ચ સ્થાને હોય ‘સત્ય’. સાતેક વર્ષ પછી ૧૯૨૦માં દક્ષિણામૂર્તિને જ્યારે રાષ્ટ્રીય સ્વરૂપ આપવાનું નક્કી થયું, હરિજન વિદ્યાર્થીઓને પણ સંસ્થામાં પ્રવેશ આપવાનો સ્વીકાર થયો ત્યારે મહારાજશ્રીના તીવ્ર વિરોધને કારણે તેમના શિષ્યત્વમાંથી તેઓ મુક્ત થયા, પણ ‘ગુરુ’ માટેનો તેઓનો આદરભાવ ક્યારેય ઓછો થયો નહીં.

ઈ.સ.૧૯૫૪માં પ્રકાશિત નાનાભાઈની અનુભવ કથા ‘ઘડતર અને ચણતર’માં મહારાજશ્રીની વિશેષતાઓની સાથે મર્યાદાઓની ચર્ચા પણ કરવામાં આવી છે. પણ તે પૂર્વે જાહેરમાં ક્યારેય તેમણે ગુરુની મર્યાદાઓનો ઉલ્લેખ કે ટીકા કર્યા નથી. નાનાભાઈએ સ્થાપેલ દરેક સંસ્થાના મિશન અને તે મિશનને ઉજાગર કરતા આદર્શ ગુરુની સંકલ્પનાને તેમણે ધ્યાનમંત્ર દ્વારા વાચા આપી છે.

ગ્રામદક્ષિણામૂર્તિનો ધ્યાનમંત્ર છે :

‘ચિત્રં વટતરોર્મૂલે વૃદ્ધાઃ શિષ્યાઃ ગુરુર્યુવા
ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યાસ્તુ છિન્ન સંશયાઃ

શ્રીમદ્ શંકરાચાર્ય રચિત દક્ષિણામૂર્તિ ઉપનિષદમાંથી પસંદ કરવામાં આવેલ આ ધ્યાનમંત્રની બે વાત સમજવા જેવી છે. ગુરુ હંમેશા યુવાન છે કારણ કે તે અનુભવ આધારિત, સંવર્ધિત, સિદ્ધ-શુદ્ધ જ્ઞાનનું સતત અધ્યન કરતા રહે છે, જ્યારે શિષ્ય તો વિવિધ વયના, અલગ અલગ અનુભવ ધરાવનારા ગુરુ પાસે આવે છે એટલે વૃદ્ધ છે.

બીજું ગુરુ મૌન છે. ઝાઝું બોલતા નથી, પણ આચરણ જ તેમની વાણી છે. તેથી શિષ્યની શંકાઓનું આપોઆપ સમાધાન થઈ જાય છે. એટલે ગાંધીજીના જીવનકાર્ય ઉપર લખાયેલા ચાર ગ્રંથોનું શીર્ષક નારાયણ દેસાઈ સહેતુક આપે છે ‘મારું જીવન એ જ મારી વાણી’. આપણામાં ગુરુત્વ આત્મસાત્ કરવાના ત્રણ મુખ્ય માર્ગો છે. જ્ઞાન, કર્મ અને ભક્તિ.

જ્ઞાન એ જીવનનો મૂળ મંત્ર છે, પાયો છે. આપણી જેટલી જિજ્ઞાસા-તૃષ્ણા અને પરિશ્રમ હશે તેટલા પ્રમાણમાં ઊર્જા મળ્યા કરશે. આપણું અંતઃકરણ-મન-બુદ્ધિ-ચિત્ત તો શુદ્ધ-નિર્દોષ હોય, પણ આપણા સ્વાર્થ-સંકુચિતતા-વાસના-અજ્ઞાનને કારણે અંતઃકરણ ઉપર અંધશ્રદ્ધા-માન્યતા-પૂર્વગ્રહ-અશુદ્ધિનાં આવરણ ચડી ગયાં હોય છે. ગુરુ દ્વારા આ વિક્ષેપો દૂર કરવાનું સરળ બની જાય છે.

જ્ઞાનને ગુરુ માની તેની ઉપાસના દ્વારા મનુષ્ય કેટલી ઊંચાઈએ પહોંચીને, અનેકના પરોક્ષ ગુરુ બની શકે; તેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે આપણા મનુભાઈ. તેઓ કહેતા કે શરીરધારી ગુરુ તો દરેકને માટે દરેક સમયે સુલભ નથી હોતા, પણ ગ્રંથો તો જંગમ તીર્થ છે. ગ્રંથોના અધ્યયન દ્વારા જ્ઞાનીઓના અનુભવ અને અપૌરુષેય વિચારનું ભાથું આપણે મેળવતા જઈએ છીએ. સાહિત્યની સાધના હૃદયની કેળવણી કરે છે, બુદ્ધિને પ્રજ્ઞાવાન બનાવે છે, ચિત્તને સમતોલ રાખે છે, મનને વિવેકી બનાવે. એટલે મનુભાઈએ ગાંધીને-કાલેલકરને-શરદબાબુને-રવીન્દ્રનાથને-અર્નોલ્ડ ટોયન્બી જેવા અનેક સર્જકો-લેખકોને વાંચ્યા. ટાગોરનું ‘ઘરે બાહિરે’ વાંચ્યા પછી તેમણે કહ્યું કે આ કૃતિને કારણે સાધનશુદ્ધિ અંગેની મારી સમજણ પાકી થઈ છે. રાનડેનું પુસ્તક ‘Rise of Maratha Power’ ના અધ્યયન પછી તેમને અનુભવ થયો કે કાર્લ માર્ક્સની વાત ‘ધર્મ એ અફીણ છે’ તે યથાર્થ નથી. ધર્મ તો ‘અમૃત’ જ છે.

બીજી વાત છે ભક્તિની. ભક્તિ એટલે માત્ર કથા-કીર્તન-માળા-જપ નહીં પણ ઈશ ઉપનિષદમાં વર્ણન કર્યા મુજબ ‘ઈશાવાસ્યં ઇદં સર્વમ્ યત્કિંચ જગત્યામ્ જગત’ની ભાવના મુજબ સમગ્ર બ્રહ્માંડ પંચમહાભૂત -આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી, નિર્જીવ-સજીવ સૃષ્ટિમાં ઈશ્વરનું સ્વરૂપ માનીને તે બધાની ભક્તિ કરવાની છે. સૂર્ય આપણો ગુરુ છે. આખા વિશ્વને ચોવીસે કલાક જોઈએ તેટલી ઊર્જા આપે છે પણ તે ક્યારેય બીલ મોકલતો નથી. સૂર્યને નમસ્કાર કરીએ છીએ. તેની સાથે આ નિઃસ્વાર્થ ભાવનામાંથી શીખ મેળવીને આપણી વૃત્તિને ‘પરોપકારી’ બનાવતા રહીએ. જ્ઞાન અને ભક્તિ જો બરાબર સમજાઈ જાય તો આપોઆપ આપણી ચિત્તવૃત્તિઓ બદલવાં માંડશે. અહંકારમાંથી વિવેક, રાગ-દ્વેષમાંથી સમતા તરફ ગતિ-પ્રગતિ સહજભાવે થશે. કાર્યની દિશા બદલાઈ જશે. કોઈને અન્યાય-શોષણ કરવાનો

**(અનુસંધાન પાના નં. ૮૬ ઉપર)**

## (૦૯) સંસ્થા સમાચાર - ઑગસ્ટ : ૨૦૧૯

**- સંકલન : પ્રશાંત મહેતા**

### લોકભારતી સમાચાર

- તા.૧થી ૦૩ એમ ત્રણ દિવસ લોકભારતીમાં નવા પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓની અભિમુખતા શિબિર રહી. અનુસ્નાતક કેન્દ્રના વિદ્યાર્થીઓએ માર્ગદર્શક ટુકડી તરીકે ફરજ બજાવી. આ માટે જુદી જુદી પાંચ ટુકડીઓમાં જુદા જુદા મુદ્દાઓને કેન્દ્રમાં રાખીને આધુનિક શૈક્ષણિક ઉપકરણોના ઉપયોગ સાથે તેમણે સમગ્ર તૈયારીઓ કરી હતી. નવા પ્રવેશેલ વિદ્યાર્થીઓ ત્રણ-ત્રણ કલાક એક-એક મુદ્દાને સમજવા એક પછી એક સ્થિર ટુકડીમાં જઈને અભિમુખ થયા. તા.૦૩ના રોજ બપોર પછી સમાપન કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવેએ અભિમુખતા કાર્યક્રમ વિશે સમાપન વક્તવ્ય આપ્યું. એકંદરે આ પ્રયોગ ઘણો સાર્થક રહ્યો.
- તા.૦૪ના રોજ સારસ્વતભવનમાં જાદુગર યુવરાજ ચુડાસમાનો બે કલાકનો જાદુના ખેલનો કાર્યક્રમ રાખવામાં આવ્યો.
- જમ્મુ-કાશ્મીર અંગે ભારતના બંધારણમાં વિશેષ દરજ્જો આપતી કલમ ૩૭૦ હટાવી લેવાની સાંપ્રત ઘટના સંદર્ભે તા.૦૬ના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી પાર્થેશભાઈ પંડયાએ જમ્મુ-કાશ્મીર અંગે આઝાદી સમયથી શરૂ કરીને વર્તમાન સમય સુધીના સંદર્ભો રજૂ કરતી સચિત્ર વિગતો રજૂ કરી.
- તા.૦૬ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'મહિલા કિસાન દિવસ'ની ઉજવણી કરવામાં આવી.
- તા.૦૬ના રોજ અધ્યાપન મંદિરમાં 'હિરોશીમા દિવસ' નિમિત્તે તાલીમાર્થીઓ દ્વારા પાવરપોઈન્ટ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું. આ નિમિત્તે શ્રી અરુણભાઈ દવેએ ઉપસ્થિત રહી વિશ્વશાંતિ અને પરમાણુ શક્તિના વિવેકપૂર્ણ ઉપયોગ પર રસપ્રદ સમજણ આપી.
- તા.૦૮ના રોજ બી.એડ.-બેઝિકના રોસ્ટર રજીસ્ટર વેરિફિકેશન તેમ જ એન.ઓ.સી. કેમ્પમાં શ્રી ધીરુભાઈ રાઠોડ અને શ્રી રીતેશભાઈ પંડયા ગાંધીનગર જઈ આવ્યા.
- તા.૦૮ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના સજીવ ખેતી મુખ્ય વિષયના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાયોગિક પ્લોટમાં મલ્ચિંગ કરવામાં આવ્યું. આ પ્રાયોગિક કાર્ય માટે શ્રી વીરાભાઈ ચાવડા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.
- તા.૦૯ના રોજ NAACની પૂર્વ તૈયારીના ભાગરૂપે મ.કૃ. ભાવનગર યુનિવર્સિટીના ડૉ. કુમાર સાથે માર્ગદર્શન માટે શ્રી કાંતિભાઈ ગોઠી, શ્રી હસમુખભાઈ સુથાર, શ્રી યોગેશભાઈ ત્રિવેદી, શ્રી વિશાલભાઈ જોશી, શ્રી શ્રીધરભાઈ ગજ્જર અને શ્રી કુમારભાઈ પુરોહિત જઈ આવ્યા.
- ગ્રામદક્ષિણામૂર્તિ-મણાર મુકામે યોજાએલ પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળાના આ વખતના વક્તા અને લોકભારતીના પૂર્વ અને સન્માનિત વિદ્યાર્થી તથા 'શાશ્વત ગાંધી'ના સંપાદક શ્રી રમેશભાઈ સંઘવી મણાર જતાં પહેલાં તા.૦૯ના રોજ પરિવાર સાથે લોકભારતી આવીને રહ્યા.
- ગ્રામદક્ષિણામૂર્તિ-મણાર મુકામે યોજાયેલ પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળામાં ભાગ લેવા લોકભારતીથી કેટલાંક કાર્યકરો જઈ આવ્યાં.
- તા.૧૧ના રોજ લોકસેવા બી.આર.એસ. અને એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓનો ખજાનાની શોધ(પ્રકૃતિ દર્શન)નો કાર્યક્રમ યોજાઈ ગયો.
- સ્વાતંત્ર્ય દિન ઉજવણીમાં મહેમાન તરીકે જાણીતા ચિંતક અને શિક્ષણવિદ શ્રી સુભાષભાઈ ભટ્ટે ધ્વજવંદન કરાવી ટૂંકું પ્રાસંગિક ઉદબોધન કર્યું. રક્ષાબંધન પર્વની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી. મુખ્ય મહેમાન તરીકે જાણીતા

વક્તા અને ઉદ્ઘોષક સુશ્રી નેહલબેન ગઢવી ઉપસ્થિત રહ્યાં અને એમણે પ્રસંગોચિત અને વિદ્યાર્થીઓને રસ પડે તેવું વક્તવ્ય આપ્યું. આભારવિધિ શ્રી જયવંતસિંહજી ગોહિલે કરી. બપોરના સમૂહભોજનનો કાર્યક્રમ રહ્યો. રાત્રે વિદ્યાર્થીઓએ ત્રણેક કલાકનો સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો.

- તા.૧૬ના રોજ શ્રી મહાવીરસિંહજી ગોહિલે અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓને બાળગીતોનો આસ્વાદ કરાવ્યો.
- તા.૧૬ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા 'ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી.
- દંગાપરા પ્રાથમિક શાળાના બાળકોએ તા.૧૮ના રોજ લોકભારતીની તેમની મુલાકાત દરમિયાન અધ્યાપન મંદિરમાં રાસ-ગરબાનો ખૂબ સરસ કાર્યક્રમ રજૂ કર્યો.
- તા.૧૮મીના રોજ સાયં પ્રાર્થના પછી લોકભારતી વિદ્યાર્થી મંત્રીમંડળની આમ સભા રહી. તેમાં ગત વર્ષની મંત્રીમંડળની કામગીરીની લેખિત પ્રશ્નો અને પૂરક પ્રશ્નો પૂછીને સમીક્ષા કરવામાં આવી તથા જૂના મંત્રીમંડળે નવા મંત્રીમંડળને કાર્યભારનો હવાલો સોંપ્યો. મંત્રીમંડળના અધ્યક્ષ તરીકે ગૃહ વિભાગના સંયોજકશ્રી જયવંતસિંહજી ગોહિલે બહુ ધીરજપૂર્વક ત્રણેક કલાક(૦૭-૩૦થી ૧૨-૦૦) આમસભાનું સંચાલન કર્યું. આમસભા દરમિયાન ગૃહ વિભાગના સમગ્ર સંકલન સમિતિના શ્રી કાંતિભાઈ ગોઠી અને શ્રી ભાવનાબહેન પૂરો સમય ઉપસ્થિત રહ્યાં.
- તા.૧૯થી ૨૧ અધ્યાપન મંદિરના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓની ઇન્ટર્નશીપ યોજાઈ. જેમાં તેઓએ દક્ષિણામૂર્તિ બાલમંદિર, શિશુવિહાર અને અંધઉદ્યોગ શાળાની શૈક્ષણિક મુલાકાત લીધી.
- તા.૨૦ના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને વિદ્યાર્થી મંડળના નિવૃત્ત થતા મહામંત્રી શ્રી મિલનભાઈ અને નવનિયુક્ત મહામંત્રી શ્રી મહિમાબહેને વિદ્યાર્થીઓને લોકભારતીની આચારસંહિતા બરાબર રીતે પાળવા અંગે બહુ સરસ રીતે હૃદયથી અપીલ કરી. અંતમાં શ્રી અરુણભાઈ દવેએ પણ તેમાં સૂર પુરાવીને વિદ્યાર્થીઓને લોકભારતીની આચારસંહિતા પાળવા સંદર્ભે ગંભીરતાપૂર્વક ધ્યાન દોર્યું.
- લોકભારતીના પૂર્વ અને સન્માનિત વિદ્યાર્થી અને સુરેન્દ્રનગરમાં બાલાશ્રમના સ્થાપક અને વર્ષોથી શિક્ષણ ક્ષેત્રે કાર્યરત માનનીય શ્રી નાગજીભાઈ દેસાઈનું તા.૨૦ના રોજ નિધન થયું, તેમના શ્રદ્ધાંજલિ કાર્યક્રમમાં તા.૨૨ના રોજ લોકભારતીથી ઘણાં કાર્યકરો જઈ આવ્યાં.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુક્લ તા.૨૨ અને ૨૬ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા યોજિત મિટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.
- તા.૨૪ના રોજ જન્માષ્ટમી નિમિત્તે સારસ્વત ભવનમાં લોકભારતી પરિવારજનોની હાજરીમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરવામાં આવી.
- તા.૨૫ના રોજ લોકભારતીના પૂર્વ કાર્યકર શ્રી વિઠ્ઠલભાઈ વાછાણી અને તેમની સાથે જોડાયેલા બીજા ચારેક મિત્રો લોકભારતી આવીને રહ્યા અને ગોશાળાના વિકાસ અંગેની કેટલીક ચર્ચા-વિચારણાઓ શ્રી અરુણભાઈ દવે સાથે કરી.
- દર્શક પુણ્યતિથિ નિમિત્તે યોજાનારા પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' સ્મારક વ્યાખ્યાનમાળા અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ અંગેની વિગતો રજૂ કરતું વીડિયો ક્લિપ્સ સાથેનું તથા આ કાર્યક્રમના મુખ્ય વક્તાશ્રીનો પરિચય આપતું વિદ્યાર્થી ભોગ્ય વક્તવ્ય શ્રી કાંતિભાઈ ગોઠીએ તા.૨૭મીના રોજ સાયં પ્રાર્થનાના અનુસંધાને રજૂ કર્યું.
- તા.૨૯મીના પૂ. મનુભાઈ પંચોળી 'દર્શક' વ્યાખ્યાનમાળાનો સત્તરમો મણકો અને પૂર્વ વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાઈ ગયો. તેમાં સંગીતવૃંદના ગીતગાન પછી શ્રી અરુણભાઈ દવેએ આવકાર તથા કાર્યક્રમની પ્રાસંગિક ભૂમિકા

રજૂ કરી. વ્યાખ્યાનમાળાના આ સત્તરમા મણકાના મુખ્ય વક્તા ઋજુ પ્રકૃતિના સહૃદયી સાહિત્યકાર માનનીય શ્રી માધવ રામાનુજે "જીવનમાં હકારાત્મક અભિગમ" વિષય ઉપર સૌને રસ પડે તેવું વક્તવ્ય રજૂ કર્યું. લોકભારતીના ચાર પૂર્વ વિદ્યાર્થીઓ શ્રી મુક્તાબેન સંઘવી/ભાવસાર-નીલપર(શિક્ષણ અને ગ્રામવિકાસ), શ્રી અરવિંદભાઈ ત્રિવેદી-ભાવનગર(તાલીમ), શ્રી પ્રદીપભાઈ આસ્તિક-સોનગઢ(આયુર્વેદ પ્રચાર-પ્રસાર), શ્રી રવીન્દ્રસિંહજી સરવૈયા-ભાવનગર(કન્યા કેળવણી), શ્રી યોગરાજસિંહજી ગોહિલ-સોનગઢ(ખેતપેદાશોનું મૂલ્યવર્ધન)નું શાલ-સન્માનપત્ર અને રૂપિયા અગિયાર હજારની ધનરાશિનો ચેક અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું. છેલ્લા ત્રણેક વર્ષથી પૂર્વ વિદ્યાર્થી સન્માન વેળાએ સન્માનિત વિદ્યાર્થી પાસે અગાઉથી તૈયાર કરાવેલી પાંચેક મિનિટની તેમનાં કાર્યો વિશેની વીડિયો ક્લિપ્સ રજૂ કરવાનું શરૂ કરેલ છે, જે માધ્યમ ઘણું અસરકારક, પ્રભાવક અને આકર્ષક રહ્યું છે. આ કાર્યક્રમમાં લોકભારતીના અનેક શુભેચ્છકો ઉપસ્થિત રહ્યાં. કાર્યક્રમનું આભાર દર્શન શ્રી રામચન્દ્રભાઈ પંચોળીએ કર્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વિશાલભાઈ જોશીએ કર્યું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં લોકભારતીના સમગ્ર કાર્યકરો અને વિદ્યાર્થીઓએ જહેમત ઊઠાવી. લોકભારતીની સફાઈ, સુઘડતા, સમયપાલન અને સમગ્ર વ્યવસ્થા અંગે સૌ મહેમાનોએ સંતોષ વ્યક્ત કર્યો. આ કાર્યક્રમનું યુ-ટ્યુબના માધ્યમથી જીવંત પ્રસારણ પણ કરવામાં આવ્યું.

- તા.૩૦ના રોજ ભાદરવી અમાસના સાંઢીડા મુકામે ભરાતા મેળામાં લોકશિક્ષણના એક કાર્યક્રમ તરીકે વિદ્યાર્થીઓએ ભાગ લીધો અને વિદ્યાર્થી મંડળના સહયોગથી સુદર્શન ઉકાળો, સ્વચ્છ પાણીનું પરબ અને ગાંધી-૧૫૦ નિમિત્તે પ્રદર્શન સ્ટોલની વ્યવસ્થા ઊભી કરી. મેળા પૂર્વેની અને પછીની સફાઈ કરવામાં આવી.
- તા.૩૧ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના બી.આર.એસ.ના કૃષિના વિદ્યાર્થીઓ કપાસ-બિયારણના પ્લોટ-નિદર્શન માટે ભુતિયા ગામે જઈ આવ્યા. શ્રી યોગેશભાઈ ત્રિવેદી સાથે જોડાયા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન વિવિધ વિષયો પર ૧૦ તાલીમ વિવિધ ગામોમાં યોજાઈ ગઈ, જેમાં ૩૯૦ ખેડૂત ભાઈ-બહેનોએ ભાગ લીધો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન કપાસના પાકના ઉમરાળા તાલુકાના ઠોંડા મુકામે અને ટમેટાંના પાકનાં ગુંદી મુકામે અગ્ર હરોળ નિદર્શન આપવામાં આવ્યાં.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા એસ.એમ.એસ. એગ્રો એડવાઈઝરી દ્વારા ૩૮૮૧૭ ખેડૂતોને સમગ્ર માસ દરમિયાન માહિતી આપી. ટેલિફોનિક હેલ્પલાઇનની મદદથી ૫૫૭ ખેડૂતોને માર્ગદર્શન આપ્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન કુલ ૧૯ વ્યાખ્યાન યોજાયાં, જેમાં ૧૩૩૮ ખેડૂતોએ લાભ લીધો.
- ગુજરાત શિક્ષણ અને સંશોધન પરિષદ, ગાંધીનગરના ગુજરાતના દરેક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના બી.એડ્.ના તાલીમાર્થીઓ લોકભારતીના ભાવાવરણમાં ચાર-ચાર દિવસના શૈક્ષણિક સેમિનાર 'હું શિક્ષક છું'માં આવીને રહે તેવા આયોજનમાં આ માસ દરમિયાન જુદી જુદી છ બેચ(કઠલાલ, ભાવનગર, નવસારી, સુરત, ગાંધીનગર, નર્મદા, વડોદરા અને ઈડર)માં બસો ત્ર્યાંશી તાલીમાર્થીઓએ લોકભારતીના ભાવાવરણમાં રહેવાનો લ્હાવો મેળવ્યો. એનું સમગ્ર સંચાલન શ્રી પાર્થેશભાઈ પંડ્યા, શ્રી શિવાનીબહેન અને શ્રી અમૃતાબહેન બધેકાએ સુચારુ રૂપે કર્યું. આવેલા તાલીમાર્થીઓ લોકભારતીના ભાવાવરણથી અત્યંત પ્રભાવિત થઈને ગયાં.

- શ્રી અરુણભાઈ દવે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન ભાવનગરના કાર્યક્રમોમાં હાજરી આપવા તા.૩-૪ ભાવનગર જઈ આવ્યા. તા.૯થી ૧૨ માઈધાર નિવાસ કરી આવ્યા. વચ્ચે તા.૧૧મીએ મણાર ખાતે પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળામાં પણ ઉપસ્થિત રહ્યા. તા.૧૮મીએ વળાવડ ખાતે કન્યા વિદ્યાલયના વાર્ષિકોત્સવ પ્રસંગે અધ્યક્ષીય પ્રવચન કરી, તા. ૨૨મીએ વ્હાલા નાગજીબાપાને શ્રદ્ધાંજલિ આપવા અન્ય કાર્યકરો સાથે સુરેન્દ્રનગર જઈ આવ્યા.

**આંબલા સમાચાર**

- તા.૭ના રોજ આચાર્ય તરીકે શ્રી વાઘજીભાઈ કરમટિયા જોડાયા. તેઓનો સ્વાગત કાર્યક્રમ રાખવામાં આવ્યો.
- તા.૦૭ના રોજ ટાગોર પુણ્યતિથિ નિમિત્તે છાત્રાલય તથા વર્ગ સુશોભન કાર્યક્રમ રાખવામાં આવ્યો.
- એસ.બી.આઈ.-ભાવનગર તથા આંબલા શાખા દ્વારા નાણાકીય સાક્ષરતા અભિયાન કાર્યક્રમ રાખવામાં આવેલ, જેમાં શ્રી પંડયાસાહેબ દ્વારા માહિતી આપવામાં આવી.
- તા.૦૮ના રોજ શ્રી વાઘજીભાઈ કરમટિયાના ગુરુકૂળ-સોનગઢ ખાતે યોજાયેલ વિદાય કાર્યક્રમમાં કાર્યકર ભાઈઓ-બહેનો જઈ આવ્યાં.
- તા.૧૧ના રોજ મણાર મુકામે પંડિત સુખલાલજી વ્યાખ્યાનમાળામાં સમગ્ર વિદ્યાર્થીઓ તથા કાર્યકર્તાઓ જઈ આવ્યા.
- તા.૧૫ના રોજ સ્વાતંત્ર્યપર્વ નિમિત્તે આંબલા પ્રાથમિક શાળાના નિવૃત્ત આચાર્યશ્રી સુખાભાઈના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું.
- તા.૧૫ના રોજ રક્ષાબંધનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો, જેમાં સોનગઢ ગુરુકુળના શ્રી જાનીભાઈએ વકતવ્ય આપ્યું તેમજ વિદ્યાર્થીઓ દ્વારા પણ રજૂઆત કરવામાં આવી.
- તા.૧૬ના રોજ રાત્રીના સમયે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની રજૂઆત કરવામાં આવી.
- તા.૨૭ના રોજ 'હાર્ટફુલનેસ' સંસ્થામાંથી શ્રી રામભાઈ તથા અરવિંદ મિલના માલિક શ્રી પુનિતભાઈ અમદાવાદથી સંસ્થા મુલાકાતે આવી ગયા.
- તા.૨૯ના રોજ દર્શક પુણ્યતિથિ નિમિત્તે સૌ કાર્યકર ભાઈ-બહેનો લોકભારતી જઈ આવ્યાં.
- તા.૩૦ના રોજ તિરુપતિ મંદિર-આંબલા મુકામે યોજાતા ભાદરવી અમાસના મેળામાં સૌ વિદ્યાર્થીઓએ આનંદભેર ઉત્સાહથી ભાગ લીધો.
- મ.કૃ.ભાવનગર યુનિવર્સિટી-ભાવનગરના કુલપતિશ્રી ચાવડાસાહેબ સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- નંદકુવરબા કન્યા વિદ્યાલયના શ્રી રવિન્દ્રસિંહજી સરવૈયા સંસ્થાની મુલાકાતે આવી ગયા.
- દર્શક પુણ્યતિથિ નિમિત્તે પ્રાર્થનાના અનુસંધાને શ્રી ફાજલભાઈ ચૌહાણે દર્શકદાદા સાથેના પોતાના અનુભવો વિશે વિદ્યાર્થીઓને વાતો કરી.

**મણાર સમાચાર**

- તા.૦૧થી ૧૫ સુધી સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી કરવામાં આવી. જેમાં સ્વયંસેવકો (વિદ્યાર્થી-વિદ્યાર્થિની-કાર્યકરો) દ્વારા વિવિધ સ્થળોની સફાઈ, સ્વચ્છતા રેલી, સ્વચ્છતા-સેમિનાર અને સ્વચ્છતા જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યાં. તેમ જ પૂર્ણાહુતિ દરમિયાન ગીતો તથા નાટકો વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યાં.
- તા.૦૭ના રોજ નવનિયુકત આચાર્યશ્રી ડાયાભાઈ ડાંગરનો આવકાર-સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ સમારંભના અધ્યક્ષ તરીકે ગ્રામીણ આચાર્ય સંઘના પ્રમુખ અને જસપરા હાઈસ્કૂલના આચાર્ય શ્રી ગોવિંદભાઈ ઉપસ્થિત રહ્યા.
- સ્વ. મૃદુલાબેન પ્ર. મહેતાની સ્મૃતિમાં પંડિત સુખલાલજી સ્મારક વ્યાખ્યાનમાળાનો ૨૭મો મણકો તા.૧૧ના રોજ યોજાઈ ગયો. મુખ્ય વકતા તરીકે જાણીતા કેળવણીકાર, સાહિત્યકાર, ગાંધી

વિચારના મર્મજ્ઞ-અભ્યાસુ અને ઋજુ પ્રકૃતિ ધરાવતા શ્રી રમેશભાઈ સંઘવીએ 'યોગ, ઉદ્યોગ અને કેળવણી' વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું. તેમ જ આંબલા-મણાર બંને લોકશાળાઓના નવનિયુક્ત આચાર્યશ્રીઓને શ્રી રમેશભાઈ સંઘવી અને શ્રી અરુણભાઈ દવેના વરદ હસ્તે શાલ તથા પુસ્તકો અર્પણ કરીએ સન્માનવામાં આવ્યા અને આવકાર આપવામાં આવ્યો.

- તા.૧૦ના રોજ 'વિશ્વ સિંહ દિવસ'ની ઉજવણી કરવામાં આવી.
- તા.૧૫ના રોજ સ્વાતંત્ર્યદિન પર્વની ઉજવણીમાં અલંગ ગ્રામપંચાયતના મંત્રીશ્રી ભટ્ટભાઈના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો.
- રક્ષાબંધનના પર્વ નિમિત્તે શ્રી નીલિમાબેન વ્યાસ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં. તેમણે વીડિયો ક્લિપ સાથે સરસ વ્યાખ્યાન આપ્યું.
- ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદની બી.એડ્. કૉલેજની ત્રણ તાલીમાર્થી બહેનો શિક્ષણ નિવાસ પૂર્ણ કરીને ગયાં.
- આ માસમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રી વ્યાસ સાહેબ લોકશાળાની મુલાકાતે આવી ગયા. તેમણે સંસ્થાના પરિણામો, સ્વચ્છતા અને ભાવાવરણ જોઈ ખૂબ જ સંતોષ વ્યકત કર્યો.
- તા.૨૯ના રોજ 'ફીટ ઈન્ડિયા મુવમેન્ટ' કાર્યક્રમ અંતર્ગત વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવા વિવિધ રમતો રમાડવામાં આવી અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ફીટ ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત ડી.ડી. ગિરનાર ઉપર પ્રસારિત થયું તે વિદ્યાર્થીઓએ નિહાળ્યું.
- પૂ. મનુભાઈ પંચોળી વ્યાખ્યાનમાળા કાર્યક્રમમાં અહીંના કાર્યકરો લોકભારતી જઈ આવ્યા.

**(અનુસંધાન પાના નં. ૮૧ ઉપરથી)**

વિચાર સુદ્ધા આપણને હવે નહીં આવે.

જ્ઞાન સાથે ભક્તિનો અનુબંધ કરી એક વિદેશી યુવતી ગાંધીજીના જીવનકાર્યને કઈ રીતે સમર્પિત થઈ જાય છે તેનું પ્રેરક ઉદાહરણ છે મિસ મેડલીન સ્લેડ. બ્રિટિશ નૌકાદળના ઉચ્ચ અધિકારીની સુખી કુટુંબની તે દીકરી. જીવનમાં ખાલીપો લાગ્યા કરે. બિથોવનનું સંગીત સાંભળીને સંતોષ મેળવવાનો પ્રયત્ન કરે, પણ તેને તો ચિરસ્થાયી આનંદની અભીપ્સા હતી. એટલે જ પ્રસિદ્ધ દાર્શનિક રોમારોલાને મળવા ફ્રાંસ જાય છે. તેમણે કહ્યું : "મેડલીન, તું ગાંધીનું પુસ્તક 'સત્યના પ્રયોગો' ધ્યાપૂર્વક વાંચી જા. તેમાં તને ઈશુ દેખાશે." મેડલીન તે પુસ્તક ધ્યાનપૂર્વક વાંચી ગઈ અને એટલી પ્રભાવિત થઈ ગઈ કે તેણે ગાંધીને પોતાના ગુરુપદે સ્થાપવાનું મનોમન નક્કી કર્યું. સાબરમતી આશ્રમમાં ગાંધીના સાંનિધ્યમાં તેણે રહેવાનું હતું એટલે જમીન પર સૂતાં તે શીખી ગઈ. શાકાહારી ભોજનની ટેવ પાડી. કાતણ-વણાટની આવડત કેળવી લીધી. હિન્દી ભાષાનો અભ્યાસ શરૂ કરી દીધો. અને પછી ઈ.સ. ૧૯૨૫માં ૩૩ વર્ષની વયે તે અમદાવાદ પહોંચી ગઈ. ગાંધીએ તેનું નામ પાડ્યું 'મીરાં'. મેવાડનાં મીરાંબાઈની જેમ 'મેરે તો ગાંધી-ગોપાલ દૂસરા ન કોઈ', ગાંધીના કાર્યમાં ઓતપ્રોત થઈ ગઈ. ખાદીની જાડી સાડી પહેરી બાપુના દૂત તરીકે તેમના વિચારો સમજાવા દેશ-વિદેશના અનેક પ્રવાસો કર્યા.

તમે બધા આવતીકાલે વિશાળ સમાજમાં જવાના. કોઈ પ્રાથમિક-માધ્યમિક શાળાના શિક્ષક થશે તો કોઈ સ્વૈચ્છિક સંસ્થામાં સામાજિક શિક્ષકની જવાબદારી સંભાળશે. તમને ગુરુની વાત, ગુરુપદની ગરિમા-ગૌરવ બરાબર સમજાઈ ગયાં હશે તો, તમે પગાર મેળતા કર્મચારી Employee તરીકે જ કામ નહીં કરો પણ નિસ્બત સાથે-ઋણભાવ સાથે કામ કરવા લાગી જશો. આમાં જે આનંદ તમને મળશે તે પહેલી તારીખે તમને મળતા પગાર કરતા અનેક ગણો વધારે હશે.

તમારા સૌના આનંદી-સુખમય-શાંતિમય જીવનની શુભેચ્છાઓ.

(૨૦૨, 'ઓર્કિડ' ફ્લેટ, તસ્કીન સોસાયટી, શુકલનગર ચારરસ્તા, સમા, વડોદરા-૩૯૦૦૦૨. મો. ૯૪૨૬૪૬૧૦૯૦)